# ૨-ધર્મનો પુનરુદ્ધાર.

ग्लानिं धर्मस्य वीक्ष्यैवं
समाजस्य च दुर्दशाम्
उत्तिष्ठत तदुद्धारे
सम्भूय सज्जनाः

(લેખક)

—ન્યાયવિજય.

परमपूज्यपाद-श्रीविजयधर्मसूरि-गुरुभ्यो नमः

# વીર-ધર્મનો પુનરુદ્ધાર.

લેખક—

ન્યાયવિશારદ—ન્યાયતીર્થ

**શ્રીન્યાયવિજયજી મહારાજ.**

વીર સં. ૨૪૫૭ ધર્મ સં. ૯ વિ. સં. ૧૯૮૭

ચતુર્થ સંસ્કરણ.

પ્રતિ-સંખ્યા ૧૦૦૦

અમૂલ્ય

પ્રકાશક:—
શ્રીજૈનયુવકસંઘ,
ઘડીયાળી પોળ–વડોદરા.

સ્વ. નગીનલાલ જેચંદ ગલીયારા
( જન્મ ઇ. સન્ ૧૮૯૯, મૃત્યુ ઇ. સન્ ૧૯૩૦
ધનતેરસ ) તેમના પુણ્ય સ્મરણાર્થે
આર્થિક સહાયક—
શ્રી. છગનલાલ વમલચંદ ગલીયારા,
કઠોર ( સુરત )

મુદ્રક :—
ઠક્કર અંબાલાલ વિઠ્ઠલભાઇ
લુહાણામિત્ર સ્ટીમ પ્રિં. પ્રેસ
રાવપુરા–વડોદરા.
તા. ૧૫–૧–૩૧

# આ પુસ્તકની લોકપ્રિયતા.

આ પુસ્તકની પહેલી આવૃત્તિ વિક્રમ સંવત ૧૯૮૪ ના ચતુર્માસમાં પ્રગટ થઇ હતી. એ પછી વિ૦ સં૦ ૧૯૮૫ ના ચતુર્માસમાં બીજી અને ત્રીજી આવૃત્તિઓ પ્રગટ થઇ. આજે હવે આ પુસ્તકની ચોથી આવૃત્તિ પ્રગટ કરવાનો સુયોગ સદ્દભાગ્યે અમને પ્રાપ્ત થાય છે.

આમ ઉપરાઉપરી થોડા થોડા આન્તરે એક પછી એક આવૃત્તિઓ આ પુસ્તકની નિકળતી જાય એ આ પુસ્તકની લોકપ્રિયતાનું પ્રમાણ વધતું જતું પુરવાર કરે છે. આ પુસ્તકનું વસ્તુવર્ણન અને લેખન-શૈલી સમાજમાં એટલાં રોચક થઇ પડયાં છે કે, શું વૃદ્ધો કે શું યુવાનો, શું પુરૂષો કે શું સ્ત્રીઓ, બધા એક સરખી ચાહથી આ પુસ્તકને વાંચી જવા ઉત્સુક બને છે. આમાંનાં કેટલાંક પ્રકરણો સમગ્ર હિન્દુ સમાજને ઉપયોગી હોઇ, જૈનેતર નર-નારીઓ પણ આનું અધ્યયન કરવા ખાસી રીતે પ્રેરાય છે.

આ પુસ્તકના આર્થિક સહાયક વિદ્યાનુરાગી, દેશભક્ત અને ઉચ્ચ સુધારકની મનોભાવનાવાળા છે અને જેમનો દાન-પ્રવાહ દેશ, સમાજ અને ધર્મની ઉન્નતિની દિશામાં ખૂબ ચાલુ રહે છે, તેઓએ આ પુસ્તકને પુનઃ પ્રકાશનમાં મૂકી તેનો વિશેષ ફેલાવો કરવાની જે પુણ્ય પ્રેરણા અર્પી છે તે માટે અમે તેમના આભારી છીએ.

આશા છે કે વાચકો મધ્યસ્થ દૃષ્ટિએ વાંચવા-વિચારવા તસ્દી લેશે, તો આમાંથી ઘણું મેળવી શકશે.

પોષ-શુદિ ૧૦
વિ૦ સં૦ ૧૯૮૭

પ્રકાશક.

# વિષયાનુક્રમ.


| વિષય. | પૃષ્ઠ. |
|---|---|
| મુદ્રાલેખ ... ... ... ... ... ... | ૫ |
| અર્પણ ... ... ... ... ... ... | ૧૨ |
| બે-બોલ ... ... ... ... ... ... | ૧૩ |
| નિવેદન ... ... ... ... ... ... | ૧૫ |

એ પછી પુસ્તકનો પ્રારંભ.

| | |
|---|---|
| ઉપક્રમ ... ... ... ... ... ... | ૧ |
| સંગઠન ... ... ... ... ... ... | ૧૧ |
| લગ્ન-સંસ્થા ... ... ... ... ... | ૨૪ |
| દમ્પતિ-ધર્મ ... ... ... ... ... | ૩૯ |
| ગૃહસ્થાશ્રમ ... ... ... ... ... | ૫૭ |
| પુનર્લગ્ન ... ... ... ... ... ... | ૭૩ |
| આરોગ્ય અને બ્રહ્મચર્યાશ્રમ ... ... ... ... | ૯૭ |
| સાધુ-સંસ્થા ... ... ... ... ... | ૧૦૭ |
| અન્તિમ ઉદ્‌ગારો ... ... ... ... ... | ૧૨૮ |

# मुद्रा-लेखः ।

१

**सार्व-धर्मः ।**

दुःखस्य मूलमज्ञानं तेन मुह्यन्ति जन्तवः ।
सत्संगतः सुखाकांक्षी समुच्छेत्तुं तदर्हति ॥ १ ॥
आवश्यकमुपासीत ज्ञानं कर्त्तव्य-गोचरम् ।
यद् विना सर्वशास्त्राणां निष्फला ज्ञानराशयः ॥ २ ॥
मुमुक्षवोऽपि विद्वांसः साम्प्रदायिक-दुर्ग्रहात् ।
क्लिष्टचेतःपरीणामात् जायन्ते कापथोन्मुखाः ॥ ३ ॥
व्युदस्यामुं सदालोकरोधि-कालुष्यकारिणम् ।
जिज्ञासु-शान्त-मध्यस्थवृत्तिना भाव्यमात्मना ॥ ४ ॥
तत्त्वं धर्मस्य सुस्पष्टं मैत्रीभाव-विकासनम् ।
परोपकारनिर्माणं शम-वृत्तेरुपासनम् ॥ ५ ॥
इत्थं धर्ममुपासीना भिन्नदिग्वर्त्तिनोऽपि हि ।
न सन्तः कलहायन्ते धर्म-भेद-निबन्धनम् ॥ ६ ॥
ऐकरूप्यं न सर्वत्र कर्मकाण्डेषु सम्भवि ।
लभन्ते तद्विभेदेपि श्रेयः प्रशम-वृत्तयः ॥ ७ ॥
सद्विचार-सदाचारौ धर्मः सत्यः सनातनः ।
सर्वं तद्व्यतिरेकेण साधनं स्यादसाधनम् ॥ ८ ॥

धर्म-वर्त्मनि खल्वत्र कुतो हिंसादिसम्भवः ।
कुतो विषयलाम्पट्यं कुतोऽन्याहितभावना ॥ ९ ॥
अहिंसा सत्यमस्तेयं ब्रह्मचर्यमलोभता ।
एष धर्मो जगन्मान्यः सार्वभौमः सतां मतः ॥ १० ॥
क्वापि देशे कुले क्वापि क्वापि जातौ मतेऽपि च ।
वर्तमानो पथानेन भावी कल्याण-भाजनम् ॥ ११ ॥

२

प्रबोधनम् ।

प्रज्ञप्ता लोक-लाभाय चतुराश्रम--पद्धतिः ।
ब्रह्मचर्याश्रमस्तत्र जीवनाधार आदिमः ॥ १ ॥
जीवनं नेतुमुच्चत्वं संस्कार्यं प्रथमं वयः ।
तदा-निहित-संस्कारा दृढमूला भवन्ति हि ॥ २ ॥
दुर्वृत्तिपरिहारेण ब्रह्मचर्यपुरस्सरम् ।
विद्याधीतिं सतां संगे कुर्यात् प्रथम आश्रमे ॥ ३ ॥
शारीरीं मानसीं शक्तिं शक्तिमाध्यात्मिकीं तथा ।
सम्पादयेत् समुत्कर्षं ब्रह्मचर्याश्रमे स्थितः ॥ ४ ॥
बलवद्देहसम्पन्ना दृढ-निर्भय-मानसाः ।
तेजस्विनः स्फुरत्प्रज्ञा अस्माज्जायन्त आश्रमात् ॥ ५ ॥
सर्वमंगलसम्पन्नः सर्वकल्याणकारणम् ।
सर्वोन्नतीनामाधारो ब्रह्मचर्याश्रमो मतः ॥ ६ ॥
यथावत् पालितो येन महानाश्रम एषकः ।
महादुर्गविजेतापि तेन स्वल्पकरीकृतः ॥ ७ ॥

विद्या–शिक्षण–शक्तीनां कन्यास्वपि विकासनम् ।
परमावश्यकं पुंवद्, भाविन्यस्ता हि मातरः ॥ ८ ॥
ज्ञानशिक्षणसम्पन्नाः सुशीलास्ता महाशयाः ।
आरुह्य गृहिणीस्थानं द्योतयन्ति गृहाङ्गणम् ॥ ९ ॥
ईदृशो मातरः स्वीयाः सन्ततीर्नेतुमुन्नताम् ।
प्रभवन्ति विशेषेण शिक्षकेभ्यः शतादपि ॥ १० ॥
ईदृशां युवकानां च युवतीनां च तेजसा ।
उज्ज्वलस्य समाजस्य किं ब्रूमोऽभ्युदय–श्रियम् ! ॥११॥
उत्तिष्ठध्वमये ! धीराः ! निद्रामुत्सार्य सत्वरम् ।
अधोगति–मुखीं जातिं समुद्धर्तुं प्रयत्नतः ॥ १२ ॥

३

प्रेरणा ।

ब्रह्म–दण्डं गृहीत्वोच्चैर्बहिरागच्छ कर्मणे ।
आन्दोलय प्रजाः सुप्त–प्रमत्ता आत्म–नादतः ॥ १ ॥
लोक–प्रसादनं सत्य–भाषणं च विरोधिनी ।
आहुत्यापि यशोवादं सत्यं सर्वत्र घोषय ॥ २ ॥
न भेतव्यं न भेतव्यम्, अयि ! लोकापवादतः ।
तुभ्य मत्वा तमारार्टि कटुकौषध–पायने ॥ ३ ॥
कोलाहलेन महता भवितव्यमेव
क्रान्तिर्यदा भवति खल्वभितः प्रजासु ।
उत्थान–बीजकमिहैव निविष्टमासाम्,
उत्पीडनेन हि विना प्रसवोऽपि न स्यात् ॥ ४ ॥

समागतोऽसि मानुष्यं पुरुषोऽसि सुधीरसि ।
विजानीहि स्व-कर्तव्यं भुञ्जते पशवोऽपि हि ॥ ५ ॥
क्षीयमाणमवेक्षस्व समाजं धर्म-मन्दिरम् ।
आवश्यकं च कर्तव्यं तव तत्र विचारय ॥ ६ ॥
उत्तिष्ठोत्तिष्ठ निर्भीकः स्फोरय स्वस्य पौरुषम् ।
समर्पय निजं योगं समाजोत्थान-कर्मणि ॥ ७ ॥
महात्मनो हि माहात्म्यं कर्म-योगोऽयमुत्तमः ।
कल्याणी-भक्तयः सन्तः संचरन्ते पथामुना ॥ ८ ॥

— लेखकः ।

[ १ ]

( ૧ ) દુઃખનું મૂળ અજ્ઞાન છે. તેનાથી જીવો મુંઝાય છે. સુખાભિલાષી સત્સંગદ્વારા તેને ઉચ્છેદી શકે છે.

( ૨ ) 'કર્ત્તવ્ય શું છે ' એ વિષેનું જ્ઞાન, જેની પુરેપુરી જરૂર છે તે મેળવવું જોઇએ; જે વગર સકલશાસ્ત્રોની જ્ઞાન-રાશિ પણ નિરર્થક છે.

( ૩ ) વિદ્વાનો મુમુક્ષુ છતાં સામ્પ્રદાયિક દુરાગ્રહના પરિણામે કષાયકલુષિત ચિત્તપરિણામવાળા બને છે, અને એથી અવળે રસ્તે ઝુકી પડે છે.

( ૪ ) સત્જ્ઞાનને અટકાવનાર અને મલિનભાવ ઉત્પન્ન કરનાર સામ્પ્રદાયિક દુરાગ્રહ મૂકી દઈ પોતાના આત્માને જિજ્ઞાસુ, શાન્ત અને મધ્યસ્થવૃત્તિશાલી બનાવવો જોઇએ.

( ૫ ) ધર્મનું તત્ત્વ તો સ્પષ્ટ છે કે મૈત્રીભાવને વિકસાવવો, પરનો ઉપકાર કરવો અને શમ-વૃત્તિને કેળવવી.

( ૬ ) આ રીતના ધર્મને ઉપાસનારા સજ્જનો જુદી જુદી દિશામાં પ્રવર્તવા છતાં ધર્મ–ભેદના કારણે અરસપરસ કલહ કરતા નથી.

( ૭ ) કર્મકાંડોમાં સર્વત્ર ઐકય કે અભિન્નતા થવી અસંભવિત છે. ક્રિયાકાંડની રીતો જુદી જુદી છતાં શાન્ત વૃત્તિ અને સમભાવ ધરાવનારાઓ આત્મ–કલ્યાણ સાધી શકે છે.

( ૮ ) સદ્‌વિચાર અને સદાચાર એ સત્ય–સનાતન ધર્મ છે. તેના અભાવમાં અન્ય કોઈ પણ સાધન સાધન તરીકેનું કામ બજાવી શકતું નથી.

( ૯ ) આ ધર્મ–માર્ગમાં હિંસાદિનાં આચરણ, વિષયલામ્પટય અને પરદ્રોહબુદ્ધિને અવકાશ કયાંથી હોય.

( ૧૦ ) અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને નિર્લોભતા એ જગન્માન્ય ધર્મને સન્તોએ ‘ **સાર્વભૌમ ધર્મ** ’ કહ્યો છે.

( ૧૧ ) કોઇ પણ દેશ, કોઇ પણ કુલ, કોઈ પણ જાતિ અને કોઈ પણ સમ્પ્રદાયનો માણસ આ માર્ગે વિચરતાં પોતાનું કલ્યાણ અવશ્ય સાધી શકે છે.

[ ૨ ]

( ૧ ) લોકોના ભલા માટે ચાર આશ્રમોની પદ્ધતિ બતાવવામાં આવી છે. તેમાં પહેલું બ્રહ્મચર્યાશ્રમ છે, જે જીવનનો આધાર છે.

( ૨ ) જીવનને ઉચ્ચ બનાવવા માટે પહેલી ઉમ્મરને સંસ્કારિત બનાવવાની જરૂર છે. કેમકે તે વખતના પડેલા–પાડેલા સંસ્કારો દૃઢમૂલ બને છે.

( ૩ ) પ્રથમ આશ્રમમાં, સત્સંગમાં રહી ખરાબ આચરણ ત્યજી, બ્રહ્મચર્ય પાળવા પૂર્વક વિદ્યાધ્યયન કરવામાં આવે છે.

( ૪ ) બ્રહ્મચર્યાશ્રમમાં રહેલો મનુષ્ય, તે મહાન્ આશ્રમમાં સધાતા સદ્‌ગુણોના પ્રતાપે શારીરિક, માનસિક અને આધ્યાત્મિક શક્તિનો વિકાસ પ્રાપ્ત કરે છે.

( ૫ ) આ આશ્રમમાંથી બલવદ્દેહસંપન્ન, દૃઢ-નિર્ભય-માનસ, તેજસ્વી અને પ્રજ્ઞાવાન્ મનુષ્યો ઉત્પન્ન થાય છે.

( ૬ ) નિઃસન્દેહ, સર્વમંગલસંપન્ન, સર્વકલ્યાણ-કારણ અને સર્વ ઉન્નતિઓનો આધાર એવો બ્રહ્મચર્યાશ્રમ છે.

( ૭ ) આ મહાન્ આશ્રમને જેણે બરાબર સેવ્યો છે તેણે મ્હોટો ગઢ જીતનારા યોદ્ધાને પણ મહાત કરી દીધો છે.

( ૮ ) પુરૂષોની જેમ સ્ત્રીઓમાં પણ વિદ્યા, શિક્ષણ અને શક્તિના વિકાસ-સાધનની જરૂર છે. કેમકે તેઓ ભવિષ્યની માતાઓ છે.

( ૯ ) જ્ઞાન-શિક્ષણ-સંપન્ન અને સુશીલ એવી એ મહાશયાઓ ગૃહિણીના પદ ઉપર આવીને ઘરના આંગણાને અજવાળે છે.

( ૧૦ ) આવી માતાઓ પોતાની સંતતિના જીવનને ઉચ્ચ બનાવવામાં સો શિક્ષકો કરતાં પણ વધારે સમર્થ નિવડે છે.

( ૧૧ ) આવા યુવકો અને આવી યુવતિઓના તેજઃપુંજથી જે સમાજ ઉજ્જવળ હોય તેના અભ્યુદયનું શું પૂછવું !

( ૧૨ ) ઓ ! ધીરો ! પ્રમાદ-નિદ્રાને જલદી ઉડાવી અધોગતિ તરફ ધસતા જતા સમાજને ઉદ્ધારવા સારૂ મહાન્ તૈયારી સાથે બહાર આવો !

[ ૩ ]

( ૧ ) * બ્રહ્મ-દંડને બરાબર જોરથી ગ્રહણ કરીને કર્મ-સાધના માટે બહાર આવ ! અને અન્તરના અવાજથી સુપ્ત-પ્રમત્ત પ્રજામાં આન્દોલન મચાવ !

---

* બ્રહ્મચર્યરૂપી દંડ.

( ૨ ) લોકોને રીઝવવા અને સત્ય ભાષણ કરવું. એ એક બીજાથી વિરૂદ્ધ છે. યશોવાદને હોમીને પણ સર્વત્ર સત્યની ઘોષણા કર !

( ૩ ) સુહૃદ ! લોકાપવાદથી ન ડર ! ન ડર !! લોકોના અપવાદપૂર્ણ કોલાહલને એમ સમજ કે તેઓ કડવું ઔષધ પીવરાવતાં રાડ નાંખી રહ્યા છે. અને એમ સમજી મનને પ્રસન્ન રાખ !

( ૪ ) પ્રજામાં ચોમેર ક્રાન્તિ થાય, ત્યારે મહાન્ કોલાહલ થવોજ જોઇએ. એમાંજ સમાજના ઉત્થાનનું બીજ સમાયું છે. ઉત્પીડન વગર તો પ્રસવ પણ નથી થતો !

( ૫ ) માનવરૂપે તેં અવતાર લીધો છે, તું પુરૂષ છે, સમજુ છે, તારા કર્તવ્યને સમજ ! ભોગ તો જાનવરો પણ ભોગવે છે.

( ૬ ) સમાજ એ ધર્મનું મંદિર છે. એની પડતી હાલત પર ધ્યાન આપ ! અને એ બાબતમાં તારૂં અવશ્ય કરવા લાયક કર્તવ્ય શું છે, એનો વિચાર કર.

( ૭ ) ભયને દૂર ફેંકી ઉભો થા ! નીડર બની તૈયાર થા ! તારા પુરૂષાર્થને ફોરવ ! અને સમાજના ઉત્થાન–કાર્યમાં તારો યોગ્ય હિસ્સો આપ !

( ૮ ) મહાત્માનું મહાત્માપણું આ ઉત્તમ કર્મ–યોગના સાધનમાં છે. ઇશ્વર–ભકિતના કલ્યાણમય આનન્દમાં રમનારા સન્તો આ કર્મ–યોગના પંથે વિચરે છે.

# અર્પણ.

**વ્હાલા ઉત્સાહી નવયુવકો !**

વીરધર્મના પુનરુદ્ધારનું કાર્ય કુદરતે તમને અર્પ્યું છે. તે તમેજ કરી શકવાના. તત્કાળ સંગઠન તમારામાં થવાની જરૂર છે. બ્રહ્મચર્યનો પ્રચંડ દંડ ધારણ કરીને કર્મ-ક્ષેત્રમાં ઉતરો ! પ્રજામાં આન્દોલન મચાવો ! સમાજમાં ક્રાન્તિ ઉત્પન્ન કરો ! લોકોમાં 'હો હા ' ખૂબ થવાનો, અને થવોજ જોઇએ. ક્રાન્તિના કોલાહલોમાંથીજ અરૂણોદય પ્રગટે છે. સમય તમને હાકલ મારી રહ્યો છે. સાંભળશો ? તમારી જવાબદારીનો ખ્યાલ કરશો ? સમાજમાં લ્હાય લાગી હોય અને ધર્મનો ડાટ વળવા બેઠો હોય તેવે વખતે તમને એશ-આરામ કેમ સૂઝે ? તમારી ત્યાગભાવના પર તો દેશ, સમાજ અને ધર્મનાં પુનર્વિધાન ઘડાયાં છે. તમે જો "ગળીયા બળદ" થઇ બેસી જાઓ તો તો ગજબ વળી જાય ! તમારી નબળાઇ પર તો સમાજ રસાતલમાં જાય ! અને એનો શરાપ તમારે માથે ઉતરે ! તમારી જુવાનીનો જોશ, તમારૂં ઉછળતું ખમીર, તમારી જ્ઞાન-શિક્ષા અને તમારૂં જીવન-સર્વસ્વ ધર્મની બુઝાતી જ્યોતને પુનઃ પ્રજ્વલિત કરવામાં ખતમ થઇ જવું જોઇએ. ઉઠો ! અને ખંખેરી નાંખો કાયરતાનાં જાળાં ! યાહોમ કરીને કુદી પડો કર્મ-ક્ષેત્રના મેદાનમાં ! શાસન-દેવ તમારો સહાયક છે, અને વીરધર્મના જય-ઘોષની યશોમાળ તમને વરશે.

—લેખક.

# બે–બોલ.

કોઇને આ પ્રકારનું વિચાર-સાહિત્ય વસમું લાગે આકરું લાગે. કડવી દવા પીનાર કેવું મોઢું કરી નાંખે ! તેમ આનાથી પણ થાય. પણ સમાજ–સંશોધનની ભાવના પર એ સહી લેવુંજ રહ્યું. હજુ તો કોઇ કોઇ પાંદડું હાલે છે, પણ ક્રાન્તિનો ગગન–ભેદી ખળભળાટ હવે દૂર નથી.

મોઢું દેખીને તિલક કરનાર, સુધારક નથી. મિયાંની ચાંદે ચાંદ કહેનાર ખુશામદીયો છે. અન્તર્નાદને અવગણી બીજાને મીઠું મનવવું એ માખણીયા ભગતોનું કામ છે. 'હા–જી' આઓની દાનત તો એવી હોય કે—

"વર મરો કે વહુ મરો,
ગોર મહારાજનું ભાણું ભરો."

સમાજ–કલ્યાણને અનુકૂળ જે પોતાને જણાય તેનું નિખાલસ-પણે પ્રતિપાદન કરવું એમાં સુધારકની કસોટી છે. એ કામ ભારે દુષ્કર છે. એમાં આખા સમાજનો અણગમો સહવાની ધીરતા જોઇએ છે. એવા કંટકાકીર્ણ માર્ગના પ્રવાસી દેશોદ્ધારક–ધર્મોદ્ધારક મહાપુરુષોને ભૂરિ ભૂરિ નમન છે.

પણ હું તો અત્યારે એ જોઇ રહ્યો છું કે, આવા વિચારોને રસ–પૂર્વક સાંભળનારા, સાંભળવાનું પસંદ કરનારાઓની સંખ્યા બહુ મ્હોટી છે; જેમાં નવ–યુવક અને નવ–શિક્ષિત સમાજ તો લગભગ આખોય આવી જાય છે. ઉપરાંત વયોવૃદ્ધો, વિચાર–વૃદ્ધો, વિદ્યા–વૃદ્ધો અને ઉંચી ડિગ્રી ધરાવનારાઓ પણ મ્હોટી સંખ્યામાં છે.

વસ્તુતઃ સમય-હવાજ એવી ચાલી રહી છે કે, શુષ્ક રૂઢિવાદ કે અન્ધ-શ્રદ્ધાવાદ અરૂચિના વિષય થઇ રહ્યા છે અને જ્ઞાન-શૂન્ય ક્રિયાઓનું માન ઘટતું ચાલ્યું છે. કોરી લકીરો ભુંસાવા માંડી છે અને સમાજના ઉત્થાનનું કાર્ય સરળ થતું જાય છે. જરૂર છે ફક્ત પ્રબળ અધ્યવસાયસંપન્ન કાર્યકર્તાઓની, જોઇએ હલચલ મચાવનારી ગંભીર ગર્જના અને જોઇએ સ્થિતિચુસ્તોના બુદ્ધિ-ભ્રમોને ખુલ્લા પાડનારો પ્રજ્ઞોન્મેષ. બસ, પછી શાસનનો વિજય છે.

લેખક.

# નિવેદન.

---

જણાવતાં હર્ષ થાય છે કે, આ પુસ્તક ત્રણ ત્રણ આવૃત્તિઓમાં નિકળી ફેલાવો પામવા છતાં હજુ તેની માંગણીઓ બરાબર ચાલુ છે. જો કે કોઇ એક વિભાગને આ પસંદ ન આવે, એ હું કબૂલ કરૂં છું; અને એ બનવા જોગ પણ છે. પણ મારે નિખાલસપણે કહેવું જોઇએ કે સમાજના મ્હોટા ભાગે આ પુસ્તકને જે આદરથી અપનાવ્યું છે એ જોતાં એમ માલૂમ પડે છે કે, નવ–યુગની નવ્ય ભાવનાઓનાં બીજ સમાજમાં પ્રસ્ફુટિત થઇ ચૂકયાં છે. સમાજનો મ્હોટો ભાગ જૂની નિઃસાર વિચારસરણીથી ઉબકી ગયો છે. જીર્ણ વિચારના અસાર ખંડેરમાંથી બહાર નિકળી નૂતન ઉદ્યાનના ભવ્ય પ્રદેશમાં વિહરવાના વિચાર–કલ્લોલો ચોમેર ખળભળી રહ્યા છે. એજ કારણ છે કે, આ પુસ્તક બહાર પડતાંની સાથેજ તેને વધાવી લેવા સંખ્યાબંધ પત્રો છુટયા હતા; જેમાં પ્રશંસાના પુલ બાંધનારાઓથી મારે ફુલી જવાનું ન હોય. મારે તો આક્ષેપોની તરફ ખાસ ધ્યાન આપી, મારી ભૂલ થાય છે કે કેમ, એની તપાસ કરવી રહી. સાચા ધર્મોપદેશક તો લોક–રૂચિ હોય, ચાહે ન હોય, કિન્તુ પોતાના તટસ્થ અન્તર્નાદને અનુરૂપ સત્ય–નિર્દેશ કરતાજ રહે. પણ એટલું મનોબળ કયાં? એટલેજ આપણા જેવા પ્રાણીઓ લોકરૂચિ ભાળીને પ્રોત્સાહિત થાય છે. મારી બાબત પણ એમજ છે. પણ તટસ્થ દૃષ્ટિથી વંચાય અને વિવેક–દૃષ્ટિથી વિચારાય એટલે બસ.

મારૂં નમ્ર મન્તવ્ય છે કે પંચ-મહાવ્રતધારી મુનિરાજો પણ

આવા પ્રકારના ઉપદેશ બરાબર આપી શકે છે. મુનિ એ સંસાર-દાવાનલ-તપ્ત પ્રાણીઓને માટે શીતળ આશ્રમ-સ્થાન છે. ખરેખર—

"चन्दनं शीतलं लोके, चन्दनादपि चन्द्रमाः ।
चन्द्र-चन्दनयोर्मध्ये शीतला साधु-संगतिः" ॥

તેઓ ( મુનિઓ ) જગત્‌નું ભલું કરવા સરજાયલા છે. તેઓ દુખિયા સંસારને શાન્તિ-માર્ગનો ઉપદેશ કરવા નિર્માયલા છે. નબળા સમાજને બળવાન્ અને બહાદૂર બનવાનો ઉપદેશ કરવો એ તેમનો ધર્મ છે. જે નારી-વર્ગ ઉપર સંસાર-સુધાર અને ધર્મ-વૃદ્ધિનો આધાર છે, તે વર્ગને તેમના નારી-ધર્મના આદર્શ-પાઠ શિખવવા અને ગૃહસ્થાશ્રમમાં ઘુસેલા સડાઓને દફનાવી દેવા માટે ગૃહસ્થ-વર્ગના યુવકોને ઉત્તેજિત કરવા, એ તેમનું મહત્ કર્તવ્ય છે. તેઓ જગતના તારક, વિશ્વના ઉદ્ધારક અને સંસારના સુધારક છે. તેમણે કર્મ-યોગની કફની ધારણ કરી છે. પરોપકાર એ તેમના જીવનનો મહા-મન્ત્ર છે.

ભૂખમરાની સળગતી આગમાં કોરી 'ધરમ' 'ધરમ' ની *વાતો શું અસરકારક થાય? ગૃહસ્થાશ્રમની કફોડી હાલતમાં 'ધર્મ-ધ્યાન' ક્યાંથી સૂઝે? નારી-જાતિની અજ્ઞાન-દશામાં ગૃહ-જીવનની દુર્દશા કઇ રીતે દૂર થાય અને ધર્મ-પ્રભાવક રત્નો કેવી રીતે નિપજે? પ્રજાની દુર્બલ, ડરપોક તથા મુડદાલ હાલતમાં ધર્મ-રક્ષણ કેવું? અન્દરથી જે લોહી કોહી ગયું છે, તેની ચિકિત્સા ન થાય તો બહાર કોરી મલમ-પટ્ટીઓ લગાવ્યેથી શું વળે?

નિઃસન્દેહ, ધર્મોદ્ધારને માટે ધાર્મિકોને તૈયાર કરવાની જરૂર છે. મહાન્ આચાર્ય શ્રીસમન્તભદ્રસ્વામીનું વચન છે કે—

"न धर्मो धार्मिकैर्विना"

---

* "ભૂખે ભજન ન હોય ગુપાલા,
યહ લો! અપની કંઠી-માલા."

અર્થાત્-ધર્મની ઉન્નતિ સમાજની ઉન્નતિ પર અવલંબિત છે. સુતરાં, સમાજનાં સ્ત્રી-પુરૂષ એ બન્ને અંગોમાં ઉચ્ચ ભાવનાઓ ભરવાની જરૂર છે, તે બન્નેને સુશિક્ષણ અને સદાચારથી વિભૂષિત બનાવવાની જરૂર છે, તે બન્નેને ગૃહસ્થાશ્રમના આદર્શ પાઠ શિખવવાની જરૂર છે, તે બન્નેને દામ્પત્ય-ધર્મની પવિત્ર શિક્ષા આપવાની જરૂર છે, તે બન્નેમાં ઉત્સાહ તથા બળ રેડવાની જરૂર છે, તે બન્નેમાં આત્મ-સમ્માન અને સંયમ-શકિતના મન્ત્રો ફુંકવાની જરૂર છે, તે બન્નેમાં બહાદૂરી, હિમ્મત અને જોશ ફેલાવવાની જરૂર છે, તે બન્નેમાં ધર્મને માટે મરી ફીટવાનો જુસ્સો ઉભરાય એવી તાકાત પેદા કરવાની જરૂર છે, તે બન્નેમાં સાચી ધાર્મિકતા, સામાજિકતા અને નાગરિકતા પ્રકટાવવાની જરૂર છે અને ટુંકમાં, ધર્મ-રથનાં તે બન્ને ચક્રોને એવી સરખાઇમાં લાવવાની જરૂર છે કે તેમના વડે જગત્ ઉપર ધર્મનો મહાન્ ઉદ્દ્યોત પથરાય.

આ કર્મ-યોગીઓનું કામ છે. આ આદર્શ ત્યાગીઓનું કામ છે. આ મહાવ્રતશાલી મુનિવરોનું કામ છે. ઇતિહાસ સાક્ષી છે કે આવા કર્મ-યોગની સાધના સમય સમય પર મ્હોટા મ્હોટા મુનિ મહાત્માઓ અને આચાર્ય મહારાજાઓ કરતા આવ્યા છે. આજે પણ એવા સેંકડો પ્રાચીન ધર્મ-ગ્રન્થો મોજૂદ છે, કે જેમાંથી આપણુને આવા સામાજિક યા ગૃહસ્થાશ્રમસંબન્ધી ઉપદેશની સુન્દર પ્રસાદી બહોળા પ્રમાણુમાં પ્રાપ્ત થઇ શકે છે. મુનિવરોના મુખથી નિકળતા દેશ, સમાજ કે ગૃહસ્થાશ્રમની સુધારણા વિષેના ઉપદેશ, ભલે તે વ્યાવહારિક ગણાય કે સાંસારિક, પણ વાસ્તવમાં ધાર્મિકજ છે. કેમકે તે ઉપદેશ તે ( રાષ્ટ્રીય કે સામાજિક ) સંસ્થાઓમાં ભરાઈ ગયેલા કાદવ કે મેલને દૂર કરવા પરત્વે છે, પાપ-વાસનાઓ તથા વિષમતાજનિત કલહો અને અશાન્તિનાં દર્દોને શમાવવા પરત્વે છે, નબળાઓને બળનો ટેકો આપવા પરત્વે છે અને અબળાઓમાં

પ્રેરણા રેડી તેમનામાં માનવીય ચેતના-બળ જગાડવા પરત્વે છે. એટલે આવા ઉપદેશોદ્વારા સંસારનું કલ્યાણ કરવું એ મુનિઓનો પરોપકારી ધર્મ છે, એ તેમનું મહત્ કર્ત્તવ્ય છે.

જુઓ ! આચાર્ય હેમચન્દ્ર પોતાના ' યોગશાસ્ત્ર ' માં પ્રથમ પ્રકાશના ૪૭ મા શ્લોકમાં સંસાર-સુધારક ઉપદેશ કરતાં કેવું લખે છે:—

**" कुल-शीलसमैः सार्धं कृतोद्वाहोऽन्यगोत्रजैः "**

અર્થાત્—' ગૃહસ્થ સરખા કુલ-શીલવાળા અને જુદા ગોત્રવાળા સાથે વિવાહ કરનાર હોય.

આની વ્યાખ્યામાં તે આચાર્ય મહારાજ, અગ્નિ-દેવાદિની સાક્ષીમાં પાણિ-ગ્રહણને ' વિવાહ ' બતાવી, તેના બ્રાહ્મ, પ્રાજાપત્ય, આર્ષ, દૈવ, ગાન્ધર્વ, આસુર, રાક્ષસ અને પૈશાચ એમ આઠ ભેદો જાહેર કરે છે અને એ આઠ પ્રકારના વિવાહોમાં આદિના ચારને ધર્મ્ય બતાવી શેષ ચારને અધર્મ્ય બતાવે છે. વળી આગળ વધીને તેઓ ત્યાં સુધી લખે છે કે—

**" यदि वधू-वरयोः परस्परं रुचिरस्ति तदा अधर्म्या अपि धर्म्याः "**

અર્થાત્—જો વહુ-વરની પરસ્પર પ્રેમ-રુચિ હોય તો તે અધર્મ્ય કહેવાતા વિવાહ પણ ધર્મ્ય બની જાય છે.

વિવાહનું ફળ જણાવતાં તેઓ ફરમાવે છે કે—

**शुद्धकलत्रलाभ-फलो विवाहः । अशुद्धभार्यादियोगेन नरक एव । तत्फलम्—वधूरक्षणमाचरतः सुजातसुत-सन्ततिः, अनुपहता चित्तनिर्वृतिः, गृहकृत्यसुविहितत्वम्,**

**आभिजात्याचारविशुद्धत्वम्, देवातिथिबान्धवसत्कारानवद्यत्वं च । "**

અર્થાત્ ' શુદ્ધ પત્નીનો લાભ થવો એ વિવાહનું ફળ છે. અશુદ્ધ સ્ત્રી મળતાં ઘર નરક બને છે. વિવાહનું ફળ એ છે કે, પત્નીનું રક્ષણ કરનાર પતિને સારી પુત્ર-સન્તતિનો લાભ, નિરાબાધ ચિત્ત-શાન્તિ, ઘર-કાર્યની સુવ્યવસ્થા, સત્કુલાચાર-વ્યવહારશુદ્ધિ અને દેવ--ગુરૂ-અતિથિ-બાન્ધવોના સત્કાર-સન્માનનો આનન્દ-લાભ.

હેમચન્દ્રની પૂર્વે, હરિભદ્રસૂરિના " ધર્મ-બિન્દુ " ની ટીકામાં મુનિચન્દ્રસૂરિએ પણ આ પ્રકારનું નિરૂપણ કર્યું છે.

વાચક ! એક મુનિ યા આચાર્યને આવી સંસારની કથા માંડવી શોભે કે ? શા માટે ન શોભે ? એ તેમની ફરજ છે. એવા મહાન્ પુરૂષો સંસારસુધારના ઉપદેશ નહિ આપે તો પછી સંસારભોગલિપ્ત ગૃહસ્થનું કોણ સાંભળે તેમ હતું ?

' વિવેકવિલાસ ' માં તેના રચયિતા આચાર્ય શ્રીજિનદત્તસૂરિજી સંસાર-સુધારાનો ઉપદેશ કરતાં કેટલે દૂર સુધી ચાલ્યા ગયા છે, એ ખાસ ધ્યાન આપવા જેવી બાબત છે. તે આચાર્યે તે ગ્રન્થમાં શૌચ, કસરત, દાતણ, સ્નાન, ભોજન-વિધિ અને પાન-બીડાં ખાવાની બાબતમાં તથા એવી અનેક દુન્યવી બાબતોમાં બહુ વિચાર કર્યો છે અને યોગ્ય રીતે સંસાર-વ્યવહારસંબંધી ઉપદેશ કર્યો છે. તેમણે રાજ-નીતિ, વાણિજ્ય-નીતિ અને શેઠ-શાહુકાર-નીતિના આદર્શો સમજાવવા પણ પ્રયત્ન સેવ્યો છે. તેમણે કઇ ઋતુમાં કેવી રીતે વર્તવું એ ઉપર પણ પ્રકાશ પાડયો છે. બીજી પણ અનેક ગૃહસ્થ-જીવનને લાભકારી બાબતો પર તેમણે નિરૂપણ કર્યું છે. પત્ની-ધર્મના સંબંધમાં પણ તેમણે ખૂબ વિવેચન કર્યું છે. જુઓ ! જરા નમૂનો—

" प्रसन्नचित्त एकान्ते भजेन्नारीं नरो यतः ।
यादृङ्मनाः पिताऽऽधाने पुत्रस्तत्सदृशो भवेत् ॥ "

અર્થાત્—'ગૃહસ્થ પત્ની-સંગ કરે તો એકાન્તમાં પ્રસન્ન ચિત્તથી. કેમકે તે સમયમાં પિતા જેવા મનવાળો હોય છે, તેવા પ્રકારનો પુત્ર ઉત્પન્ન થાય છે.'

આવી વિષય-કથામાં ઉતરનારા જૈન સાધુઓને આપણે કેવા ગણવા? જગતના તારણહાર ગણવા. તે મહર્ષિઓએ દુનિયા ઉપર પોતાની જ્ઞાનજ્યોતિનો વિસ્તાર ન કર્યો હોત તો આજે આ જગત્ અજ્ઞાનના અન્ધ-કૂપમાં પડેલું હોત. તેમની સમજમાં ગૃહસ્થાશ્રમ એ સર્વ આશ્રમોનું મૂળ હતું. તેઓ ગૃહસ્થાશ્રમને સર્વ ધર્મ-ક્ષેત્રોનો આધાર સમજતા હતા. અને એજ કારણ છે કે, ધર્મવૃદ્ધિને માટે પણ ગૃહસ્થાશ્રમની ઉન્નતિ તેમને બહુ આવશ્યક જણાઇ. તેમને એ સ્પષ્ટ સમજાતું હતું કે વિશ્વનું કલ્યાણ કરવું, એટલે લગભગ ગૃહસ્થાશ્રમનું કલ્યાણ કરવું, જગતનો ઉદ્ધાર કરવો એટલે લગભગ ગૃહસ્થાશ્રમનો ઉદ્ધાર કરવો અને સંસારનો સુધારો કરવો એટલે લગભગ ગૃહસ્થાશ્રમનો સુધારો કરવો. કેમકે વિશ્વ, જગત્ કે સંસાર એ લગભગ ગૃહસ્થાશ્રમરૂપજ છે. સાધુ-જીવનનો પ્રવાસ તો ઇશ્વરીય દરબારની સડક ઉપર હોય છે, અને તેવાઓની સંખ્યા પણ થોડી હોય છે. જેવી રીતે કે—

" शैले शैले न माणिक्यं मौक्तिकं न गजे गजे ।
साधवो नहि सर्वत्र चन्दनं न वने वने ॥ "

તે ધર્મોપદેશક મુનિવરોને એ દીવા જેવું ચોકખું દેખાતું હતું કે-ગૃહસ્થાશ્રમની વ્યવસ્થા જો સુંદર હશે તોજ તેમાંથી સાધુઓ અને સાધ્વીઓ સરસ પાકવાના, મંદિરાદિ ધર્મ-ક્ષેત્રો પણ સુંદર બનવાનાં અને તે સર્વની પૂજા-સેવા તથા રક્ષા ઉત્તમ પ્રકારે થવાની.

યોદ્ધાઓ અને બોદ્ધાઓ, ત્યાગીઓ અને વૈરાગીઓ, ધીરો અને વીરો, શ્રીમાનો અને ધીમાનો, અધિકારીઓ અને અમલદારો, દેવીઓ અને સતીઓ, બધા એજ આશ્રમમાંથી નિષ્પન્ન થવાના. આમ ગૃહસ્થાશ્રમરૂપી બગીચાને સુપલ્લવિત બનાવવાનું તેમને બહુ યોગ્ય, જરૂરી અને શ્રેયસ્કર લાગ્યું. અને એટલા માટે તેમણે ગૃહસ્થોના વ્યવહાર–ધર્મનાં સર્વ અંગો ઉપર પ્રકાશ નાખવા સમાજશાસ્ત્ર તથા નીતિશાસ્ત્ર રચ્યાં. 'અર્હન્નીતિ' જે હાલમાં પ્રચલિત છે તે હેમચંદ્રાચાર્યકૃત* મનાય છે, જેમાં રાજ–નીતિનાં વિવિધ અંગો ઉપર અને બીજા દુન્વયી વિષયો ઉપર બહુ વિવેચન કર્યું છે. "આચાર–દિનકર" જે શ્રીવર્ધમાનસૂરિ–રચિત છે, તેમાં ગૃહસ્થ-જીવનના સંસ્કારોના સંબંધમાં ખૂબજ વિવેચન છે. 'શ્રાધ્ધ–વિધિ,' 'શ્રાધ્ધગુણવિવરણ' વગેરે સદા વ્યાખ્યાનમાં વંચાતા ગ્રંથોમાં પણ "યોગશાસ્ત્ર," "ધર્મબિન્દુ," 'વિવેકવિલાસ" વગેરે ગ્રંથોના આધાર પર ગૃહસ્થાશ્રમને લગતું કયાં ઓછું વર્ણન છે? વિરક્ત, સર્વવિરતિ-ધારી મુનિને પણ આવા સાંસારિક નીતિરીતિના પ્રકરણમાં અને તેને લગતી સમસ્યાઓ ઉકેલવામાં ભાગ લેવો એ તેમની અનધિકાર–ચેષ્ટા યા માર્ગ–સ્ખલન ન કહેવાય, કિન્તુ તેમના અંતઃકરણમાં વિશ્વ–કલ્યાણની ભાવના હોઇ, રાજા કે પ્રજા, શેઠ કે નોકર, ધની કે ગરીબ, ગૃહસ્થ કે સાધુ, સ્ત્રી કે પુરૂષ બધા પોત પોતાની કક્ષામાં રહી કરીને પણ પોતાના જીવનને સુખી અને સારૂં કેવી રીતે બનાવી શકે, એજ ઉદ્દેશને દષ્ટિ–બિન્દુ પર રાખી, દરેકની સ્થિતિને અનુરૂપ ઉપદેશની રસધાર વરસાવવી એ તેઓનું મહત્ કર્ત્તવ્ય ગણાય.

* "અર્હન્નીતિ" ગ્રન્થ હેમચંદ્રાચાર્યની કૃતિ હોય, એમ મને લાગતું નથી. અન્યકૃત તે કૃતિ સાથે કર્તા તરીકે હેમચંદ્રાચાર્યનું નામ જોડી દેવામાં આવ્યું હોય એમ ભાસે છે. "ભદ્રબાહુ-સંહિતા" વગેરેની જેમ આ ગ્રન્થ વિષે પણ ખાસ આલોચના કરવાની જરૂર છે.

વળી જૈનાચાર્યોએ રચેલા જ્યોતિષ, વૈદક આદિ વિષયોના ગ્રન્થોમાં સંસારી જીવનને લગતા વિષયપ્રતિપાદન સિવાય બીજું કંઈ છે કે? તેમણે જ્યોતિષના ગ્રન્થોમાં સંસારીઓ સંસારી કાર્યોમાં સફળતા મેળવે, એ માટે જ્યોતિષની ઢબે ઉપાયો દર્શાવ્યા છે. વૈદ્યક ગ્રન્થોમાં આરોગ્ય-લાભને માટે વનસ્પત્યાદિ-પ્રયોગો અને ચિકિત્સાની રીતિઓ સમજાવ્યાં છે. અને નિમિત્તાદિ ગ્રન્થોમાં તથાવિધ નિમિત્તો દ્વારા લાભાલાભ જાણવાનું શિખવ્યું છે.

તેઓ પરોપકારી હતા. ગૃહસ્થ-સંસાર ઉપર તેમની અમી દૃષ્ટિ હતી, ઉદાર બુદ્ધિ હતી અને દયાળુવૃત્તિ હતી. એજ કારણ છે કે તેઓએ સંસારીઓની સંસાર-યાત્રા આનંદપૂર્ણ પસાર થાય, એ માટે જ્યોતિષ, વૈદ્યક આદિ વિષયોના ગ્રન્થોની રચના કરી. તેમણે તેવા ગ્રન્થોમાં સંસારીઓના ભલાની ખાતર સંસારી બાબતો સંબંધી કેવું લખ્યું છે, એ નજર ખોલી જોવા જેવું છે.

આ મુદ્દાની વાત એવી નથી કે સમજુઓ ન સમજતા હોય. એટલે તેવા ગુણગ્રાહી ઉદાર સજ્જનોને આ વિષે વધુ નિવેદન કરવાનું શું હોય!

—લેખક

# વીર-ધર્મનો પુનરુદ્ધાર

# વીર-ધર્મનો પુનરુદ્ધાર.

## ઉપક્રમ.

સમાજ એ ધર્મનું મન્દિર ગણાય. ધર્મના પૂજારીઓનું કર્ત્તવ્ય છે કે તેઓ એ મન્દિરની મલિનતાને દૂર કરે. એ મન્દિરમાં જે કૂડો-કચરો ભરાયો છે, જે મલિનતા ફેલાઇ ગઇ છે અને જે ફાટો પડી છે, તેનું પ્રમાર્જન, સંશોધન અને તેની મરમ્મત કરવા માટે શીઘ્ર તૈયારી કરવાની જરૂર છે. આજસુધી બેદરકારીમાં રહ્યાના પરિણામે સમાજની અકથનીય હાનિ થતી રહી છે. પણ ગઇ તિથિ વાંચવાનો અત્યારે સમય ક્યાં છે ? હવે તો એ મન્દિરમાં પડેલા સડાઓને જોતજોતામાં દફનાવી દેવા માટે ઉત્સાહી વીરોએ કમર બાંધી બહાર આવવાની જરૂર છે.

## જૈન-સંખ્યા-હ્રાસ.

કેટલું આશ્ચર્ય છે કે જે જૈનધર્મ ક્ષત્રિયોનો—વીરોનો હતો, તે આજ અમુક સંખ્યામાં કેવળ વાણિયાઓનોજ રહી ગયો છે. આપણે ગમે તેટલી બૂમ મારીએ કે ૨૧ હજાર વર્ષ સુધી જૈનશાસન રહેવાનું છે, પણ અત્યારે આપણી નજર સ્હામે જે ભીષણ હોળી સળગી રહી છે તે જોતાં હૃદયમાં અપાર ગ્લાનિ ઉત્પન્ન થાય છે.

સમ્રાટ્ અકબરનો શાસન-કાળ ઇ. સન ૧૫૫૬ થી ૧૬૦૫ નો છે. તે વખતે કહેવાય છે કે, જૈનોની સંખ્યા લગભગ ૪૦ લાખ જેટલી હતી. પછી અંગ્રેજોના શાસનમાં સન ૧૮૮૧ ની મર્દુમશુમારીમાં જૈન-સંખ્યા ૧૫ લાખ જેટલી રહી ગઇ. સમ્રાટ્ અકબર પછી ફક્ત ૨૭૫-૩૦૦ વર્ષમાંજ જૈન-સંખ્યામાં લગભગ ૨૫ લાખ જેટલો ઘટાડો થઇ ગયો !

અનેક દશકાઓથી જૈન-સંખ્યાનો ઘટાડો કેટલો થતો ચાલ્યો છે તે નીચેના આંકડા ઉપરથી સમજી શકાશે.

સન ૧૮૮૧—૧૫ લાખ લગભગ.
સન ૧૮૯૧—૧૪૧૬૬૩૮
સન ૧૯૦૧—૧૩૩૪૧૪૦
સન ૧૯૧૧—૧૨૪૮૧૮૨
સન ૧૯૨૧—૧૧૭૮૫૯૬

કેવો ગજબ સંહાર ? આનો દોષ પાંચમા આરાના માથે ઢોળી, લમણે હાથ મૂકી બેસી રહેવું એ ચોખ્ખું બાયલાપણું છે. પુરૂષાર્થવાદી મહાવીરના ભક્તોને એ ન શોભે. પણ પાંચમો આરો એકલા જૈનોનેજ માથે છે કે આખી દુનિયાને માથે ? પાંચમા આરામાં હિન્દુસ્તાનની બીજી કોમો પોતાની ઉન્નતિ વધારતી જાય અને એકલા જૈનોનેજ ત્યાં જન–નાશની હોળી સળગે એ પાંચમો આરો કેવો !

હિન્દુસ્તાનની આબાદી સન ૧૮૮૧ ની મર્દુમશુમારીમાં લગભગ ૨૫ કરોડ જેટલી હતી, જે સન ૧૮૯૧માં વધીને ૨૮ કરોડ, સન ૧૯૦૧ માં એથી વધીને ૨૯ કરોડ, સન ૧૯૧૧ માં એથી વધારે વધીને ૩૧ કરોડ અને સન ૧૯૨૧ માં તો લગભગ ૩૨ કરોડ જેટલી થઇ ગઇ. આમ હિન્દુસ્તાનની વધતી જતી આબાદીમાં જૈનજાતિનો ઉગ્ર હ્રાસ હૃદયને કંપાવે એવો છે. જે સમાજમાં, ઉપર આપેલ આંકડા પ્રમાણે પ્રતિવર્ષ સાત–આઠ હજાર જેટલો ઘાણ વળતો હોય, એટલે હરેક દશકામાં સિત્તેર–એંશી હજાર જેટલો સંહાર થતો હોય, તે સમાજ, તેવોને તેવો સંહાર ચાલુ રહેતાં સવાસો–દોઢસો વર્ષથી વધારે જીવી શકે ખરો !

સન ૧૮૭૨ થી સન ૧૯૨૧ સુધી ૪૯ વર્ષોમાં હિન્દુસ્તાનની જન–સંખ્યા ૨૦·૧ પ્રતિશતક વધી છે. આ હિસાબે જૈન–જન–સંખ્યા પણ ગમે તેટલે અંશે પણ વધવી જોઇતી હતી, કિન્તુ ગત ૪૦ વર્ષોમાં ઉલટી ૩·૫ પ્રતિશતક ઘટી છે. જુઓ ! આગળનું કોષ્ઠક !

## હિંદુસ્તાનના સર્વ ધર્માવલમ્બિઓના ઘટાડા-વધારાનું દિગ્દર્શન.

| ધર્મ. | સન ૧૯૨૧ ની જનસંખ્યા. | *કુલ જનસંખ્યા પ્રતિ દશ હજારે પ્રમાણ. | | | | | સન ૧૮૮૧થી સન ૧૯૨૧ સુધી જન-સંખ્યામાં પ્રતિશત વધારાનું ચિન્હ + અને ઘટાડાનું ચિન્હ − |
|---|---|---|---|---|---|---|---|
| | | ૧૯૨૧ | ૧૯૧૧ | ૧૯૦૧ | ૧૮૯૧ | ૧૮૮૧ | |
| સનાતન ધર્મી | ૨૧૬૭૬૧૦૦૦ | ૬૮૪૧ | ૬૯૩૧ | ૭૦૩૪ | ૭૩૨૧ | ૭૪૩૨ | + ૧૪.૯ |
| આર્ય | ૪૬૮૦૦૦ | ૧૫ | ૮ | ૩ | ૧ | | |
| બ્રહ્મો | ૬૦૦૦ | .૨ | .૧૮ | .૧૪ | .૧ | ..૪ | + ૪૫૬.૯ |
| સિક્ખ | ૩૨૩૯૦૦૦ | ૧.૩ | ૯૬ | ૭૫ | ૬૩ | ૭૩ | + ૭૪.૭ |
| જૈન | ૧૧૭૮૦૦૦ | ૩૭ | ૪૦ | ૪૫ | ૪૬ | ૪૮ | − ૩.૫ |
| બૌદ્ધ | ૧૧૫૭૧૦૦૦ | ૩૬૬ | ૪૩૨ | ૩૨૦ | ૨૪૮ | ૧૩૫ | + ૨૩૮.૫ |
| મુસલમાન | ૬૮૭૩૫૦૦૦ | ૨૧૭૪ | ૨૧૨૬ | ૨૧૨૨ | ૧૯૯૬ | ૧૯૭૪ | + ૩૭.૧ |
| ઇસાઇ | ૪૭૫૪૦૦૦ | ૧૫૦ | ૧૨૪ | ૯૯ | ૭૯ | ૭૩ | + ૧૫૫.૨ |
| પારસી | ૧૦૨૦૦૦ | ૩ | ૩ | ૩ | ૩ | ૩ | + ૧૯.૨ |
| યાહૂદી | ૨૨૦૦૦ | .૬ | .૭ | .૬ | .૬ | .૫ | + ૮૧.૩ |

આ કોષ્ઠક ઉપરથી સાફ જોઇ શકાય છે કે હિન્દમાં કેવળ જૈનોજ ઘટી રહ્યા છે, જ્યારે બીજા ધર્મવાળાઓ વધી રહ્યા છે.

પ્રિય વાચક ! ગુજરાત-કાઠીયાવાડમાં જૈનોની વસ્તી વધારે ભાળીને અને જમણુ, વરઘોડા, ઉજમણાં, ઉપધાન, સંઘ-યાત્રા વગેરે મ્હોટાં મ્હોટાં ભપકાભર્યાં ધર્મનાં કામો થવા ઉપરથી રખેને જૈનસંઘને ઉજળો સમજતા ! રખેને એવું અનુમાન કરતા કે દુનિયામાં જૈનધર્મનો ઉદ્દ્યોત થઈ રહ્યો છે ! જૈનોની સ્થિતિ તો આજે પડી-ભાંગતી જાય છે. ખરો ઉદ્દ્યોત તો બે રીતે થાય. એક તો જૈન ધર્મનો આમ-પબ્લિકમાં મહિમા પ્રસરવાથી, અને બીજો જૈન સમાજ ઉન્નત થવાથી. આ બન્નેમાં એક પણ જોવાય છે વારૂ ! દેશની હિન્દુ અને બીજી કોમોનો મ્હોટો ભાગ જૈનોને અને જૈનધર્મને કેવી દૃષ્ટિથી જુએ છે એની તમને ખબર છે કે ? ગુજરાત-કાઠીયાવાડનાજ બ્રાહ્મણો વગેરે જૈનધર્મ યા સાધુ-શ્રાવકને અંગે કેવો ઉપહાસ કરે છે એ તમે કદી અનુભવ્યું છે કે ? એ વિષે જો તમે અનુભવ કરશો તો તમારા ભાવિક હૃદયને ખેદ થયા વગર નહિ રહે. યૂ૦ પી અને પૂર્વ દેશની પ્રાથમિક મુસાફરીમાં અમે સ્પષ્ટ અનુભવ કર્યો છે કે તે વખતે ત્યાંની સાધારણ પ્રજા 'જૈન' એટલે શું એ પણ ન્હોતી જાણતી. અને કાશી, મિથિલા, મગધ વગેરે દેશોમાં તો જૈનોને ખુલ્લંખુલ્લા નાસ્તિક, મ્લેચ્છ વગેરે વિશેષણોથી નવાજતા. આજે જો કે એ અન્ધકાર કેટલેક અંશે નાબૂદ થઇ ગયો છે. એટલુંજ નહિ, અનેક કટ્ટર

વિરોધીઓ પણ જૈનધર્મને માનની દૃષ્ટિથી જોવાનું શિખ્યા છે. પણ આવા મ્હોટા દેશના મેદાનમાં એ તો આગીઆની ચમક ગણાય. હજી તો ઘણું ઘણું કરવાનું છે. દેશની બહુ મ્હોટી પ્રજાનાં હૃદયોમાં જૈનધર્મ વિષે અજ્ઞાનતા અને કુસંસ્કારો જે ઘણા વખતથી ઘુસી ગયેલા છે તેને દૂર કરવા એ કંઈ ઓછું મહાભારત કામ નથી. જ્યારે આ દિશામાં સમુચિત પ્રયત્ન થાય ત્યારે જૈનધર્મનો ખરો ઉદ્દ્યોત થયો ગણાય.

હવે રહી જૈનસમાજના ઉન્નત થવાની વાત. તે પણ બે રીતે. જૈન–સંખ્યા વધવાથી અથવા જૈનકોમની સ્થિતિ સુધરવાથી. પહેલી વાતનો વિચાર કરતાં એજ ઉદ્દગાર નિકળી પડે છે કે–" પપ્પા પાપ ન કીજીએ, પુણ્ય કર્યું સો વાર. " નવા જૈનો થવા તો દૂર રહ્યા, પણ જેટલા છે તેટલાય જો કાયમ રહે તો ભાગ્ય સમજો ! ગુજરાત–કાઠીયાવાડની બહાર અમુક પ્રદેશોને બાદ કરતાં આખા દેશનાં લગભગ તમામ મેદાનો જૈનોથી એકદમ ખાલીખમ છે. એક સમય એ હતો કે આખા દેશમાં જૈનધર્મનો દુન્દુભિ વાગતો હતો. પ્રખર પ્રતાપી જૈનાચાર્યો જ્યાં–ત્યાંથી બીજી જાતવાળાઓને ઉપદેશ આપી જૈનજાતિમાં ભેળવતા હતા અને જૈન કોમને મ્હોટી બનાવતા હતા. ત્યારે આજે અમુક થોડા પ્રદેશોને છોડી આખો દેશનો દેશ–આખું ભારતવર્ષ જૈનેતર સંસ્કૃતિથી વ્યાપ્ત છે. બીજા પ્રદેશોમાં જ્યાં–જ્યાં જૈનોની વસ્તી છે ત્યાં પણ સર્વત્ર તે લોકોની એકન્દર બહુ કફોડી સ્થિતિ છે. તેમની ધર્મ–ભાવનાઓ પ્રાયઃ અત્યન્ત શિથિલ દશામાં આવી ગઈ છે. ધાર્મિક તેજ

તેમનામાંથી ઉડતું જાય છે. તે પ્રદેશોના ઘણા જૈનો જૈનેતર થઇ ગયા છે અને થતા જાય છે. ઘણા ઓસવાલો જૈન ધર્મને છોડી વૈષ્ણવ ધર્મમાં ચાલ્યા ગયા છે. એટલુંજ નહિ, વૈષ્ણવ મન્દિરો પણ તેમણે બંધાવ્યાં છે. પોરવાડોમાં પણ આવી સ્થિતિ છે. દશામાં પણ આ દશા છે. કટક, પુરી, બાંકુડા, વર્ધમાન, વિષ્ણુપુર, રાંચી, માનભૂમ વગેરે બંગીય જિલ્લાઓમાં રહેનારા 'શ્રાક' જાતિવાળાઓ એક વખતે બધા શ્રાવક હતા-જૈનધર્મી હતા. નાગપુર અને બરારપ્રાન્તમાં 'જૈન કલાર' નામથી જાણીતી કોમ કેવળ પોતાના કોમી નામની સાથેજ 'જૈન' નામ ધરાવે છે, બાકી ધર્મ તો તેમનો હિન્દુ છે. રંગવાનું કામ કરનારી 'છીપા' જાતિમાં 'સરાવગી' (શ્રાવક) ગોત્રવાળા પણ મોજૂદ છે, જેઓ એક વખતે જૈન હતા અને આજે વૈષ્ણવ: છે. પુના, સિતારા અને અહમદનગર જિલ્લાઓમાં 'કંસારા' જાતિ એક વખતે જૈન હતી, જે આજે શૈવધર્મને માને છે. એમના પૂર્વજોએ બંધાવેલાં જૈન મન્દિરો પણ મોજૂદ છે. દક્ષિણમાં શૈવોનો 'લિંગાયત' નામનો એક પન્થ છે. આ પન્થવાળાઓમાં અધિકાંશ પહેલાં જૈનો હતા. ગુજરાતની કપોળ, નાગર, મોઢ જ્ઞાતિઓમાં પણ પહેલાં જૈનધર્મનો પ્રચાર હતો. તેમના પૂર્વજ શ્રાવકોના અનેક શિલાલેખો પણ મોજૂદ છે. નીમાડમાં 'ગાંગરાડે' નામની એક વૈશ્ય જાતિ છે. કહેવાય છે કે તે લોકો એક વખતે જૈનધર્મ પાળતા હતા. 'સાગર' જિલ્લામાં 'બિલહરા' નામક સ્થાનમાં '**નેમા**' યા '**નીમા**' જાતિના હલવાઇ છે, અને

જૈનધર્મ પાળે છે, પરન્તુ એ જાતિમાંથી સેંકડો ઘર આજે વૈષ્ણવ થઇ ગયાં છે. માળવા તરફના ઘણા ' નીમા ' વૈશ્યો તો જૈનધર્મના અનુયાયી છે. બુન્દેલખંડની ' ગહોઇ ' વૈશ્ય જાતિ વૈષ્ણવ છે, જેમાં એક ' સરાવગી ' ગોત્ર પણ છે, જે તેમના જૈન હોવાની સાબિતી છે. ' અવધ ' અને તેના આસપાસના પ્રાન્તના અગ્રવાલો જૈનધર્મ છોડી વૈષ્ણવ થઇ ગયા છે. પંજાબ અને બીજાં સ્થળોના ઘણા અગ્રવાલો જૈનધર્મ છોડી આર્ય-સમાજી થતા જાય છે. કેટલાક ઇતિહાસજ્ઞોનું કહેવું છે કે અગ્રવાલ બધા પહેલાં જૈન હતા. પણ આજે તો એ જાતિનો બહુ મ્હોટો ભાગ હિન્દુ ધર્મને માને છે.

આ બાબતમાં જેમ જેમ વિશેષ અન્વેષણ કરવામાં આવે તેમ તેમ વધારે પ્રકાશ પડવા સંભવ છે. જૈનોની વ્યાપકતા એક વખતે ચોમેર ફેલાયલી હતી, તેને બદલે આજે જે આટલી સંકુચિતતા છે, તે જ એ વાતને સ્પષ્ટ સાબિત કરે છે કે, જૈનોનો બહુ મ્હોટો ભાગ જૈનેતર ધર્મોમાં અને જૈનેતર જાતિઓમાં વખતો વખત ભળતો ગયો છે. મદ્રાસ પ્રાન્તમાં ઇસાઇઓનું મિશન બહુ કામ કરી રહ્યું છે. કહેવાય છે કે, તે તરફના લગભગ એક લાખ જૈની ઇસાઇ ધર્મની દીક્ષા લઇ ચુકયા છે ! અગાઉ જૈનાચાર્યોએ દરેકને માટે જૈનધર્મના દરવાજા ખુલ્લા મૂકી દીધા હતા. પૂર્વકાળમાં " શુદ્ધિ " નું મિશન જૈનોમાં ખૂબ ધડાધડ ચાલતું હતું. મારી ધારણા પ્રમાણે, હું ન ભૂલતો હોઉં તો આજની જૈનજાતિનો મ્હોટો ભાગ " શુદ્ધિ "ના મિશનથી જૈન બનેલો છે. પરંતુ અફસોસ !

આજે સ્થિતિ વિપરીત છે. આજે તો જૈનોના દરવાજા પોતાની અન્દરના ભાઇઓને બહાર કાઢવા માટે ખુલ્લા છે, પણ બહારના માણસોને અંદર આવવા માટે તદ્દન બંદ છે. 'જાવક તો ઘણી છે, જ્યારે આવક કંઇ નથી! આનું પરિણામ કેવું ? જૈન જાતિના હ્રાસનું એક કારણ દરિદ્ર હાલતને લીધે અગર જીવન-વિધિના નિયમોની અનભિજ્ઞ દશાના પરિણામસ્વરૂપ મૃત્યુ-પ્રમાણાતિરેક છે, તેમ લગ્ન-સંસ્થાની કફોડી સ્થિતિને લીધે નિર્વંશ મરી ખુટવું અને ધર્મોપદેશના અભાવે ધર્માન્તરમાં ચાલ્યા જવું એ પણ સબળ કારણ છે. મુખ્યત્વે જ્યાં કોમી લાગણી ન હોય ત્યાં સમાજનાં દરેક અંગ કફોડી સ્થિતિમાં મૂકાય એ બનવા જોગ છે. ત્યારે કેમ કહી શકાય કે જૈનધર્મનો ઉદ્દ્યોત થઇ રહ્યો છે! સબૂર! જૈનો પણ આજે કઇ સ્થિતિમાં છે! બચ્ચા-ખુચ્યા જૈનો પણ જો સારી હાલતમાં હોય, તોય સન્તોષ મનાય. એમાંથીયે ખાસો વંશ-વેલો વધે. પરંતુ તે પણ કયાં છે!

## નિદાન.

જૈનસમાજની આવી પડતી દશા જે કારણોને આભારી છે તે ઉપર સમાજ-હિતૈષીઓએ વિચારણા કરવાની સખ્ત જરૂર છે. જ્યાં સુધી વ્યાધિનું બરાબર જ્ઞાન ન થાય, ત્યાં સુધી ચિકિત્સા થવી શકય નથી. કયા રોગોનો ઉફાળો સમાજનો સંહાર કરી રહ્યો છે એ પરખવાની પહેલી તકે જરૂર છે. મારી નમ્ર બુદ્ધિ પ્રમાણે,પૂર્વકાળની સમાજની જાહોજલાલી જે કારણોને આભારી હતી, તે છે-સંગઠન અને વ્યવસ્થિત ગૃહસ્થાશ્રમ. ગૃહસ્થાશ્રમ ખરી રીતે તે ગણાય કે જેનું ચણતર બ્રહ્મચર્યાશ્રમના પાયા પર થયું હોય. અને જ્યાં બ્રહ્મચર્યાશ્રમ-પૂર્વક ગૃહસ્થાશ્રમની સાધના હોય ત્યાં પછી વિદ્યા, વિવેક, સદાચાર, બલ, શક્તિ અને શૌર્ય વિષે શું પૂછવું ! આ જ કારણોના આધાર પર સમાજનો ભૂતકાળ જહોજલાલી ભોગવતો હતો. આના જ પ્રતાપે સમાજની ગૌરવ-પતાકા દેશમાં ફરકતી હતી. આના જ પ્રભાવે સમજ દૌલતમન્દ અને સુખસમ્પન્ન, યશસ્વી અને તેજસ્વી હતે. ધર્મવીરો તથા ધર્મ-ધુરન્ધરોની ઉત્પત્તિનાં પણ કારણો આ જ હતાં. આજે નથી સંગઠન-બળ, કે નથી ગૃહસ્થાશ્રમની વ્યવસ્થા. એટલેજ સમાજની અધોગતિ થઈ રહી છે. આ કારણો વિષે કંઇક વિચારણા કરવી એ આ લેખનો વિષય છે.

# સંગઠન.

જૈનોની અંદર આજે કુસંપની જે આંધી ઉઠી રહી છે, તે સમાજની દારૂણ દુર્ભાગ્યતા સૂચવે છે. મહાવીર દેવે જે ચતુર્વિધ સંઘની સ્થાપના કરીને બધાયને સંગઠનના સૂત્રમાં બદ્ધ કર્યા હતા, તેમાં આજે ઠેર ઠેર ફુટ પેસી ગઇ છે. સંસારને સામ્યવાદનો મહાન્ ઉપદેશ આપનાર મહાવીરસ્વામી-એ સામ્યવાદી સંઘનું જે મિશન સ્થાપ્યું હતું, તેમાં આજે સામ્યવાદને બદલે વૈષમ્યવાદે સ્થાન લીધું છે; અને તેનું વિષમ વિષ સમાજને વિચિત્ર મોહ–મૂર્ચ્છામાં પટકી રહ્યું છે. જ્યાં જુઓ ત્યાં પ્રાયઃ ફાટફુટ હોય જ. ભાગ્યે જ કોઇ ગામ એવું નિકળશે કે જ્યાંના સંઘમાં કે નાત–જાતમાં તડ પડેલ ન હોય. જે સમાજની આવી છિન્ન–ભિન્ન દશા હોય અને જે સમાજમાં ઇર્ષ્યા–દ્વેષનાં ઘનઘોર વાદળ ચારે બાજુ છવાયલાં હોય, તે સમાજની ચઢતી સમજવી કે પડતી ?

ઇસાઇઓ, મુસલમાનો અને આર્યસમાજીઓ આગળ વધી રહ્યા છે તે તેમના સંગઠનને આભારી છે. સંગઠન વગર કોઇપણ

દેશ યા સમાજે કદી ઉન્નતિ સાધી નથી, એ નિર્વિવાદ છે. વીતરાગ-ધર્મ જેવો ધર્મ મળવા છતાં વેર-ઝેરના કલુષિત અધ્યવસાયો ઉપર કાબુ ન મેળવી શકાય તો તે ધર્મ મેળવ્યાની અસર શી થઇ ગણવી ? વિચાર-ભિન્નતા એ તો છદ્મસ્થોનો નૈસર્ગિક સ્વભાવ છે. એક-બીજાની વિચાર-ભિન્નતા સહી લેવામાં જે આત્મ-ગૌરવ છે, તે કલુષિત પરિણામનો ઉભરો કાઢવામાં નથી જ; બલ્કિ તેમ કરવામાં તો આત્મ-પતન છે. મધ્યસ્થ વૃત્તિથી, સ્હામા પ્રત્યે હિત-બુદ્ધિથી અને માયાળુ વ્યવહારથી સ્હામાને, પોતાને સાચું જણાય તે સમજાવવું એ જ સૌજન્ય-સ્વભાવ ગણાય. વિચાર-ભિન્નતાને વિરૂદ્ધતાનું રૂપ આપવું એ ખરેજ માનસિક કમજોરી છે. આપણા બન્ને હાથ ભિન્ન છે, પણ જો તે એક-બીજાથી વિરૂદ્ધ થઇ જાય, તો તે બન્નેને મેલા અને ગંદા થવા વખત આવે. તેઓ એક-બીજાની સફાઈ માટે કામ ન આવે, એટલે તે બન્નેના ઉપર મેલનાં થર બાઝી જાય અને તેમાં કીડા પડે અને પરિણામે તે બન્નેને સડવાનો વખત આવે. આ વિરૂદ્ધતાનું ફળ.

જ્યાં બધાઓનાં હૃદયમાં વીતરાગ-ધર્મને આરાધવાનું એક જ લક્ષ્ય-બિન્દુ હોય, ત્યાં સાધારણ મત-ભેદોને મ્હોટાં રૂપ આપી કલહ-કોલાહલ વધારવો એ ડહાપણ ન ગણાય. જે વણિકો-જે મહાજનો પોતાની કે બીજી નાત-જાતના ગમે તેવા આંટી-ઘુંટીવાળા કોયડાને ઉકેલી નાખવામાં અને કજીયા-ટંટા-ઓને પતાવવામાં ઘણા બાહોશ ગણાતા, તે જ વણિકો-તે જ મહાજનો, બહુ દિલગીરી સાથે કહેવું પડે છે કે, પોતાના ઘરમાં

સળગતા કલહાનલને શમાવવામાં ખરેજ કાયર બની ગયા છે. આ કાયરતા તેમના બુદ્ધિ-ભ્રંશને એટલી આભારી નથી, જેટલી તેમની કુસંપવૃત્તિને આભારી છે. "શિયાળ તાણે સીમ ભણી ને કુતરૂં તાણે ગામ ભણી" વાળી દશા જે સમાજમાં વર્ત્તતી હોય, તેની શી સ્થિતિ થાય !

કોઇ પણ તકરારનો ફેંસલો લાવવા માટે સર્વ-પ્રથમ મધ્યસ્થવૃત્તિ ધારણ કરવાની જરૂર છે. અને "સાચું તે મારૂં" એવું ઉદાર મન રાખવાની જરૂર છે. જ્યાં અભિનિવેશ, પક્ષ-મોહ યા મતાન્ધતા હોય ત્યાં સંતોષકારક પરિણામ ન જ આવે, સમાધાન કયાંથી થાય ? ડાહ્યા માણસોનું કામ એજ હોય કે, સમાજ-હિતની આગળ તેઓ પોતાનો પક્ષ-મોહ જતો કરે, અને તટસ્થ દૃષ્ટિએ સ્હામી બાજુનો વિચાર કરતાં પોતાનો પક્ષ નબળો જણાય તો તત્કાળ તેનો ત્યાગ કરી સ્હામાની ખરી વાતને ગ્રહણ કરે. અહંકાર-વિવશ થઇ પોતાનો કકકો ખરો કરવા જતાં સમાજ-હિત છુંદાઇ જવાનું જે ઘોર પાપ લાગે છે, એનો વિચાર કરવામાં આવે અને એવા પાપથી ડરવામાં આવે તો એવા પાપ-ભીરૂઓની બેઠકમાં અશાન્તિવાળું પરિણામ આવવાનો ભાગ્યેજ સંભવ રહે.

આ દેશનું શાસન અને વ્યવસ્થાપન ૫૦૦૦ માઇલ જેટલે દૂર રહેનારાઓ કેવી ખૂબીથી કરે છે, જ્યારે જૈનો પોતાનાજ સમાજની પણ વ્યવસ્થા કરવા જેટલું સામર્થ્ય ફોરવી શકતા નથી ! જે સમાજના પૂર્વવર્તી મહાનુભાવોએ મ્હોટાં મ્હોટાં રાજ્યોનાં શાસક-મન્ત્રી-પ્રધાન પદને દીપાવ્યાં

છે, તે સમાજની આજે નથી લાગવગ રાજ-પ્રકરણમાં, કે નથી ગણતરી રાષ્ટ્રીય ક્ષેત્રમાં. નથી એ સમાજમાં આજે કોઇ રાજ-મુત્સદ્દી, કે નથી કોઇ તેવા રાજનીતિવિશારદ. આવી હાલતમાં તે સમાજનો અવાજ સત્તાધીશના સિંહાસન સુધી કેવી રીતે પહોંચી શકે ! પેલા પાંચસો સુભટો જેવી તેમની નિર્નાયક દશાએ તેમના સામાજિક બંધારણને બહુ શિથિલ કરી મૂક્યું છે. અને એથી નથી રહ્યો તેમનામાં જોઇએ તેવો આત્મ-સમ્માનનો સાચો ભાવ, અને નથી રહ્યું તેમનામાં પોતાની અંદરના જ ઝઘડાઓને હોલવવાનું સામર્થ્ય ! આવી નબળાઇ અને બુઝ-દિલીને અંગે તેઓ ખરેખર બીજા સમાજોની દૃષ્ટિમાં કેટલેક અંશે ઉતરી ગયેલા જોવાય છે. કુસંપ, નબળાઇ અને વાણિયાશાહી-સ્વભાવ-સુલભ ભીરૂતા-દોષે તેઓ પોતાના તેજને ગુમાવતા જાય છે, કે જે તેજ એક વખતે આખા દેશમાં ઝગમગી રહ્યું હતું. તેમની દુર્બળતા આજે સ્પષ્ટ જોવાઇ રહી છે કે જ્યાં, અવસર પર પારસી, સિકખ, મુસલમાન, ઇસાઇ અને આર્યસમાજ વગેરેનાં નામ બહાદૂરીની સાથે લેવામાં આવે છે, ત્યાં જૈન જાતિનું નામ ભૂલીને પણ કોઇ લેતું નથી. આવી હાલતમાં કદાચિત્ ક્યારેક ભારતને ‘ સ્વરાજ્ય ’ મળે, ત્યારે જૈનોની ગણત્રી ક્યાં થવાની ! તેમની દશા શી થવાની ! સંસારનો નિયમ છે કે બળવાન્ જાતિ જ વિશ્વના સમૃદ્ધ મંડપમાં ટકી શકે છે. કમજોરોને માટે તો સંસારમાં ગુલામી સિવાય બીજો આસરો જ શો હોય !

ખુલ્લી વાત છે કે જે જે રોગો સમાજમાં ઘુસેલા છે, જેનાથી સમાજની ખુવારી થઇ રહી છે તે સઘળાનો ઇલાજ કર્યા વગર તેમનું કલ્યાણ નથી. સર્વ-પ્રથમ ડાહ્યા વિચારક સજ્જનોએ સમાજની રૂગ્ણ દશા પર વિચારણા કરવાને એકત્રિત થવાની આવશ્યકતા છે. અને, તમામ દુર્ગતિ એક માત્ર વિશંખલતા (કુસંપ) ને આભારી છે, એ સમજાઇ જતાં સંગઠનના ઉપાયો તરફ વિચાર-દષ્ટિ દોડાવવાનું સુગમ થઇ પડશે.

ભલા, જૈનોની એક **જનરલ પાર્લામેન્ટ** હોય તો કેવું સારૂં ! એની અન્દર હિન્દુસ્તાનના જૈન વસ્તીવાળા દરેક પ્રાન્તના ડાહ્યા, પ્રૌઢ વિચારકો ચુંટાયલા હોય. આ મહાસભાનું એવું સબળ બંધારણ હોય કે, એ એક પ્રકારે જૈન સમાજની શાસન-કર્ત્રી ગણાય. આ 'સમાજ-સભા' તરફથી વ્યાવહારિક કે ધાર્મિક સુધારાઓની જે જે યોજનાઓ પાસ થાય, તેનો અમલ આખી જૈન આલમમાં બરાબર થાય. સંસારિક રીત-રિવાજ, લગ્ન-પદ્ધતિ, દીક્ષા-પ્રકરણ અને ધાર્મિક રૂઢિઓમાં જે જે સંશોધન એ સમાજ-સભા તરફથી પ્રકાશિત થાય, તે પ્રમાણે જૈનો પોતાનું પ્રવર્ત્તન ચલાવે. જેમ ઇન્ડિયન પાર્લામેન્ટના શેરા હિન્દની પ્રજાને અમલમાં લેવા પડે છે, તેમ જૈન પાર્લામેન્ટના શેરા જૈન હિન્દમાં પ્રચારિત થાય.

વિશૃંખલતા યા છિન્ન-ભિન્નતાને અંગે જૈન સમાજમાં બેહુંદા રાગ અલાપાય છે, વિચિત્ર સૂરો નિકળે છે, અને જેને જેમ ફાવ્યું તેમ તે હાંકયે રાખે છે, મનગમતા ખેલ ખેલાય છે, નથી કોઇ પૂછનાર, નથી કોઇ કહેનાર, નથી કોઇ

સાંભળનાર અને નથી કોઇ સુધારનાર, આ બધી અન્ધાધુન્ધી સંગઠન-શક્તિનો વિકાસ નથી થયો ત્યાં સુધી છે. સંગઠન-સૂત્રના દોર પર જ્યારે જૈન જીવન શરૂ થશે, ત્યારે સમાજનું નવજીવન પ્રારંભ થશે, અને અનુક્રમે તેની ચઢતી કળા તેનું પ્રાચીન ગૌરવ તેને પાછું અપાવશે.

ઉપર બતાવેલી "પાર્લામેન્ટ" કોઇ પણ મહન્તની કે સાધુશાહીની, કોઇ શેઠની કે શ્રીમન્તની ખોટી શરમ નહિ રાખે. તે પોતાની પ્રજ્ઞા-શક્તિ અને ગંભીર દૃષ્ટિ અનુસાર સમાજ-વ્યવસ્થા કરશે. તેમાં બીજાઓને વ્યર્થ વચ્ચે આવવાની અને નકામું માથું મારવાની ચોખ્ખી ના પાડશે. એટલુંજ નહિં, પણ જે રૂઢિ-વ્યવહારો તેને સમાજ-હાનિ કરનારા જણાશે, તેને પણ તે ઉખેડી ફેંકી દેવા ચૂકશે નહિં.

ગંગા-પ્રવાહનો મૂલોદ્ગમ જેમ હિમાલયમાંથી છે, તેમ રાષ્ટ્રીય કે સામાજિક ઉન્નતિ-પ્રવાહનો મૂલોદ્ગમ ઐકયમાંથી છે. અન્તઃકરણોમાંથી મેલ નિકળી જતાં જ્યારે તેમનો પરસ્પર મેળ થાય છે ત્યારે તેઓ એકીભાવના સૂત્રમાં બદ્ધ થાય છે. અને તેમાંથી જે સંગઠન-શકિત પ્રકટ થાય છે,તે જ તે મનસ્વીઓને તેમના અભ્યુદયની ઉપાદાન-સામગ્રી પૂરી પાડે છે. એ સંગઠન-શકિતના પ્રભાવે તેમની અંદરની નબળાઇઓ જેમ જેમ દૂર થતી જાય છે, તેમ તેમ તેઓમાં આત્મ-બળનો વિકાસ થતો જાય છે, અને પરિણામે તે મનસ્વીઓનો સમાજ દુનિયાની દૃષ્ટિમાં માનવંતો ગણાવા લાગે છે.

આ એકતાનું ફળ છે. **પાનાંની રમત** જ આપણને

બતાવી આપે છે કે, એકતાનો કેટલો પ્રભાવ છે. પાનાં રમનારાઓને ખબર છે કે-બે, ત્રણ, ચાર, પાંચ એમ દશ દાણા સુધીનાં પત્તાંને સર કરી જનાર 'ગોલો' છે; પણ જ્યારે 'રાણી' સાહેબની પધરામણી થાય છે, ત્યારે ગોલાને પોબારા ગણી જવા પડે છે અને 'રાણી'નાં ગીત ગવાય છે; પછી જ્યારે 'બાદશાહ'ની સવારી આવે છે, ત્યારે 'રાણી'ને પણ ઓઝલ-પડદામાં ભરાઇ જવું પડે છે અને બાદશાહનો સામ્રાજ્ય-ડંકો વાગવા માંડે છે. બાદશાહ તો રાજ-રાજેશ્વર ગણાય, એટલે તેનું શાસન ચાહે તો અનુકૂળ હોય કે પ્રતિકૂળ, વ્યાજબી હોય કે ગેરવ્યાજબી, અમે તેવું હોય, પણ તે પ્રજાને માન્ય કર્યે જ છુટકો. પણ તમે જાણો છો કે એક પાનું એવું જબરદસ્ત છે કે તેની સ્હામે બાદશાહને પણ નરમ થવું પડે છે. તે છે એક્કો.

કેવળ પોકાર કરવાથી સંગઠન થઇ શકતું નથી. સંગઠનની પાછળ બલિદાનનો ફોર્સ જોઇએ છે. સંસાર તે જ રાષ્ટ્રની સ્હામે પોતાનાં મસ્તક ઝુકાવે છે જ્યાં બલિદાન-શક્તિ કૃતિમાં મૂકાય છે. યુરોપ, જાપાન, અમેરિકા આ શક્તિના પ્રભાવથી સંસારના વિધાતા બન્યા છે. સામાજિક ઉન્નતિ યા જાતીય ઉત્થાનનો એ મૂળાધાર છે. બલિદાન વગર સંગઠન નથી બની શકતું. અસહકારના જમાનામાં બલિદાન-શક્તિ ઉત્તેજિત થઇ ગઇ હતી. એણે જે કરી બતાવ્યું તે ભારતના ઇતિહાસમાં ચિરકાળ પર્યન્ત યાદગાર રહેશે. કિન્તુ એ આ દેશવ્યાપી અંધકારમાં ખદ્યોત (આગીઆ) ની ચમક હતી. સ્વાર્થ અને ઇર્ષ્યાનાં વાદળો

એની ઉપર પાછાં શીઘ્ર છવાયાં અને પુનઃ તિમિર-આવરણ પથરાઇ ગયું. છતાં એ આન્દોલનની અસર હજુ કામ કરી રહી છે. નિદાન, સમાજ-સંગઠનને માટે બલિદાનની, સ્વાર્થ-ત્યાગની, ઉત્સર્ગની બહુ જરૂર છે. જો અમારા શ્રીમાનો દૃષ્ટિસંકોચ મૂકી દઇ પોતાની શ્રીનો સદુપયોગ કરવા ન ચાહતા હોય, અમારા શેઠીયાઓ પોતાની શેઠાઈનો ઘમંડ નરમ પાડવા ન માંગતા હોય, અમારા મહાજનો અને વેપારીઓ સમાજ-કલ્યાણાર્થે પોતાની લોભલાલચનો યથોચિત ભોગ દેવા ન ધારતા હોય, અમારા નવયુવકોની પલટન સમાજ-સેવા માટે મેદાનમાં ઉતરી પડવા તૈયાર ન હોય અને અમારા પૂજ્ય મુનિવરોને માનાપમાનની પરવા છોડી, એક રાગથી, સમયાનુકૂલ નિર્ભય ઉપદેશ દ્વારા જનતાને જગાડવા હિમ્મત ન ફોરવવી હોય તો સંગઠનની વાતો કેવળ બાલ-પ્રલાપ ગણાય. જ્યાં ઉચિત બલિદાનની ઉત્તેજના ન હોય ત્યાં સંગઠનની આશા રખાયજ કેવી રીતે ?

સાધર્મિક-વાત્સલ્યનાં ગુણ-ગાન જૈનોમાં જાણીતાં છે. સંગઠનનું મૂળ એમાંજ સમાયલું છે. સાધર્મિક-વાત્સલ્યની ભાવનાઓમાં સંગઠનનીજ ભાવનાઓ ભરેલી છે. સંગઠન-બળની પુષ્ટિના ઇરાદા પર જ તે ભાવનાઓનાં મંડાણ છે. કિન્તુ સાધર્મિક-વાત્સલ્યની ભાવનાઓનો અમલ પારસીઓ, મુસલમાનો, ઇસાઈઓ અને આર્યસમાજીઓમાં જેટલે અંશે થાય છે તેટલે અંશે જૈનોમાં નથી થતો.

વાસ્તવમાં મનુષ્ય સામાજિક પ્રાણી છે. તે તે જ સમાજમાં રહેવા ચાહે છે કે, જ્યાં તેને સમ્માન, સહાયતા અને

સહાનુભૂતિ મળે; જ્યાં તેને કંઇ અધિકાર હોય. કિન્તુ ખેદનો વિષય છે કે હિન્દુઓ કે જૈનોમાં પારસ્પરિક પ્રેમની ખામી છે. મુસલમાનોમાં પરસ્પર જે હમદર્દી છે, તે હિન્દુઓમાં કે જૈનોમાં નથી. દાખલા તરીકે, કોઇ મુસલ્માનનો છોકરો ક્યાંય પીટાતો હશે તો આજુબાજુથી–આસપાસના મુસલ્માનો એકદમ ત્યાં એકઠા થઇ જવાના. કિન્તુ કોઇ હિન્દુ કે વાણિયો ક્યાંય ફસાણો હશે તો તેની ખબર લેવા કોઇ નહિ ઉઠે. કોઈ મુસલ્માન–સ્ત્રીને કોઇ છેડે તો ઘણા મુસલમાનો ત્યાં દોડી આવવાના; પણ કોઇ હિન્દુ–સ્ત્રીને કોઇ ગુંડો પજવતો હોય તો હિન્દુઓ આંખ આડા કાન કરી લેવાના. બીજી કોમવાળા પોતાના ધંધા ઉપર પોતાનો ધર્મ–બંધુ મળે ત્યાં સુધી બીજાની નિમણુક નહિ કરવાના, એટલુંજ નહિ, પણ પોતાના ભાઇઓને ચાલતાં સુધી પોતાની જ કોમમાં કોઇ જગ્યા પર ચઢાવી દેવાની કોશિશ કરવાના. આ ઉદારતા જૈનોમાં ક્યાં સુધી છે એ પ્રત્યક્ષ જોવાઇ રહ્યું છે. સાધર્મિક–વાત્સલ્ય આજે લગભગ પોથીમાં રહી ગયું છે; અથવા એકાદ દિવસ ન્હાનાં–મ્હોટાં જમણ કરી દેવામાં સમાયું છે. પણ પોતાના ધર્મ–બન્ધુઓની કફોડી સ્થિતિ સુધારવા રૂપ જે ખરૂં સાધર્મિક–વાત્સલ્ય છે તે તરફ જૈનો ઘણે અંશે બેદરકાર છે.

આચાર્ય હેમચંદ્ર પોતાના યોગશાસ્ત્રના ત્રીજા પ્રકાશના ૧૨૦ મા શ્લોકની વૃત્તિમાં લખે છે કે—

" साधर्मिकाणाम्—समानधार्मिकाणां संगमोऽपि महते पुण्याय, किं पुनस्तदनुरूपा प्रतिपत्तिः। सा च स्वपुत्रादि–जन्मो–

त्सवे, विवाहे, अन्यस्मिन्नपि तथाविधे प्रकरणे साधर्मिकाणां निमन्त्रणम्, विशिष्टभोजन-ताम्बूल-वस्त्राभरणादिदानम्, आपन्निमग्नानां च स्वधनव्ययेनाप्युद्धरणम्, अन्तरायदोषाच्च विभवक्षये पुनः पूर्वभूमिकाप्रापणम्, धर्मे विषीदतां च तेन तेन प्रकारेण धर्मे स्थैर्यारोपणम्, × × × श्राविकासु धनवपनं श्रावकवद् अन्यूनातिरिक्तमूल्येनाऽयम् "।

અર્થાત્—' સાધર્મિકોનો સમાગમ પણ મહાન્ પુણ્યને માટે છે, તો તેમની ઉચિત ભક્તિનું શું પૂછવું. સાધર્મિક ભાઇઓની ભક્તિ એ છે કે, સ્વપુત્રાદિના જન્મોત્સવ યા વિવાહના પ્રસંગે અથવા તેવા બીજા અવસર પર તેમને નિમન્ત્રણ કરવું. વિશિષ્ટ ભોજન, તામ્બૂલ ( પાન-પટ્ટી ) અને વસ્ત્ર-આભુષણોનું દાન કરવું. તથા આપત્તિમાં ફસાયેલાઓનો પોતાની લક્ષ્મી ખર્ચીને પણ ઉદ્ધાર કરવો, અન્તરાય-દોષથી પૈસો ચાલ્યો જતાં કંગાલ હાલતમાં આવેલાઓને ફરી પહેલાંની સારી હાલત પર પહોંચાડવા અને ધર્મમાં ઢીલા પડતાઓને તે તે ઉપાયે ધર્મમાં સ્થિર કરવા. આ જ પ્રમાણે શ્રાવિકા-વર્ગની પ્રતિપત્તિ અને તેમના ઉદ્ધાર માટે પણ સમજી લેવું.'

આચાર્ય મહારાજનો ગરીબ બન્ધુઓને ઉદ્ધારવા વિષેનો ઉપદેશ ખાસ લક્ષમાં લેવા જોગ છે. કેમકે સાધર્મિક બન્ધુઓ સારી હાલતમાં હોય તોજ ધર્મના થાંભલા ટકી શકે. કિન્તુ આજે અધિકાંશ તેમની કફોડી સ્થિતિ છે. દારિદ્રયનો ત્રાસ ગરીબ જૈનોનાં કાળજાંને ફફડાવી રહ્યો છે. દરિદ્રતાને

અંગે તેમની ધર્મ-ભાવના લુપ્ત થતી જાય છે. તેમના સાંસારિક જીવનની દુર્દશા તેમના ધાર્મિક જીવન ઉપર પણ કુઠારાઘાત ચલાવી રહી છે. તમામ પાપોનું મૂળ ભૂખમરો છે એ કોણ નથી જાણતું. ભૂખ જે પાપ ન કરાવે તે થોડું ! "**बुभुक्षितः किं न करोति पापम् !**" ભૂખમાંથી છળ, પ્રપંચ અને તરેહ તરેહના કાવાદાવા કરવાનું સૂઝી આવે છે. ગરીબાઇ ઇશ્વર સાથે પણ અન્યાય કરાવે છે, ગુરૂ સ્હામે પણ માયા-જાળ રચાવે છે અને ધર્મના ઉપર પિસ્તોલ ભરાવે છે. મનુષ્યને સહુથી પ્રથમ સંસારી સગવડ જોઇએ છે. તેની આબાદીમાં તે ધર્મ કરવા ઉત્સાહિત થાય છે. નોકરી યા વેપારની સ્થિતિ બંધબેસતી ન હોઇ, ઘરનું ગુજરાન મુશ્કેલીભર્યું થઇ પડયું હોય, ડોસા-ડોસી-સ્ત્રી-બાળબચ્ચાવાળાને જીવન-નિર્વાહ પુરતા સાધનના અભાવે તે બધાને પેટ-પૂજા કરવાની અથવા પહેરવા-ઓઢવાની પૂરી સગવડ ન હોય, ઘરના આંગણે સાધુ-અતિથિ-મહેમાન આવતાં લાજે-શરમે તેમની ખાતરમાં ઘી ઠલવીને પછી દિવસો સુધી કોરા કડાકા કરવા પડતા હોય, ઘરમાં કોઇ માંદુ પડતાં તેને માટે અથવા બાળ-બચ્ચાં માટે દૂધ લાવવા પુરતા પૈસાની ગોઠવણ ન હોય, જ્યાં આવી જાતની મુશ્કેલીઓ અને કઠણાઇઓ હોય ત્યાં ધર્મ-ભાવના કયાં સુધી ટકી શકે ! જ્યાં દારિદ્રયની આગ સળગતી હોય, જ્યાં આર્ત્તધ્યાનરૂપ પિશાચ શરીરનું લોહી ચૂસી રહ્યો હોય ત્યાં ભલા ! ધર્મને યાદ કરનારા કેટલા !

શ્રીમન્તો લાડી-વાડી-ગાડીના વિલાસમય વાતાવરણમાંથી

માથું ઉંચુ કરે અને સમાજની હાલત જાણવા ઇન્તેજાર થાય તો અવશ્ય, જે સમાજમાં તેઓ રહે છે, તે સમાજના આવા દુખિયા બન્ધુઓની તેમને ભેટ થયા વગર ન રહે. તે દયાળુ શ્રીમન્તો પોતાના સામાજિક બન્ધુઓની દુર્દશા એક વખત નિહાળે, તો જરૂર તેઓને એ સમજાઇ આવે કે, સાચું સાધર્મિક-વાત્સલ્ય અમારામાં હોત તો અમારા બન્ધુઓની આ દશા ન હોત—અગર ન થાત. આમ વિચાર આવતાં, તે ડાહ્યા પુરૂષોનું ધ્યાન પારસી જેવાઓની ઉદારતા તરફ ઝટ ખેંચાય, કે જેઓની મ્હોટી મ્હોટી સખાવતો તેમના સાધર્મિક-વાત્સલ્યનો જ્વલંત પુરાવો છે. આ બધું તે મહાનુભાવોની નજર સ્હામે આવતાં તેમનાં ઉંડા અન્તઃકરણોમાંથી એજ દૈવી અવાજ નિકળે કે—સર્વ ધર્મક્ષેત્રોના આધારભૂત શ્રાવક-શ્રાવિકાવર્ગની સ્થિતિ સુધારવા પહેલી તકે કમર કસો ! આર્થિક-હીનતામાં રીબાતા તમારા બંધુઓની બાંહ્ પકડો ! અજ્ઞાનરૂપ અન્ધકારમાંથી તેમને બહાર કાઢો ! અને તે નબળાઓને બળ આપો !

મારી સમજ મુજબ, કન્યાવિક્રય જેવાં પાપ પણ અધિકાંશે ગરીબાઈને અંગે થાય છે. તેવા સાધર્મિક બંધુઓની ગરીબાઈ તરફ ધ્યાન આપી તેમના ગૃહ-જીવનને ઉચિત ટેકો આપતાં અને લગ્ન આદિના પ્રસંગે ફિજૂલ-ખર્ચીના રીત-રિવાજ ઓછા કરી નાંખતાં કન્યાવિક્રયની દારૂણ ઘટનાઓ બહુ ઓછી થઈ જાય; અને સાધારણ સ્થિતિવાળાઓને પણ તેવા પ્રસંગે હાડમારી ભોગવવાનો વખત નહિ આવે. ગરીબ માણસને પણ થોડામાં દીકરીનાં લગ્ન કરતાં ન સંકોચ ખાવો પડશે, કે ન શર્મિન્દા

થવું પડશે. મતલબ કે લગ્નાદિક-ખર્ચના રિવાજ એટલા હળવા હોવા જોઇએ કે ગરીબ માણસ પણ તેને પહોંચી વળે અને પોતાનું સ્વમાન જાળવી શકે.

નિર્વાહજોગ સાધન-પ્રણાલી, જ્ઞાન અને બળ સામાજિક બન્ધુઓને પૂરાં પાડવાં એજ તેમનું ખરૂં સાધર્મિક-વાત્સલ્ય છે. આવાં સાધર્મિક-વાત્સલ્યનાં સત્રો સ્થાપવા માટે ત્યાગની જરૂર છે. ત્યાગનો જે પ્રભાવ પડે છે તે કોરી લેકચરબાજીનો કે બાહ્ય આડંબરોનો નથી પડતો. આન્તરિક લાગણી વગર ત્યાગ-ભાવ કે બલિદાન-શક્તિનું સ્ફુરણ થતું નથી, એટલે સાધર્મિક-વાત્સલ્યની ભાવનાઓ ક્યાંથી પાર પડે! પછી સંગઠન-કાર્ય તો ક્યાંથીજ બને!

શ્રીમાનો, ધીમાનો અને યુવકો સંગઠન-કાર્યમાં પોતાનો યથોચિત ભોગ આપવા તૈયાર થાય અને સાચા મિશનરીઓનું દળ તૈયાર થઇ પ્રેમ અને સહાનુભૂતિના પાઠો ભણાવવા અને જનતાને જાગૃતિમાં લાવવા બહાર આવે અને ઉપર કહ્યું તેમ " **જૈન પાર્લામેન્ટ** " ની સ્થાપના થાય, પછી જોઇ લ્યો, સમાજની વ્યવસ્થા કેવી સરસ સુધરે છે!

# લગ્ન-સંસ્થા.

સમાજ રૂપી બિલ્ડિંગનું બંધારણ લગ્ન-સંસ્થા પર નિર્ભર છે. અત એવ કોઇ પણ સમાજ-હિતૈષીનું ધ્યાન તે તરફ વિશેષરૂપે આકર્ષાય એ સ્વાભાવિક છે. સમાજને સુજીવિત રાખવા માટે લગ્ન-સંસ્થામાં સુધારણા કરવાની સખ્ત જરૂર છે. આટ આટલી વિધવાઓ-બાલવિધવાઓ હંમેશાં ઉભરાતી જાય એ લગ્ન-સંસ્થાની કફોડી સ્થિતિનું મર્મવેધક પ્રમાણ છે. " બીચારીના નશીબમાં રંડાપો લખ્યો હતો તે કેમ મટે ?" આવા ઉદ્ગારો કાઢનારા ભોળા માણસો એકાન્ત-ભાવિભાવવાદના પંજામાં ફસાઇ જઇ અનેકાન્ત-દર્શનની વિરાધના કરે છે. તેમણે પોતાના પુરૂષાર્થમાં કેટલી ખામીઓ છે, એનો વિચાર કરવો ઘટે. ઉપયોગ વગર પ્રમાદથી ચાલતાં જીવ મરી જાય, તોય તેનું પાપ લાગે છે, અને એટલા માટે ધ્યાન પૂર્વક-ઉપયોગપૂર્વક દરેક પ્રવૃત્તિ કરવાનું જેમ ફરમાન છે, તેમ લગ્ન-સમારંભ પણ ધ્યાનપૂર્વક-પરીક્ષાપૂર્વક હોવો જરૂરને છે. ઉચિત પરીક્ષાપૂર્વક જો લગ્નસમારંભ થાય તો

ભયંકર રંડાપાના દાખલા બહુ ઓછા બને એ સમજી શકાય તેમ છે. કીડા જેવા જન્તુને બચાવવા માટે આપણે ઉપયોગપૂર્વક ચાલીએ, યા પ્રવૃત્તિ કરીએ, તો ભલા, એક પંચેન્દ્રિય, મનુષ્યજાતિ કન્યા બાળવૈધવ્ય યા તરૂણ-વૈધવ્યરૂપ ભીષણ અજગરના મુખમાં સપડાવા ન પામે એ વિષેની પુરતી કાળજી લગ્ન-ક્રિયામાં ન રાખવી જોઈએ કે ? નવ-યૌવનના નવીન વેગમાં આવી પડતું વૈધવ્ય એ નારીજાતિને માટે દારૂણ વજ્રપાત છે. જે ક્રિયામાં આવા પ્રકારનો ભય-પૂર્ણ પ્રશ્ન છે, જીવન-મરણ જેવો દારુણ પ્રશ્ન છે, તે ક્રિયા-તે લગ્નક્રિયા ઉચિત પરીક્ષા વગરજ કરી નંખાય કે ?

આર્ય મનુષ્યોમાં દયાની લાગણી સ્વાભાવિક હોયજ, તેમાં વળી પોતાની સંતતિ પ્રત્યે વાત્સલ્યભાવનું શું પૂછવું ! છતાં જ્યારે સમાજનું બંધારણ વ્યવસ્થિત નથી હોતું, ત્યારે તેમને પોતાની વ્હાલી કન્યા પણ બોજારૂપ થઈ પડે છે; અને તેને કયાંય ઠેકાણે પાડી દઈ તે ઉપાધિના કષ્ટમાંથી છુટવા વિષેની સંતાપપૂર્ણ ચિન્તા ઉભી થાય છે. પછી એનું પરિણામ એ આવે છે કે પોતાની પ્યારી કન્યાની લગ્ન-ક્રિયા માટે ઉચિત પરીક્ષા ન કરતાં જેવા તેવાની સાથે તેણીને વળગાડી દેવામાં આવે છે. વળી કેટલાક મા-બાપો પૈસાદારનું ઘર મેળવવા માટે એવા ઘેલા થઈ જાય છે કે તેઓ પોતાની વહાલી કન્યાનું હિત વિચારવાનું એકદમ વિસરી જાય છે, અથવા તેવું ઘર મેળવવાના લોભે તેઓ પોતાની પ્યારી કન્યાનું હિત જોવામાં જાણી જોઇને આંખઆડા કાન કરે છે; અને એથી આગળ

વધીને એવા પણ લોકો ક્યાં ઓછા છે કે, જેઓ છડેચોક કન્યાની દૂકાન ખોલીને બેઠા છે !

આવાં અજ્ઞાન યા લોભનાં વાદળો જ્યાં ઘેરાયલાં હોય ત્યાં લગ્નક્રિયા યોગ્યરૂપમાં કેવી રીતે બની શકે ! અને પછી એના પરિણામમાં **વિધવાઓનો રાફડો ન ફાટે** તો બીજું શું થાય !

અવ્વલ તો ન્હાની ઉમ્મરમાં વિવાહ કરવો એજ ગેર-વ્યાજબી છે. ૧૪ વર્ષની ઉમ્મર થવા પહેલાં કન્યાનો વિવાહ ન થવો જોઇએ. તેટલી ઉમ્મર સુધીમાં તે સુશિક્ષણ અને સદા-ચરણમાં પ્રવીણ થયા બાદ લગ્નગ્રન્થીની અધિકારિણી બને છે. તેટલી ઉમ્મર પછી યોગ્ય પાત્ર મળતાં તેનું સૌભાગ્ય ખીલી ઉઠશે. કદાચ તેવો જોગ ( યોગ્ય પાત્ર ) સમય પર નહિ મળે, તો પણ તે અયોગ્યની સાથે તો નહીં જોડાય; કેમકે તેણીએ પોતાના શિક્ષણ-પાઠમાં એ શિખેલું હશે કે અવિવાહિત રહેવું એ ઠીક, પણ અયોગ્ય સાથે જોડાવું એ ખરાબ છે. સુશિક્ષણ અને સદાચરણના સંસ્કારોના પ્રભાવે મર્યાદામાં રહી કુમારી-જીવન ગાળવું તે પસંદ કરશે, પણ અયોગ્ય વિવાહમાં ફસાવું તેણીથી નહીં બની શકે. ખરી વાત તો એ છે કેઃ—

" न रत्नमन्विष्यति मृग्यते हि तत् । "*

અર્થાત્—' રત્ન બીજાને ખોળવા નિકળતું નથી, કિન્તુ બીજા, રત્નને ખોળવા નિકળે છે. '

---

* મહાકવિ કાલિદાસના કુમારસંભવમાં ' પાર્વતી ' પ્રત્યે બ્રહ્મચારિ—વેષચ્છન્ન મહાદેવની ઉક્તિ.

ધીરજ અને શુદ્ધ આત્મ-ભાવનાં ફળ મીઠાં હોય અને સચ્ચારિત્રનો પ્રભાવ અજવાળું નાંખ્યા વગર ન રહે; પણ ઉતાવળ કરીને અયોગ્ય લગ્ન-ક્રિયા કરી નાખવી એ તો અનુચિત છે.

લગ્ન ક્રિયાની યોગ્યતા મુખ્યતયા ચાર બાબતોથી જોવાની છે. ઉમ્મરનો મેળ, તન્દુરસ્તી, સદ્દાચરણ અને જીવનનિર્વાહજોગ કમાણી. આ ચારે જેમાં હોય તે યોગ્ય પાત્ર ગણાય. ભલે તે પૈસાદાર ન હોય, પણ જીવનનિર્વાહજોગ કમાઇ શકનાર હોય એટલે હરક્ત નહીં. મતલબ કે ઉમ્મરનો મેળ, તન્દુરસ્તી અને સદાચરણ એ ત્રણેમાંથી કોઇ એક વગરનો પુરૂષ ગમે તેવા ધનના ઢગલાદી પણ વિવાહ-યોગ્ય નથી બની શકતો, જ્યારે સાધારણ-સ્થિતિવાળો ( નિર્વાહજોગ કમાનાર ) માણસ પણ એ ત્રિગુણ-શકિતને અંગે વિવાહને પાત્ર છે.

રહસ્યનો વિચાર કરતાં જણાશે કે નારીનું મુખ્ય આરાધ્ય પદ શક્તિ-બળ છે. તેમાં જો લક્ષ્મીનો સહયોગ મળે, તો સોનું ને સુગંધ! કિન્તુ શક્તિ વગરની લક્ષ્મી તેણીને સન્તોષકારક નથી થઇ પડતી, બલ્કે ત્રાસરૂપ થઈ પડે છે, જ્યારે સાધારણ સ્થિતિમાં પણ, ગરીબી હાલતમાં પણ શક્તિ-યોગ તેણીને પ્રસાદીરૂપ થઇ પડે છે. કન્યાના માબાપો યા વ્હાલેસરીઓ આ તત્ત્વને સમજી જાય તો તેઓ સમજી શકે કે તેમની પોતાની લાડકી બાળાનું આનન્દાશ્રમ કોરૂં લક્ષ્મી-મન્દિર નથી, કિન્તુ શક્તિ-મંદિર છે. અને એ પ્રકારની નારીજાતિની નૈસર્ગિક ભાવના તરફ મનન કરતાં તેઓ પોતાની કન્યા માટે કોરા

પૈસાદાર ઘર તરફ ડોળા ન ફાડતાં સગુણ શકિતને શોધવાનું પસંદ કરે; અને એ રીતે પોતાની પુત્રીને સુખના રસ્તે મૂકવી એ તેમનું સ્વાભાવિક અને આવશ્યક કર્તવ્ય છે. એ કર્તવ્યને પાલન કરવામાં તેઓ જેટલી ખામી રાખે, તેટલા તેઓ તે કન્યાના વિરાધક થાય, એક મનુષ્ય પ્રાણીના વિરાધક થાય અને સાથે જ સાથે પોતાની પ્રિય સન્તતિના પણ વિરાધક થાય.

એક વૃદ્ધ અમીરે એક બાળા સાથે લગ્ન કર્યું, અને તેણીને મ્હોટા બાદશાહી મહેલમાં લક્ષ્મીની અપૂર્વ સૌન્દર્ય–છટાથી સજાયેલા કમરામાં સુવર્ણ-સિંહાસનપર બિરાજમાન કરી તેણીની આગળ ભારે ભારે ઝવેરાત--હીરા, મોતી, માણેક, રત્ન પાથર્યાં, અને પોતાની વિવિધ ઐશ્વર્ય--લક્ષ્મીનો નિર્દેશ કરતો તે તેણીને રીઝવવા લાગ્યો. ત્યારે તે કન્યા હિમ્મત કરીને બોલી કે—હું સમજું છું કે તમારી પાસે દરિયા જેટલી લક્ષ્મી છે, છતાં હું સ્પષ્ટ શબ્દોમાં કહી નાંખીશ કે, એક સાધારણ કુટીમાં, જેની જંઘામાં બાણ વાગ્યું છે, એવા પણ યુવકના વક્ષઃસ્થળ ઉપર માથું ટેકવીને પડી રહેતાં મને જે પ્રસન્નતા ભાસે, તેનો આ લક્ષ્મી--મંદિરમાં મને હડહડતો દુકાળ લાગે છે.

વૃદ્ધ--લગ્ન યા અનમેલ વિવાહ માટે આ ઓછો ફીટકાર નથી. ઉમ્મરના મેળ વગરનો વિવાહ એ અનમેલ--વિવાહ છે. એનું જ બીજું નામ કજોડા--લગ્ન છે. એવાં લગ્નોને, ખરૂં જોતાં શરીર–લગ્ન કહી શકાય, પણ એ હૃદય–લગ્ન યા પ્રેમ–લગ્ન તો ન જ હોઇ શકે. અને જ્યાં–હૃદય લગ્ન નથી, ત્યાં કેવા ભવાડા થાય છે એ જાણીતી બીના છે.

ઉમ્મરનું આન્તરૂં ચાલુ જમાનાની હવા મુજબ ઓછામાં ઓછું પાંચ વર્ષનું હોવું હિતાવહ છે. ચૌદ વર્ષની ઉમ્મરની કન્યા સાથે ૧૯-૨૦ વર્ષના હૃષ્ટ-પુષ્ટ, સુચરિત યુવકનું લગ્ન એ ઠીક લગ્ન ગણાય. પાંચ વર્ષથી લઇ નવ-દશ વર્ષ સુધીનું આન્તરૂં અઘટિત નથી. પણ એથી વધારે આન્તરાવાળો વિવાહ એ અનમેળ-વિવાહ ગણાય. વૃદ્ધ-લગ્ન એ તો અનમેળ-વિવાહની પરાકાષ્ઠા. વીશ વર્ષથી વધારે આન્તરાવાળો વિવાહ એ વૃદ્ધ-વિવાહ છે.

ઉમ્મરે વૃદ્ધ થવા છતાં પણ જેમની કામ-તૃષ્ણા શાન્ત થતી નથી અને જેઓ ઉંટના જેવી પોતાની ગર્દન ઉપર બકરી યા બિલાડી લટકાવવા જેવું નીચ કૃત્ય કરવા લાગી જાય છે, તેઓ ખરેખર લગ્નના બહાને એક બાળિકાને બળતી ભઠ્ઠીમાં પટકે છે. ધનની કોથળીઓના લોભમાં આંધળા બની પોતાના પરસેવાથી ઉત્પન્ન થયેલી પોતાની વ્હાલી પુત્રીને બુઢાને હાથે વેચનાર માબાપ,કસાઇને હાથે ગાય વેચનાર નરાધમો કરતાં પણ વધારે ક્રૂર છે;એવા જીવતાં માંસને વેચનાર તેવા પાપી માબાપને જોઇ મડદાં-માંસને વેચનાર કસાઇ પણ એક વાર થરથરી ઉઠે. પણ મને તો આવાં માંસને ભારોભાર વેચનાર નરાધમ માબાપો કરતાં પણ તેવા જીવતાં-માંસને ખરીદ કરનાર બુઢ્ઢા વધારે ચાંડાળ લાગે છે. તેવા છકી ગયેલા કાફર બુઢ્ઢાઓજ લક્ષ્મીની કોથળીઓ સ્હામે ધરીને છોકરીના માબાપને છોકરીનું જીવતું માંસ વેચવા લલચાવે છે, અને પછી એ હૈયાના ફુટેલ માબાપ તે હરામખોર બુઢ્ઢાઓના રાક્ષસીય પ્રલોભનમાં ફસાઇ જઇ

પોતાની જીવતી કન્યાની છાતી પર મગ ભરડવા લાગી જાય છે !

૧૨ યા ૧૪ વર્ષના છોકરાને ૪૫ યા ૫૦ વર્ષની ડોશી સાથે છેડાછેડીમાં બાંધવામાં આવે તો તે છોકરાને કેટલો ત્રાસ છૂટશે ! એજ પ્રમાણે ૧૨ યા ૧૪ વર્ષની કન્યા ૪૫ યા ૫૦ વર્ષની અવસ્થાવાળા સાથે છેડાછેડીમાં બંધાતાં તે કન્યાના હૃદયમાં દુઃખ-દાવાનળ નહિ સળગી ઉઠે કે ? છતાં તેની પરવા કર્યા વગર કન્યાને વેચનાર અને લેનાર ભયંકર પાપોના પોટલા ઉપાડવા સાથે સમાજનો અને ધર્મનો જેટલો દ્રોહ કરે છે, તેથીય વધારે દ્રોહ તે માણસો કરે છે, કે જેઓ તેવા પૈશાચિક વિવાહમાં શામિલ થાય છે, અને એ રીતે આસુરી તોફાન અને છાકટા-વેડાને ઉત્તેજન આપે છે; પછી ભલે તે નાતના શેઠીયા હોય, કે મહાજનના આગેવાનો હોય, યા બીજા કોઈ હોય, પણ તે બધા પેલા ખરીદી અને વકરો કરનાર ચાંડાળો કરતાં વધારે ક્રૂર ચાંડાળ છે. જો તેઓ ભયંકર ' કન્યા-બલિ ' માં શામિલ ન થાય અને એવા પાપી વિવાહને નિષ્ઠુરતાથી ફટકારી નાંખે તો એવા હત્યારા પ્રસંગો આપો આપ શમી જાય.

જેમ માંસ-ભક્ષણ કરનાર, પશુનું હનન કરવા ગયો નથી, છતાં તે પશુ-ઘાતકોમાં ગણાયો છે, એટલું જ નહિ, બલ્કે **હેમચન્દ્રાચાર્ય**ના * કથન પ્રમાણે માંસભક્ષક જ ખરો

" * ये भक्षयन्त्यन्यपलं स्वकीयपलपुष्टये ।
त एव घातका यन्न वधको भक्षकं विना " ॥
( યોગશાસ્ત્ર, ત્રીજો પ્રકાશ )

ઘાતક છે, કેમકે ભક્ષક વગર ઘાતક હોતો નથી, તેમ ‘ કન્યા-બલિ ’ ના પૈશાચિક ઉત્સવમાં શામિલ થઇ મિઠાઇ ઉડાવનારા, તે કન્યાના દ્રોહીઓમાં એક અપેક્ષાએ મુખ્ય ગણાય.

કસાઈના આંગણે મરાતા જાનવરને બચાવી લેવાનો પ્રયત્ન કરાય, જ્યારે ‘ કન્યા—બલિ ’ ના પ્રસંગે તે કન્યાને બચાવી લેવાની વાત તો દૂર રહી, બલ્કે તે આસુરી ઉત્સવમાં હસતે વદને, હરખતે ચેહરે શામિલ થઇ માલ—પાણી ઉડાવાય એ કેવી વાત ! આવાં માણસોમાં પશુ—દયા જેટલીયે મનુષ્ય—દયાની લાગણી હોય તો તેઓ તેવી ‘ કન્યા—હોમ ’ ની ક્રિયામાં શામિલ થાય ખરા કે ? અરે ! તેવા સ્થળનું પાણી પણ તેમને ખૂન બરાબર લાગે. અસ્તુ.

માનવ—જીવનની ઉન્નતિનો પાયો બ્રહ્મચર્યાશ્રમમાં નંખાય છે. બ્રહ્મચર્યાશ્રમના પાલનમાં જ જીવનની સંપૂર્ણ વિભૂતિઓનાં બીજ વવાઇ જાય છે. એ આશ્રમમાંથી સહીસલામત પસાર થવું એનું નામ જ દિવ્ય જીવનમાં દાખલ થવું છે. એ આશ્રમની રક્ષામાં જે સમર્થ નિવડયો અને સફળ થયો, તેણે ખરેખર મ્હોટામાં મ્હોટો કિલ્લો સર કરી લીધો.એ બ્રહ્મચર્યાશ્રમની હદ ઓછામાં ઓછી ૧૯ વર્ષ સુધીની હોવી જોઇએ. તેટલો વખત અખંડ બ્રહ્મચર્ય પૂર્વક વિદ્યાધ્યયન કરવાનો છે. પરંતુ વર્તમાન સમયમાં બાલવિવાહની પ્રથાએ અને અજ્ઞાન-દશાએ આ સનાતન પદ્ધતિને લગભગ અણમાનીતી જેવી કરી મૂકી છે. અને એનું જ એ પરિણામ છે કે આજના નવયુવકો અને બાળાઓના ચેહરા ઘણે ભાગે નિસ્તેજ અને ફીકા પડી ગયેલા જોવામાં

આવે છે. કૌવત, ઉત્સાહ, ઉલ્લાસ તેમનામાંથી લગભગ જતાં રહ્યાં છે. જુવાનીની હાલતમાં તેઓ કેવા પાણીદાર, કેવા જુસ્સાદાર, કેવા તગમગતા ચહેરાવાળા અને તન્દુરસ્ત હોવા જોઈએ, તેને બદલે નબળા, બદસૂરત અને કમતાકાત જોવામાં આવે છે. જે ઉમ્મરમાં શકિતનો વિકાશ આરંભાય છે તે જ ઉમ્મરમાં બાલ-લગ્ન રૂપી ઘાતક કીડાને ઘુસેડી દેતાં પરિણામ એ આવે છે કે, શક્તિ-વિકાશ થવાને બદલે શકિત-હ્રાસ થવા માંડે છે.

પ્રાચીન કાળના મહાપુરૂષોની જીવનીઓ જોતાં સ્પષ્ટ જણાઇ આવે છે કે તેઓ ચોગ્ય ઉમ્મરે વિવાહિત થવા પહેલાં વિદ્યાધ્યયનની સાથેજ સાથે અંગ-ખીલવણી અને શસ્ત્ર-કળાનો પણ અભ્યાસ કરતા. દુર્યોધન, ભીમ અને અર્જુનની બાલ-અવસ્થાની કસરતો અને તેમના શસ્ત્ર-ખેલો એ વાતની સાબિતી છે. ચરમ તીર્થંકર મહાવીર દેવના પિતા રાજા સિદ્ધાર્થનાં વિવિધ પ્રકારનાં વ્યાયામોનું વર્ણન, જે કલ્પસૂત્રમાં આપેલું છે, તે સ્પષ્ટ પુરવાર કરે છે કે પ્રાચીન કાળના પુરૂષોની દિન-ચર્યામાં વ્યાયામક્રિયા પણ એક આવશ્યક ક્રિયા ગણાતી હતી. રાજકુમાર હોય કે વણિક્-કુમાર હોય દરેકને બ્રહ્મચર્ય અને વ્યાયામ દ્વારા શારીરિક ખીલવણીની સખ્ત જરૂર છે. પહેલી ઉમ્મરમાં બાંધો બંધાઇ ગયો તે બંધાઇ ગયો. પછી તો, જો કે "જાગ્યા ત્યાંથી સ્હવાર" છે જ, કિન્તુ "રાઇના ભાવ રાતે ગયા" એમજ કહેવાય.

શારીરિક ખીલવણી પુરૂષોને માટે જેમ અગત્યની છે, તેમ સ્ત્રીઓને માટે પણ અગત્યની છે. પૂર્વકાળની કુમારીઓ

અને મહિલાઓની શારીરિક શક્તિનાં વર્ણનો જોઇએ છીએ, ત્યારે હાલની કમજોર અબળાઓની નબળી દશા ખરેજ દિલગીરી ઉત્પન્ન કરે છે. પરિણામે જેવી ભૂમિ તેવો પાક થાય એમાં નવાઇ શી ? જ્યાં સુધી માતાઓ બલવતી નહિં નિપજે, ત્યાં સુધી બલવાન્ સન્તાનની આશા રાખવી વ્યર્થ છે.

આજની કન્યાઓ તે આવતી કાલની માતાઓ છે. અને રાષ્ટ્રીય બિલ્ડિંગના થાંભલા તેમની પાસેથી પૂરા પડવાની આશા છે. માટે બ્રહ્મચર્ય-કાળમાં તેણીઓને પણ વ્યાયામ અને બલ-પ્રયોગમાં પ્રવીણ બનાવવાની આવશ્યકતા છે.

જે કૈકેયીએ, સમરાંગણમાં દશરથ રાજાના રથની ધરી એકાએક તુટી જતાં પોતાની આંગળીને તે ધરીની જગ્યાએ ગોઠવીને પોતાના સ્વામિ-નાથને નિરાશામાંથી ઉગારી લીધો હતો; જે સીતા, રાવણ જેવા મદોન્મત્ત રાક્ષસથી પણ જરાય ભયભીત ન્હોતી થઈ અને જે દ્રૌપદીએ જયદ્રથ રાજાને ધક્કો મારી નીચે પાડી દીધો હતો, તેમનાં પરાક્રમ કેવાં હશે ! એવી બલવતી માતાઓના પુત્રો મહાન્ વીર-યોદ્ધા નિકળે એમાં શું આશ્ચર્ય ! ઉંદરો કે ગુલામો તો ઉંદરડી કે ગુલામડીમાંથીજ પેદા થાય. બહાદુર નેપોલીયન સાફ જણાવે છે કે-' વીરતાનો પાઠ મને મારી માએ ભણાવ્યો છે.' ઇતિહાસ એ વાતનો સાક્ષી છે કે, ગમે તે કાળે અને ગમે તે સ્થળે, જ્યારે જ્યારે મહાન્ પુરૂષો દ્વારા જે પ્રદેશની ઉન્નતિ થઈ છે તેનું આદિ કારણ તે પ્રદેશની નારી-શક્તિ છે. નારી-જાતિને તુચ્છ, અજ્ઞાન, નિર્બળ અને એક પ્રકારનું ' મશીન ' સમજીને અત્યાર સુધી

તેની જે અવગણના થતી આવી છે તેનેજ લીધે 'શક્તિ-માતા'-નો કોપ દેશ ઉપર ઉતરી આવ્યો છે અને દેશની દીન-દશા સુધાર્યે સુધરતી નથી. અત્યારે દેશની અને ખાસ કરીને જ્યાં પડદાનો સખ્ત રિવાજ છે તે પ્રાન્તોની અબળા એટલે દરજ્જે અબળા બની ગયેલી છે કે એ વિષે એક કિસ્સોજ રજુ કરવો બસ થશે.

એક વખતે કોઇ સ્ટેશન ઉપર એક ગૃહસ્થે પોતાના ઓળખીતા એક સજ્જનને કહ્યું: "ભાઇ, જરા અહીં ખબર રાખજો. આ મારા પાંચ ટ્રંક પડયા છે, હું જરા ટિકિટ લઇ આવું." ત્યારે પેલો સજ્જન બોલ્યો, "મહેરબાન! આ તો ચાર ટ્રંક છે, પાંચ કયાં છે?" ત્યારે તે ગૃહસ્થ મ્હોં મલકાવી-ને બોલ્યા, "આ મ્હારી ઔરત એ પાંચમો ટ્રંક છે!"

પરંતુ ન ભૂલવું જોઇએ કે, નારીની આત્મ-સત્તામાં એક એવી વિલક્ષણ શક્તિ છુપાયલી છે કે, જેનો સમુચિત વિકાસ થતાં તેના આધાર પર આખા રાષ્ટ્રનું ઉત્થાન થઇ શકે. એક વિદ્વાન્ના શબ્દો છે—

"The hand that rocks the Cradle rules the world."

અર્થાત્—'જે સુકુમાર હાથ બચ્ચાંને પાલણામાં ઝુલાવે છે તેમાં જગતનું શાસન કરવાની શક્તિ પણ મોજૂદ છે.'

આ વાત સાચી જણાતી હોય તો એ પણ સાચું જણાવું જોઇએ કે સ્ત્રીઓનો વ્યવહાર 'અબળા' નામથી કરીને દેશની

પ્રજા પણ પ્રાયઃ અબલા બની ગઇ છે. કિન્તુ સમય-ધર્મ હવે સાફ કહી રહ્યો છે કે એ જુના સંસ્કારને ભૂંસી નાંખી એમને સબળા બનાવવાનો પ્રયત્ન કરવો અત્યંત આવશ્યક છે. તેમના આત્મામાં ગુપ્તરૂપે રહેલી શક્તિઓને વિકાસમાં લાવવાની સાધન-સામગ્રી પ્રસ્તુત કરવાની બહુ જરૂર છે. આ માટે સર્વ-પ્રથમ બાલ-વિવાહની દુષ્ટ રૂઢિને ઉખેડી ફેંકી દેવાની પરમ આવશ્યકતા છે.

બાલ-લગ્નની હોળી એકલા જૈનોમાંજ નહિ, પણ પ્રાયઃ તમામ હિન્દુ કોમમાં સળગી રહી છે. આ ઘાતક પ્રથા એક રાક્ષસીની જેમ લાંબા સમયથી દેશનું ખૂન ચુસી રહી છે. દેશની દુર્ગતિનાં અનેક કારણોમાં બાલ-વિવાહની રૂઢિ પણ એક જબરદસ્ત કારણ છે. આ અધમ રૂઢિના પ્રતાપે જે દેશમાં ન્હાનાં ન્હાનાં બાળક-બાળિકાઓને પરણાવી દેવામાં આવતાં હોય અને તેર તેર વર્ષ જેટલી ઉમ્મરમાં તે બાળક-બાળિકાઓ માતા-પિતા બની જતાં હોય, તે દેશની ઉન્નતિ કઈ રીતે થઇ શકે? એટલી ઉમ્મરમાં તો શરીરનો બાંધોય પૂરો બંધાતો ન હોય, ત્યાં લગ્ન કરી નાંખવાં અને માતાપિતા બની જવું એ કેટલું અઘટિત છે? કાચી ઉમ્મરનાં મા-બાપથી ઉત્પન્ન થનાર સન્તાન પણ દુર્બળ અને રોગીજ નિકળે, એ ઉઘાડું છે. કાચી ઉમ્મરમાં બનેલાં માબાપો માતા-પિતા તરીકેની પોતાની જુમ્મેદારી કેવી રીતે પૂરી કરી શકવાના હતા? અસમયમાં આવી પડતો લગ્ન-ભાર જ જયાં વ્યાધિરૂપમાં પરિણત થઇ જતો હોય અને એવી વ્યાધિમાં સપડાયલા ખુદ પોતેજ

દુર્બળ અને રોગાર્ત્ત હોય ત્યાં પછી તેમની સંતતિ નિર્માલ્યજ પેદા થાય, એમાં પૂછવુંજ શું ? બાલ–મૃત્યુની અધિકતાનું કારણ, અધિકતર કન્યાઓનું ન્હાની ઉમ્મરમા માતા બની જવું એ છે. જે દેશોમાં બાલ–વિવાહની પ્રથા છે, તે દેશોમાં બાલમૃત્યુની સંખ્યા વિશેષ છે. ભારતવર્ષમાં બાલમૃત્યુ–સંખ્યા બીજા દેશો કરતાં બહુ વધારે છે, અને તેનું પ્રધાન કારણ બાલવિવાહની પ્રથા પણ છે.

લઘુ વયમાં બાળકોને ખાંધે લગ્નનું ધોંસરૂં નાંખવું એ ખરેખર તેમની જિન્દગીમાં વિષમ શલ્ય ઘુસેડવા બરાબર છે. કાચી ઉમ્મરમાં બાળકોને વિષયરૂપી આગમાં પટકવા એ તેમની ઉપર ઓછો અત્યાચાર ન ગણાય. ન્હાની ઉમ્મરમાં બાળકોને પરણાવનારા માબાપો તે બાળકોની આખી જિન્દગી ઉપર પાણી ફેરવવાનું અધમ કૃત્ય કરે છે, કે જે એક દુશ્મન પણ ન કરી શકે. શરીરની જડ પરિપક્વ થયા પહેલાં કુમાર–કુમારીને વિવાહના બન્ધનમાં નાંખવા એ કુદરતની સ્હામે ખરેખર હુમલો કરવા જેવું છે. લગાર વિચાર કરવાનો વિષય છે કે–તળાવમાં પાણી ભરાતું હોય, તે વખતે બીજી તરફથી પાણીને નિકળવાનો રસ્તો આપવામાં આવે, તો તે તળાવ પાણીથી ભરાવાનું કે ? યોગ્ય ઉમ્મરે પહોંચ્યા પહેલાં વિવાહિત રીતે યા ઉચ્છૃખલ રીતે પોતાના સત્ત્વનો ક્ષય કરવો એ ખરેખર પોતાના જીવન પર કુઠારાઘાત કરવા જેવું છે. એમ કર્યેથી આગળ શી રીતે જીવી શકાશે ? શારીરિક આરામ શી રીતે લઇ શકાશે ? જિન્દગીના વહેવાર વચ્ચે શી રીતે ઉભી શકાશે ? અરે,

જિન્દગીને તકલાદી બનાવવાની આ કેવી મૂર્ખતા ! બલ-ક્ષય થયા પછી, યાદ રહે કે ગમે તેટલા માલતી, મકરધ્વજ કે ચન્દ્રોદય જેવા રાસાયણિક પદાર્થો સેવવામાં આવે, અને ગરમાગરમ બદામના હલવા-શિરા ઉડાવવામાં આવે કે ગરમાગરમ કઢેલાં મસાલાદાર કેશરીયાં દૂધ પીવામાં આવે, પણ શરીરનો નષ્ટ થયેલ બાંધો ફરી બંધાવાનો નથી.જેણે પોતાનું સત્ત્વ જાળવ્યું છે તેને સૂકા રોટલા પણ મકરધ્વજ-સમાન છે અને જેણે પોતાના શરીરના મોભને ઉખેડી નાંખ્યો છે તેને માટે ગમે તેવા પૌષ્ટિક પદાર્થો પણ નિરર્થક છે. વીશ વર્ષની ભરજુવાનીમાં જુવાનીયા કેવા શકિતશાળી, કેવા તેજસ્વી નિકળવા જોઇએ, તેને બદલે આજના યુવકો તેટલી ઉમ્મરમાં અધિકાંશ પીળા પચકી ગયેલા, ચહેરા ઉપરથી નુર ગુમાવી બેઠેલા અને કમતાકાત જોવામાં આવે છે. જે યુવકોમાંથી દેશનું સેના-દળ ઉભું કરવાની આશા રખાતી હોય, તે જ યુવકોની આ દશા ! ખરેખર અસમયમાં રેતોધ્વંસ થતાં, અર્થાત્ શરીરરૂપી શેલડીમાંથી રસ નિકળી જતાં શરીર, શેલડીના કૂચા સરખું બની જાય છે. શરીરરૂપી દહીંમાંથી સત્ત્વરૂપી માખણ નિકળી જતાં શરીર છાશના પાણી સરખું નિઃસત્ત્વ બની જાય છે. બ્રહ્મચર્યની અગાધ શક્તિ છે. અને તે યોગ્ય ઉમ્મર સુધી સાચવવામાં આવે અને વિવાહિત થયા બાદ પણ મર્યાદિત રીતે ગૃહસ્થાશ્રમનું પાલન કરવામાં આવે તો જિન્દગી-પર્યન્ત આનન્દના કલ્લોલ ઉડે, એમાં શક નથી. " ऋतौ भार्यामुपेयात् " એ વૈદ્યકગ્રન્થ 'ભાવપ્રકાશ' નું વચન ઋતુકાળમાં જ પત્ની-યોગ કરવાનું ગૃહસ્થોને દર્શાવે

છે. અર્થાત ઋતુ-સ્નાન થયા બાદ ૧૨ દિવસની અંદર જ પત્ની-યોગ કરવાનું કથન છે. તે ગર્ભાધાનનો કાળ છે. તે દિવસોમાં ભોગાભિલાષીને સન્તતિ-કામનાથી પ્રેરાઇ સંગ કરવાનું લખ્યું છે. વળી ગર્ભાધાનના દિવસથી લઇ સન્તાનોત્પત્તિ થાય અને સન્તાન ધાવણ છોડી ખોરાક લેવાનું શરૂ કરે તેટલા વખત સુધી પુરૂષે બ્રહ્મચર્ય પાળવાની જરૂર છે. સન્તાનોત્પત્તિ થયા પછી પણ ઓછામાં ઓછો અઢાર મહીના જેટલો સમય બ્રહ્મચર્ય પાળવાનો છે. વિષય-સંગ જેમ ઓછો, તેમ સુખ-શાન્તિ વિશેષ. વિષય-સંગ જેમ વધુ, તેમ સન્તાપ-પરિતાપ વધુ. વિષય-સંગ બહુ જ નિયમિત બનાવવાથી શરીર-બળ ખીલે, આત્મોલ્લાસ પ્રગટે અને ગૃહસ્થધર્મનું મહાન્ ફળ મેળવાય. પરંતુ જે બીચારા કમમાં કમ એક એક દિવસનું પણ આન્તરૂં નથી રાખી શકતા, તિથિ-પર્વોની પણ કદર નથી કરતા, તેમને તો **તુલસીદાસજી** મહારાજ ઠીક જ ફટકો મારે છે કેઃ—

" કાર્તિક માસકે કૂતરે તજે અન્ન ઔર પ્યાસ,
તુલસી વાકી કયા ગતિ, જિનકે બારે માસ ! "

જેઓ પરસ્ત્રી યા રંડીના ચશકામાં પડેલા છે, જેઓ પોતાની પત્ની ઉપર કામાન્ધ બની ભાન ભૂલ્યા છે તેમને એક ગુજરાતી કવિ જુઓ ! કેવું સરસ સંભળાવે છેઃ—

" રે ! રે ! કુંભ ! કુવા વિષે ઉતરીને પોકાર તું શું કરે ?
જો આયુષ્ય હશે હવે તુજ તણું તો તું અહીં ઉગરે;
જે થાશે નર નારીનાજ વશમાં તેની દશા આ થશે,
ફાંસો ઘાલી ગળા વિષે જરૂર તે ઉંડે કુવે નાખશે. "

# દમ્પતિ-ધર્મ.

આજ કાલ અધિકાંશ ગૃહસ્થ–જીવન કલહપૂર્ણ અને અશાંત જોવામાં આવે છે. એનું કારણ વિવાહ–સંસ્કારની અનભિજ્ઞતા છે; અયોગ્ય પ્રકારના વિવાહનું પરિણામ છે. યોગ્ય લગ્ન–પદ્ધતિની બાબતમાં પૂર્વાચાર્યોએ ઘણું સરસ ઉપદેશ્યું છે, પણ તે તો બધું પુસ્તકોમાં રહ્યું. આજે વિચિત્ર રૂઢિવાદે સમાજને ઘેરી લીધો છે, અને તેના પરિણામે ગૃહસ્થ–સંસારની જે દુર્દશા થવી જોઇએ, તે નજર સ્હામે જોવાઇ રહી છે. ધર્માચાર્ય મહાપુરૂષોએ વર્ણવેલા ગૃહસ્થ–ધર્મના સંસ્કારોમાં વિવાહ–સંસ્કાર એ એક રહસ્યપૂર્ણ સંસ્કાર છે, જેનું યથાવિધિ પાલન કરવામાં આવે; તો ગૃહસ્થાશ્રમ ખરેખર સુખસમ્પન્ન નિવડે.

વિવાહ એ કેવળ મોજ–મજાની ચીજ નથી; પણ એ ગૃહસ્થોને માટે એક ધાર્મિક સંસ્કાર છે, અને તે ઇશ્વરની સાક્ષીએ પ્રતિજ્ઞાપૂર્વક કરવામાં આવે છે. સ્ત્રી સરખા દરજ્જે પુરૂષનું અડધું અંગ છે. એ એવું કપડું નથી કે મન ન માન્યું

કે બદલી નાખ્યું. એ પુરૂષની અર્ધાંગિની-સહચારિણી-ધર્મ-પત્ની છે. એ બન્ને પ્રાણીઓએ પરસ્પર એક બીજા સાથે ઉચિત કર્ત્તવ્ય પાળવાની પરમેશ્વરની સાક્ષીએ પ્રતિજ્ઞા કરી છે.

ઉત્તમ શિક્ષણની ખામી તો સમાજમાં મૂળથીજ છે; તેમાં સ્ત્રી-વર્ગ ઉપર તો અજ્ઞાનનું મ્હોટું વાદળ છવાયેલું છે. આમ અજ્ઞાનની આંધીમાં પુરૂષો પ્રાયઃ સ્ત્રીને કેવળ પોતાની ક્રીડા-વસ્તુ સમજી બેઠા છે. કર્ત્તવ્ય-જ્ઞાન ન હોવાની આ દુર્દશા છે. અને એનાજ પરિણામે કજોડા-લગ્ન, બાલ લગ્ન અને વૃદ્ધ-લગ્નની ધૂમ મચેલી છે. એમ પણ બને છે કે કન્યાને કે બાળકને હજુ એ પણ ખબર નથી કે વિવાહ શું છે? વિવાહનો ઉદ્દેશ શો છે? છતાં એવી હાલતમાં પણ તેને વિવાહની બેડીમાં બાંધી દેવામાં આવે છે. જેની સાથે આખી જિન્દગી ગાળવી છે તેનું શારીરિક બંધારણ કેવું છે? એ રોગી છે કે સ્વસ્થ? સદાચારી છે કે દુરાચારી? એ જાણવાનો કન્યાને અધિકાર નથી. માબાપ છોકરીને જેના ગળે મઢે, તેની સાથે તે છોકરીએ કંઇ પણ "ચું ચાં" કર્યા વગર ચાલી નિકળવું જોઇએ. તેવીજ રીતે કુમારને પણ, જેની સાથે તેનો સંબન્ધ થનાર છે, તે વિષે અગાઉથી કંઇ પણ જાણવાનો અધિકાર નથી. તેને ગળે ગમે તેવી બલા વળગાડી દેવામાં આવે, તેને તેણે ચૂપચાપ સ્વીકારીજ લેવી જોઇએ.

આથી શું બને છે? કન્યા જો સુશીલા હોય છે, તો છોકરો બુધ્ધૂ હોય છે. એક તરફ સૌન્દર્ય હોય છે, તો બીજી બાજુ કદરૂપપણું હોય છે. એક તરફ જ્ઞાન-શિક્ષણ હોય છે,

તો બીજી તરફ જડતા હોય છે. આવીજ રીતે સ્વભાવ વગેરેમાં પણ વિરૂદ્ધતા હોય છે. આવા કજોડાને ગૃહસ્થાશ્રમની સુખશાન્તિ મળે કે ? બીચારા ઘણાઓને પોતાનો સંસાર મહામુશીબતે અને બહુ બુરી હાલતે પસાર કરવો પડે છે. લોકમાં કહેવાય છે કે—

" શાક બગડયું તો દિવસ બગડયો,
અથાણું બગડયું તો વરસ બગડયું,
*બાયડી બગડી તો ભવ બગડયો. "

આચાર્ય મુનિચંદ્ર હારિભદ્ર ધર્મ-બિન્દુની [1]વૃત્તિમાં અને આચાર્ય હેમચંદ્ર[2] યોગશાસ્ત્રમાં આઠ પ્રકારના વિવાહ બતાવે છે. તેમાં બ્રાહ્મ, પ્રાજાપત્ય, આર્ષ અને દૈવ એ ચાર વિવાહને ધર્મ્ય બતાવે છે. આ ચાર વિવાહમાં ભિન્ન ભિન્ન રીતે કન્યા-દાન આપવામાં આવે છે. અને ગાન્ધર્વ, આસુર, રાક્ષસ અને પૈશાચ એ ચાર વિવાહને અધર્મ્ય કહે છે. માતાપિતાની સમ્મતિ વગર પરસ્પર અનુરાગથી મિલન કરવું એ ગાન્ધર્વ વિવાહ છે, શરતથી કન્યા-ગ્રહણ એ આસુર છે, બળાત્કારથી કન્યાગ્રહણ એ રાક્ષસ છે અને સુતેલી યા પ્રમત્ત-અસાવધાન કન્યાને ઉઠાવી લઇ જવી એ પૈશાચ છે. એક ગાન્ધર્વને છોડી બાકીના ત્રણે (આસુર, રાક્ષસ, પૈશાચ) સ્પષ્ટ અધર્મ્ય છે; પણ ગાન્ધર્વ-વિવાહ અધર્મ્ય ન હોઇ શકે. કેમકે ત્યાં પારસ્પરિક રૂચિ છે. કદાચિત્ આસુર, રાક્ષસ અને પૈશાચ વિવાહમાં પણ

* બાયડો પણ ગણવો. ૧ પ્રારંભિક ૧૨ મા સૂત્રની વૃત્તિમાં.
૨ પ્રથમ પ્રકાશના ૪૭ મા શ્લોકની વૃત્તિમાં.

જો પારસ્પરિક રૂચિ હોય તો તે અધર્મ્ય પણ ધર્મ્ય બની જાય. મુનિચન્દ્રાચાર્ય અને હેમચંદ્રાચાર્યનું પણ કથન છે કે—
"यदि वधू-वरयोः परस्परं रुचिरस्ति, तदा अधर्म्या अपि धर्म्याः।"

તેઓજ વિવાહનું ફળ બતાવતાં લખે છે કે—

" शुद्धकलत्रलाभफलो विवाहः । अशुद्धभार्यादियोगेन नरक एव ।"

અર્થાત્—' વિવાહનું ફળ શુદ્ધ સ્ત્રીનો લાભ છે, જ્યારે કુભાર્યાનો યોગ એ નરક છે. '

વળી તેઓ જ આગળ જતાં વિવાહનું ફળ બતાવતાં લખે છે કે—

" तत्फलं वधूरक्षणमाचरतः सुजातसुतसन्ततिरनुपहता चित्तनिवृत्तिर्गृहकृत्यसु विहितत्वमाभिजात्याचारविशुद्धत्वं देवातिथिबान्धवसत्कारानवद्यत्वं चेति । "

અર્થાત્—વિવાહનું ફળ એ છે કે, વધુરક્ષણ કરનાર પતિને સારી સન્તતિનો લાભ, ચિત્તની નિરાબાધ શાન્તિ, ગૃહ-કાર્યની સુવ્યવસ્થા, સત્કુલાચરણશુદ્ધિ અને દેવ, અતિથિ, બાન્ધવોનો યોગ્ય સત્કાર-લાભ.

નિઃસંદેહ.

" गृहचिन्ताभरहरणं मतिवितरणमखिलपात्रसत्करणम् ।
किं किं न फलति गृहिणां गृहिणी गृह—कल्पवल्लीव " ॥

( જિનમંડનગણિકૃત શ્રાદ્ધગુણવિવરણ. )

—' ઘરનો ચિન્તા-ભાર દૂર કરવો, ડહાપણભરી સલાહ આપવી, સાધુ-અતિથિઓનું સમ્માન કરવું એ અને બીજાં કયાં કયાં ફલ સદ્ગૃહિણી નથી ફલતી ! ખરેખર તે ઘરની કલ્પલતા છે.'

" दक्षा तुष्टा प्रियालापा पतिचित्तानुवर्त्तिनी ।
कुलौचित्याद् व्ययकर्त्री सा लक्ष्मीरिव चापरा ॥ "

( શ્રાદ્ધગુણવિવરણ. )

—' ડાહી, સંતોષી, મધુરભાષિણી, પતિના ચિત્તને અનુસરનારી અને કુલોચિત રીતે ખર્ચ કરનારી સદ્ગૃહિણી બીજી લક્ષ્મી છે.'

વિષમ જોડું થવાનાં કારણોમાં એક કારણ જોશીનો જોશ પણ છે. તેના વચનમાં ભોળાઓ એટલા બધા શ્રદ્ધાળુ બની જાય છે કે વર-વધૂ ચાહે ગમે તેવા વિષમ હોય, એક-બીજાથી વિપરીત હોય, તો પણ તેમને વગર વિચાર્યે, કેવળ જોશીના જોષના આધાર પર જ લગ્ન-ગ્રન્થીમાં જોડી દે છે. જે યુગલ ચોખ્ખી રીતે એક બીજાથી વિરૂદ્ધ દેખાતું હોય, અથવા જે ચોખ્ખી રીતે નાલાયક દેખાતો હોય, તેમને કેવળ જન્મ-કુંડળીના કહેવાતા મેળ ઉપર જઈ પરસ્પર લગ્ન--યોગ્ય સમજી લેવા, અગર તેને વિવાહને લાયક સમજવો એ અવ્વલ દરજ્જાની મૂર્ખતા છે. જ્યાં જોશીના જોષ ૬૦ વર્ષના ડોકરા સાથે ૧૨ વર્ષની કન્યાનો પણ મેળ કરાવી દેતા હોય ત્યાં તેવા જોષની શી કિમ્મત ! કુંડલીની આડમાં કેટલાક કહેવાતા

પંડિતો તરફથી ભારે અનર્થ થાય છે અને છડેચોક દમ્પતિ-જીવન પર દારૂણ પ્રહાર પડે છે. કુંડલીનો ઉચિત ઉપયોગ કરવામાં આવે તો દિનદહાડે આવી લૂંટ ન ચાલે. વસ્તુતઃ જન્મકુંડલીની અપેક્ષા ગુણ-કુંડલીને વધારે મહત્ત્વ આપવું યોગ્ય છે.

પૂર્વકાળમાં સ્વયમ્વર-પ્રથા હતી અને વર-વધૂ એક-બીજાના ગુણ, સ્વભાવ જાણીને પોતાના ભવિષ્ય-જીવન-પંથને નિર્ધારિત કરતા હતા; અને અખંડ સ્નેહ-શ્રદ્ધા સાથે આનન્દ-પૂર્વક પોતાની જીવન-યાત્રા સફળ કરતા હતા. પણ આજે વસ્તુ-સ્થિતિ બદલાઇ ગઇ છે. દીકરા-દીકરીના સંરક્ષકો પોતાના ઇચ્છા તથા સગવડ મુજબ તેમના વિવાહ કરવા લાગ્યા. એટલે પછી તેમાં તેમની સમ્મતિની જરૂર ન મનાવા લાગી. આથી અધિકાંશ, દમ્પતિ-જીવનની કેવી દુર્દશા થઈ રહી છે તે વાચકોથી અજાણ્યું ન હોય. સ્ત્રી-પુરૂષમાં પરસ્પર મનોમિલન ન હોય, સ્નેહ-શ્રદ્ધા ન હોય અને તેમના ઘરના આંગણામાં કલહ-કોલાહલ સદા ચાલતા રહેતા હોય, એ કેવું શાન્ત (!) જીવન ગણાય ! અને ઉન્માર્ગ-ગમન ખુલ્લાં પડતાં ઘરની છિન્ન-ભિન્ન દશા ખરેજ શોચનીય બને.

દરેક વિચારક સમજી શકે છે કે વૈવાહિક જીવનને સુખી બનાવવું એ કેવળ પત્નીનાજ વશની વાત નથી. જ્યાં સુધી પતિ-પત્ની બન્ને એ માટે પ્રયત્ન ન કરે, જ્યાં સુધી એ બન્ને પોતાના આચાર-વિચારનું ધ્યાન ન રાખે, ત્યાં સુધી તેમને તે બાબતમાં સફળતા ન મળી શકે.

જેમ સ્ત્રીઓને સુધરવાનું કહેવામાં આવે છે, તેમ પુરૂષ–વર્ગને પણ સુધારની લાઇન પર ખેંચી લાવવાની જરૂર છે. વસ્તુતઃ પુરૂષ જો સુશિક્ષિત અને સુસંસ્કારિત હોય તો ઘરનો અન્ધકાર ઘણે અંશે ઓછો થઇ જાય. સ્ત્રીનું સદાચાર–તેજ ઉચ્છૃંખલતારૂપી કાંટાની વાડમાં ફસાયલા પુરૂષ સુધી પહોંચતાં કદાચ વાર લાગે, પણ પુરૂષની ધાર્મિક રોશની ઘરમાં અંજવાળું નાખવામાં સત્વર સફળ થઇ શકે. કેટલાકોનું એમ પણ માનવું છે કે પત્ની સારી યા ખરાબ થવી એ અધિકાંશ પતિના ઉપર અવલમ્બિત છે. એક સારી સ્ત્રીને પણ ખરાબ પતિ ખરાબ બનાવી શકે છે. પત્નીની જીવન–દશાનો ઘણો ખરો ભાગ પતિનો બનાવેલો હોય છે. કુમારી કન્યા પિગળેલ સીસાની બરાબર છે. તેણીને પતિરૂપી જેવા સાંચામાં ઢાળી દેવાય તેવી તે બને છે.

પુરૂષ યદ્યપિ સારૂં કમાતો હોય, તો પણ તેણે પોતાની પત્નીને મિતવ્યયી બનવાની જરૂરીયાત સમજાવવી જોઇએ. ઉચિત કરકસરથી થયેલ બચાવ કમાણી બરાબર છે. પોતાની સ્થિતિ અને કુલીનતાને અનુરૂપ ખર્ચ રાખવામાં પોતાની શોભા છે. વિશેષ ઉદ્‌ભટપણું છાકટાવેડામાં પરિણુત થાય છે. આથી લોકમાં હાસ્યપાત્ર થવાય છે. હેમચન્દ્રનું વચન છે* કે—
"व्ययमायोचितं कुर्वन् वेषं वित्तानुसारतः" ।

---

* યોગશાસ્ત્રના પ્રથમ પ્રકાશના છેલ્લા 'કુલક' શ્લોકોની અન્તર્ગત.

ગૃહનો કાર્ય-ભાર સ્ત્રીએ પોતે બજાવવાનો હોય. દળવું, રાંધવું, ધોવું વગેરે સ્ત્રીને માટે સરસ કસરત છે. એને માટે નોકર રાખવા અને પત્ની સુખશીલિયા બની બેસી રહે, એમાં પત્નીને માટે શારીરિક અને નૈતિક બન્ને જાતના ગેરલાભ સમાયલા છે. કામકાજ વધારે પ્રમાણમાં હોઇ, એકલી પત્નીથી પૂરૂં પડતું ન હોવાની હાલતમાં નોકર રાખવો એ જુદી વાત છે, પણ સાધારણ રીતે ગૃહ-કાર્યનું સમ્પાદન પત્નીના પોતાના હાથે થવું એ વધારે યોગ્ય અને અનુમોદનીય છે, તેમજ દરેક રીતે લાભકારી છે.

પરંતુ આજે અંગરેજી ફેશને અને કહેવાતી સભ્યતાએ ભારતીય દેવીઓને, ખાસ કરીને નગરવાસિનીઓને એવી શિથિલ બનાવી દીધી છે કે તેમને પોતાને હાથે ઘરનું કામ-કાજ કરતાં થાક ચઢી આવે છે, શરમ આવે છે અને તેમને તે પોતાના એટિકેટથી વિરૂદ્ધ દીસે છે. આ એટિકેટની લોફર ભાવનાએ નારીવર્ગનું જીવન નિર્બળ બનાવી દીધું છે. આજે પણ ગામડાની મહિલાઓ પરિશ્રમ અને મહેનતનાં કામ કરવાથી કેવી હઠ્ઠી-કઠ્ઠી જોવાય છે! સ્વાસ્થ્ય, બલ અને ઉલ્લાસ એ પરિશ્રમ અને મહેનત પર અવલંબિત છે.

ઉદ્‌ભટ ફેશનની બુરી હવાથી નારી-ધર્મની બહુ ખરાબી થઈ રહી છે. બીજાઓ પોતાનાં અંગોપાંગ જોઈ શકે એવાં ફુલ-ફટાક ઝીણાં-બારીક વસ્ત્રો પહેરવામાં આનંદ મનાતો હોય ત્યાં નારી-ધર્મની ઉજ્જવળતા કેટલી કલ્પવી? સ્ત્રીનું ખરૂં આભૂષણ શીલ-ધર્મ છે. તેની આગળ બીજાં આભૂષણ તુચ્છ સમજાવાં

જોઇએ. પવિત્રતા, લજ્જા, સંયમ એ અલંકારો એવા સુંદર છે કે જાડા કપડામાં ઢંકાયલા શરીરને પણ તે ઝગમગતું બનાવે છે. અને એથી ખીલતા આત્મ–બળની આગળ મનુષ્યો તો શું, દેવો પણ પોતાનાં મસ્તક નમાવે છે. સાદાઇમાં જે મજા અને ધર્મસિદ્ધિ છે તે ઉદ્દ્ભટતામાં નથી. સાદું ખાવું, સાદું પહેરવું અને સાદું જીવન, કેવું સુન્દર ! મ્હોટું ખાવું, મ્હોટું પહેરવું અને મ્હોટું કામ કરવું, કેવું મજાનું ! ઘરમાં ઉદ્દ્ભટ ફેશનનો ચસકો લાગતાં, સાધારણ રળનાર ધણીને ભારે મુશ્કેલીમાં ઉતરવું પડે છે. જીવન–નિર્વાહ પુરતું મેળવવામાં જયાં મુશ્કેલી પડતી હોય, ત્યાં ગૃહ–દેવીને ફેશનેબલ સાડીઓ અને આભૂષણો પૂરાં પાડવામાં પતિ–દેવતાને કેટલું લોહીનું પાણી કરવું પડતું હશે ! આ રીતે પતિને તકલીફમાં નાંખવો એ સુશીલા, પતિભક્તા પત્નીને શોભે કે ? પણ જયાં દુર્બળ મનના પતિને જ, પોતાના ધનના, શરીરના કે આબરૂના ભોગે પણ પોતાની બીબીને ઉદ્દ્ભટપણે શણગારવામાં રસ પડતો હોય અને એમાં તે અભિમાન લેતો હોય ત્યાં પછી બીજું શું કહેવાનું રહે !

ફેશનની બુરી લત પડતાં ધનની કેટલી ખુવારી થાય છે, નૈતિક ચારિત્રપર કેટલો આઘાત પહોંચે છે અને દેશની પરાધીન દશાને કેટલો ટેકો મળે છે, એનો અમારા યુવક મિત્રોએ વિચાર કરવાની જરૂર છે. કોઇ પણ વિચારક જોઇ શકે છે કે દેશની આર્થિક સ્થિતિ કેટલી હીનદશાએ પહોંચી ગઈ છે. વાસ્તવમાં

માખણ જેવો માલમાલ વિદેશીઓ લઇ જાય છે, જ્યારે દેશના નશીબમાં છાશનું પાણી શેષ રહે છે. આવી કફોડી સ્થિતિમાં ફેશનના નશામાં મસ્ત રહેવું એ ગાંડાઇ ન ગણાય ?

કમાણીના ફાંકા ઉડતા હોય અને વિલાસપ્રિયતા છોડાતી ન હોય, તો એનું પરિણામ એ આવે કે કાં તો લૂટ પાડવાનું સુઝે, યા બીજાનો માલ ગટ કરી જવાનું મન થાય. ખરેખર એક બુરાઇમાંથી હજારો બુરાઇઓ જન્મે છે, અને એક પગથીયું ચૂકનાર ઠેઠ નીચે ગબડી પડે છે.

આબરૂ-ઇજ્જત સલામત રાખવી એજ મોટો શણગાર સમજવો જોઇએ. આબરૂના કાંકરા થાય એવી ફેશન યા વિલાસ-સામગ્રી પર ધૂળ પડી. સાદાઇ યા ગરીબાઇની હાલતમાં પણ જો નિશ્ચિન્ત વૃત્તિ છે અને ઇજ્જત-આબરૂ સારી છે તો તે સાદો-ગરીબ માણસ પણ ભાગ્યવાન છે. વાસ્તવમા, પુરતી કમાણીને નહિ પહોંચી શકનાર માણસ ગમે તેવી વિલાસ-સામગ્રી ભોગવવા છતાં પણ તેના ચિત્તમાં શાન્તિ કે આરામ નથી હોતાં કે જે મજૂરી કરીને પણ પેટ ભરનાર સાદા માણસને કુદરતે બક્ષ્યાં છે. શ્રીમાનો પણ ઉત્તેજક ફેશનથી પોતાના ઘરમાં નૈતિક મલિનતાની આંધી ન ઘુસેડતાં વ્યાજબી શોભા રાખે અને પોતાની લક્ષ્મીનો તેવે ખોટે રસ્તે ઉપયોગ ન કરતાં દેશ-સેવા કે ધર્મ—સેવામાં વધુ ઉપયોગ કરે તો તેમને કેટલો લાભ થાય !

ન્હાની ઉમ્મરમાં બાળ-બચ્ચાં પર જેવા સંસ્કારો નંખાય.

તેવાં તેમનાં જીવન ઘડાય. આ જ કારણ છે કે શ્રીમાનોનાં ઘરમાં બાળક-બાળિકાઓને ન્હાનપણમાંથીજ ફેશનની બુરી લતમાં પાડવાથી મ્હોટી ઉમ્મરે તેઓની જીવન-ચર્યા પ્રાયઃ કલુષિત બની જાય છે.

સુશીલા પત્ની પણ એવી હોય કે અડધાથી ચાલતું હોય ત્યાં સુધી આખા માટે પોતાના પતિને તકલીફમાં ન નાખે. અને સાથેજ પતિ પણ પોતાની પત્ની પ્રત્યે એવો વાત્સલ્યભાવ રાખે કે બનતી શક્તિએ વ્યાજબી રીતે પોતાની પત્નીને રાજી રાખવાનું કદી ન ચૂકે. દમ્પતિનો જીવન-વ્યવહાર પરસ્પર હાર્દિક સહાનુભૂતિ અને શ્રદ્ધા-સ્નેહપૂર્વક ચાલવામાંજ તેમનું-બન્નેનું કલ્યાણ સમાયલું છે.

પરંતુ પુરૂષોજ જ્યારે ઉદ્ભટ વેષ-વિન્યાસ કરીને મ્હાલે, ત્યારે તેમની પત્નીઓ ઉપર તેની શી અસર થાય ! પોતાની પત્નીઓને જો તેઓ સાદાઈનો પાઠ શિખવવા માંગતા હોય તો પહેલાં તેમણે ખુદ તે પાઠને પોતાના વર્ત્તનમાં મૂકવો જોઇએ. ત્યારેજ બીજા પર તેની સારી અસર થઇ શકે.

પહેલાં કહ્યું તેમ, ઘણીવાર પુરૂષોનાં દુર્વ્યસનો તેમની પત્નીઓમાં દાખલ થાય છે, જે તેમને પોતાને ત્રાસરૂપ થઇ પડે છે. પતિને તો દુરાચરણની અન્ધારી રંગભુમિ ઉપર તામસી ખેલો ભજવવા છે, અને પોતાની પત્નીને સદાચારિણી બનાવી રાખવી છે, એ કેટલું બધું અસમંજસ છે. પોતાની પત્નીને સદાચારિણી જોવા ઇચ્છનાર પતિએ પ્રથમ પોતે સદાચારી બનવું જોઇએ

છે. પતિની દુરાચારી હાલતમાં પત્ની સદાચારિણી બની રહે એ બહુ મુશ્કેલીભરેલું છે, અને એ મુશ્કેલીને પાર કરનારી પત્ની ખરેખર વન્દનીય સતી છે.

પત્નીના ગૃહ-કાર્યમાં પત્ની-વત્સલ પતિ પણ યથાવકાશ મદદ આપવા તૈયાર જ રહે. એ તેનું કર્ત્તવ્ય અને ભૂષણ છે. પત્નીની માંદગીની હાલતમાં પતિ તેણીની જેટલી સેવા-શુશ્રૂષા કરે, તેણીને સુખી, નીરોગી અને નિશ્ચિન્ત બનાવવા જેટલી મહેનત લે એટલી ઓછી છે. પ્રેમ અને સ્નેહ-શ્રદ્ધાની કસોટી સમય પર થાય છે. પતિની બીમારીમાં પત્ની તેની સેવામાં જેમ તન્મય બની જાય છે, તેમ પત્નીની માંદગીમાં પતિએ પણ તેણીની સેવા-શુશ્રૂષામાં સર્વતોભાવેન તન્મય બની જવું જોઇએ. એ તેનું મહત્ કર્તવ્ય છે.

સાધ્વી પત્નીની પ્રિયમાં પ્રિય વસ્તુ એક પતિ-પ્રેમ છે. તે મેળવવા અને તેનો લાભ જાળવી રાખવા તે સદા પ્રયત્નશીલ હોય છે. સાથે જ પતિનું પણ એ મહાન્ કર્ત્તવ્ય છે કે તે પ્રાણ-પણથી પોતાની પત્નીને તેણીના પ્રેમનો બદલો આપે, તેણીને સદા પ્રસન્ન રાખવાનું ધ્યાનમાં રાખે.

પત્ની પ્રત્યે પોતાના હાર્દિક પ્રેમનું યથાસંભવ સહુથી મ્હોટું પ્રમાણ પતિ એ આપી શકે છે કે, તે તેણીને પોતાનો સમય આપે. વેપાર-ધંધો યા નોકરી અથવા બીજાં કામ-કાજથી જે સમય મળે, તે તેણે પોતાના પરિવારને આપવો જોઈએ. તે સમયમાં પોતાના પરિવારને જ્ઞાન-ગોષ્ઠીનો આનંદ તથા લાભ આપવો જોઈએ. એવા મનુષ્યોને શું કહેવું, કે જેઓ

પોતાના બચેલા સમયમાં પોતાની સંગતનો લાભ પોતાની પત્ની યા પરિવારને ન આપતાં, બીજે ઠેકાણે આડે–અવળે ભટકતા ફરે છે. જેઓ અડધી રાત લગી બીજાઓની સાથે નિરર્થક ગપસપ લગાવે છે અને ફક્ત ભોજનાદિ માટે ઘરે આવે છે, તેમને માટે ઘર વાસ્તવમાં ઘર ન કહેવાય, પણ વીશી–ઉતારો કે લોજ ગણાય ! પતિ, પત્નીનો યા ઘરનો જેમ માલિક છે, તેમ તે ઘરનો શિક્ષક પણ છે. એટલે તેણે ફુરસદના વખતમાં પોતાની પત્ની અને પોતાનાં બાલ–બચ્ચાંને પોતાની સોહબતનો લાભ આપવો જોઇએ. સુશિક્ષિત પતિની સોહબતમાં ઘરના પરિવારને જ્ઞાન અને બોધ પ્રાપ્ત કરવામાં જે આનંદ આવે છે તે એક ઔરજ હોય છે. પરિવાર વચ્ચે પતિદ્વારા પ્રેમપૂર્વક કરાતી મનોરંજક જ્ઞાન–ગોષ્ઠી ઘરમાં જે અજવાળુ નાંખે છે તે અપૂર્વ આલ્હાદક હોય છે. પત્ની તથા બાલ–બચ્ચાંને પોતાના ગૃહસ્વામી પાસેથી પોતાના મન તથા આત્માનો જ્ઞાનરૂપી ખોરાક મળતાં તેમનું અન્તઃકરણ પ્રસન્ન થાય છે અને હૃદય ખીલી ઉઠે છે.

જેઓ લોભાતિરેકથી આખો દિવસ કામધંધાનાં ગાડાં હાંકવામાં લાગ્યા રહે છે તેમની સુસંગતિનો લાભ તેમના પરિવારને નથી મળી શકતો અને તેથી તે પરિવારનું જીવન શુષ્ક, નિરાનન્દી અને કદાચિત્ વિપરીત–સંસ્કારવાળું પણ બની જાય છે.

કેટલાક તો ફુરસદ મળવા છતાં પણ તેનો ઉપયોગ યા તો નાટક, સીનેમા, સર્કસ જોવામાં યા બીજાઓને ત્યાં જઇ

હોક્કા ગડગડાવવામાં યા યાર-દોસ્તોની સાથે હરવા-ફરવામાં અને ટી-ટીફીન ઉડાવવામાં કરે છે. આવી આદતવાળાઓ પોતાના ઘરને પોતાની સંગતિનો રીતસર લાભ નથી આપી શકતા, અને તેનું પરિણામ કદાચિત્ એ આવે છે કે તેમને ગૃહ-સુખથી હાથ ધોઇ નાંખવાનો વખત આવે છે.

એ સ્વાભાવિક છે કે નવરાશના વખતમાં પોતાનો ટાઇમ પસાર કરવાનું મન ત્યાંજ થાય કે જે પોતાનું સહુથી વધારે ઇષ્ટ હોય. ત્યારે જેઓ પત્ની અને બાલબચ્ચાંવાળું પોતાના ઘરનું આંગણું પડતું મૂકી, પોતાના ઘરને પોતાની સંગતિદ્વારા લાભ નહિ આપતાં બીજે ઠેકાણે વ્યર્થ સમય પસાર કર્યા કરે, તેમને માટે તેમની પત્ની અને તેમના બાલ-બચ્ચાંનાં હૃદયમાં કેવો ખ્યાલ બંધાય ! તેઓ સ્પષ્ટ સમજી જાય કે તેમના ઘરનો માલિક તેમને સ્પષ્ટ રૂપે કહી રહ્યો છે કે— મને તમારી સંગતિ કરતાં બીજાઓની સંગતિમાં વધારે રસ પડે છે. પછી આનો જવાબ તેઓ કેવી રીતે વાળે ? બસ, ઘરની દુર્દશાનું મૂળ આમાંથી ઉદ્ભવે.

પતિનું કર્ત્તવ્ય છે કે તેણે પોતાનો આચરણ-વ્યવહાર એવો શુદ્ધ રાખવો જોઇએ કે તેના વિષે તેની પત્નીને સંદેહ લાવવાનું કારણ ન મળે. એ બાબતમાં સ્ત્રીની અંદર આત્મ-સમ્માનનો ભાવ વિશેષ હોય છે. બીજી સ્ત્રી પ્રત્યે પોતાના પતિનો અનુરાગ જોઈ તેણીના હૃદયમાં દાહ પેદા થાય છે અને એથી તે બહુ દુઃખી થાય છે. આમ પોતાની પત્નીને દુઃખી થવાનો

અવસર ન આવે એ માટે પતિનું અવસરોચિત એવું માયાળુ, દયાળુ અને કોમળ આચરણ હોવું જોઇએ કે પત્નીના હૃદયમાં એ પ્રમાણિત થાય કે સંસારભરમાં તેના પતિની સારામાં સારી વસ્તુ તે છે.

કદાચિત્ પત્નીના સંબન્ધમાં કંઇક અનિષ્ટ અફવા સાંભળવામાં આવે તો તે ઉપર પતિએ જરાય ઉતાવળ ન કરવી જોઇએ. જગત્ વિચિત્ર છે, લોકપ્રવાહ બેઢબ છે, દુનિયા દોરંગી છે, પ્રત્યક્ષ પણ જુઠું નિકળે છે અને ભ્રાન્તિ, દૃષ્ટિ-દોષ, અજ્ઞાન, અસાવધાનતા તથા ઈર્ષ્યા–દ્વેષ–અસહિષ્ણુતા વગેરે દોષોના કારણે પણ કેટલીક વખત વિચિત્ર અફવા ફેલાવા પામે છે. માટે ઉતાવળ કરીને પોતાની પત્નીને અન્યાય આપવો એ સર્વથા પાપ છે. આખી અયોધ્યા નગરીએ રામ–પત્ની સીતાના સમ્બન્ધમાં જે અનિષ્ટ વાર્તા ફેલાવી હતી તે વાસ્તવમાં ખોટીજ હતી. આમ લોકોમાં અનેક વિચિત્ર જાતના પ્રવાદ પ્રસરી જાય છે, જે વાસ્તવમાં ખોટા હોય છે. છતાં દુનિયાનો પ્રવાહ તે તરફ ઝુકી જાય છે. પતિ ઘણે ભાગે પત્નીને અંગે વ્હેમી–પ્રકૃતિવાળા હોય છે, એથી ઘણી વખત તેમના તરફથી તેમની પત્નીઓને અન્યાય મળી જાય છે. સારા ગણાતા પુરૂષોથી પણ કેટલીક વખત તેમની પત્નીઓને તેમના વ્હેમી * સ્વભાવને અંગે દુઃસહ સન્તાપ

* મહાત્મા ગાંધીજી પોતાની આત્મ–કથામાં સાતમા પ્રકરણમાં લખે છે કે—

" નોકર ઉપર ખોટો વહેમ જાય ત્યારે નોકર નોકરી છોડે,

ઉઠાવવો પડે છે. માટેજ આવી બાબતમાં ડાહ્યા પતિએ જરા પણ સાહસ ન કરવું ઘટે. ગંભીર હૃદયથી, ધીરજ રાખી, ઠંડા પેટે નિરીક્ષણ કરવું જોઇએ.

કદાચ સામાન્ય ભૂલ, જે મનુષ્યમાત્રને થયા કરે છે, જણાઇ આવે તો પતિએ ખામોશ પકડવી જોઇએ. એ તેની આત્મ-ઉદારતાનું પ્રબળ પ્રમાણ ગણાય. તે (પતિ) પોતે પણ ઢગલા જેટલી ભૂલો રોજ કર્યા કરે છે, એટલે તેના શાણા હૃદયમાં તે ભૂલ વિલીન થઇ જવી જોઈએ. ફક્ત તેણે યુક્તિપુર્વક પ્રેમાળ શબ્દોથી ડાહી પત્નીને ઈશારો માત્ર કરી દેવો ઘટે. વિશેષ ભૂલ જાણવામાં આવતાં તેનાં મૂળ કારણોની પરિસ્થિતિ શોધવી જોઇએ. તે કારણમાં પોતાની આત્મ-દુર્બળતાનો સમાસ થતો હોય તો પોતે જાગૃત થઈ જવું જોઈએ. અને વિચિત્ર-વિકટ સંયોગોમાં ભલભલા પાણી થઇ ગયાનો ગંભીર ખ્યાલ કરી, મનને શાન્ત કરી, અન્દરની પ્રેમમય લાગણીને સમ્પૂર્ણપણે જાળવવા સાથે બહારથી અપ્રસન્નતા અને કોપનો ભાવ દર્શાવી તેણીનું ઉચિત રીતે દમન કરવું જોઈએ. જેથી ફરી તેવી ભૂલ થવા ન પામે.

---

પુત્ર ઉપર એવું વીતે તો બાપનું ઘર છોડે, મિત્ર મિત્ર વચ્ચે વહેમ દાખલ થાય એટલે મિત્રતા તૂટે, સ્ત્રી ધણી ઉપર વહેમ લાવે તો તે સમસમીને બેસી રહે, પણ જો પતિ પત્નીને વિષે વહેમ લાવે તો પત્નીના તો બીચારીના ભોગજ મળ્યા; તે કયાં જાય? ઉંચ મનાતા વર્ણની હિંદુ સ્ત્રી અદાલતમાં જઇ બંધાયલી ગાંઠને કપાવી પણ ન શકે, એવો એકપક્ષી ન્યાય તેને સારૂ રહેલો છે."


પત્ની એ પતિની પ્રિયતમા, અને સાચેજ પ્રિયતમા હોઇ કરીને પણ પતિએ તેણીના ગુલામ–દબ્બુ–દાસ ન બનવું જોઇએ. તેની વિચક્ષણ દષ્ટિ અને તેના પૌરૂષ તથા આત્મ–સમ્માનના ભાવ તેણીની જાણ–બહાર ન રહેવા જોઇએ.

પુરૂષની ભૂલ જો પત્નીની દષ્ટિમાં આવે અને તેણી તેને તે બાબત યોગ્ય સૂચના કરે તો પતિએ પણ શાન્તિપૂર્વક તે સાંભળી લેવી જોઇએ. અરસપરસની ભૂલ થતાં એક–બીજાને કહેવાનો અધિકાર છે, અને એક–બીજાને શાંતિપૂર્વક સાંભળવું તથા ભૂલથી પાછા હઠવું એ બન્નેનો ધર્મ છે. જો કે વિચારશીલા પત્ની તો તેવી બાબતને ઘણી વખત હૃદયમાંજ સમાવી દે છે અને તેણીએ પ્રાયઃ સમય વિચારીને તેમ કરવું પણ જોઇએ. કિન્તુ પતિ–પત્ની સંસાર–રથનાં બે ચક્રો હોઇ અને બન્ને ચક્રોની સરખાઇમાંજ રથ બરાબર ચાલતો હોઇ, પતિભક્તિ-શીલા પત્ની પ્રત્યે પતિનું પણ હૃદય તેટલુંજ માયાળુ હોવું જોઇએ કે જેટલું પત્નીનું હૃદય પતિ પ્રત્યે માયાળુ હોય છે. એક કઠોર અને એક મૃદુલ, એક સુગન્ધી અને એક દુર્ગન્ધી, એક રસીક અને એક નીરસ, એક પ્રેમી અને એક સ્વાર્થી, એક નીતિસમ્પન્ન અને એક લમ્પટ—આવું જો હોય તો તેવા બેહુદા પતિ–પત્નીના ઘર–સંસારને તો બ્રહ્મા દૂરથીજ નમસ્કાર કરે, અને—

"अदन्त–कलहो यत्र तत्र शक्र ! वसाम्यहम् "—

કહેનારી શ્રી–દેવી તેવા ઘરનો પડછાયો પણ શેનો લ્યે !

સારાંશ કે વિવાહનું ફળ એ છે કે-વિવાહિત બન્ને પ્રાણીઓની પ્રેમ-તન્ત્રીઓના નાદ એક સ્વર, એક રાગ અને એક લય સાથે નિકળવા જોઇએ. એક ઉદ્દેશ્યની પૂર્ત્તિ માટે સૌરભિત, પુષ્પિત બગીચાનાં બે સુકોમળ ફૂલો અવિભિન્ન રૂપે પોતપોતાનો મનમોહન આમોદ પ્રસરાવતાં વિશ્વેશ્વરનાં શ્રીચરણોમાં સમર્પિત થઇ જાય !



# ગૃહસ્થાશ્રમ.

પુરૂષ-માહાત્મ્ય હોઇ શકે, તો નારી-માહાત્મ્ય કયાં ઉડી જવાનું ? પુરૂષ મહત્ત્વની કોટી પર છે તો સ્ત્રીએ શો ગુન્હો કર્યો ? તે શું માનવજાતિ નથી ? તે શું ચારિત્ર-પાત્ર નથી ? તેને શું રત્નત્રયનો હક્ક નથી ? પરમ પદની અધિકારિણી તે નથી ? કિંવા પુરૂષાર્થનાં કાર્યો પુરૂષોની જેમ સ્ત્રીઓએ નથી કરી બતાવ્યાં કે ? પછી કાં પુરૂષજ મહત્ત્વના દરજ્જે હોય અને નારી ન હોય ? પુરૂષોએ ગ્રન્થો લખ્યા, પુરૂષો શાસન કરતા આવ્યા, એટલે ? એટલે પુરૂષ-માહાત્મ્ય જળવાયું અને નારી-માહાત્મ્ય પર પડદો નંખાણો ? પણ એનું પરિણામ તો એ આવ્યું કે-આખા દેશ પર આવરણ પથરાઇ ગયું અને ધર્મ-દીપક ઝાંખો પડી ગયો. યુગ-ધર્મનું ડિંડિમ હવે એ પડદાનું ઉત્પાટન કરવા પોકાર કરી રહ્યું છે. આજે જમાનાનો પડકાર છે કે-એ પડદામાં મુંઝાઈ રહેલી આત્મશકિતઓને વિકાસમાં લાવવા પ્રયત્ન ફોરવો.

કાં ભૂલવું જોઇએ કે, નારી-માહાત્મ્યનું દેવાળુ નિકળતાં

મહાત્માઓની પેદાશ પર ઢાંકણું દેવાઇ જાય. નિઃસન્દેહ, મહાત્માઓની પેદાશ મહાત્મનીઓથી જ થાય. સુતરાં, ગુણોને અંગે પ્રકટ થતું માહાત્મ્ય પુરૂષ અને સ્ત્રી વચ્ચેના ભેદને નજ ગણકારે. સ્ત્રી-જાતિના સમ્બન્ધમાં હલકો મત ધરાવનારને સંબોધીને આચાર્ય હેમચન્દ્ર ( યોગશાસ્ત્રના ૩ જા પ્રકાશના ૧૨૦ મા શ્લોકની વૃત્તિમાં ) જે શિખામણ આપે છે તે ધ્યાનમાં લેવા જેવી છે. તેઓ સાહેબ ફરમાવે છે કે—

"ननु स्त्रीणां कुतः शीलशालित्वम्? कुतो वा रत्नत्रययुक्तत्वम्? स्त्रियो हि नाम लोके लोकोत्तरे च, अनुभवाच्च दोषभाजनत्वेन प्रसिद्धाः। एताः खल्वभूमिजा विषकन्दल्यः, अनभ्रसम्भवा वज्राशनयः, असंज्ञका व्याधयः, अकारणो मृत्युः, अकन्दरा व्याघ्र्यः, प्रत्यक्षा राक्षस्यः, असत्यवचनस्य, साहसस्य, बन्धुस्नेहविघातस्य, सन्तापहेतुत्वस्य, निर्विवेकत्वस्य च परमं कारणम्, इति दूरतः परिहार्याः। तत् कथं दानसम्मानवात्सल्यविधानं तासु युक्तियुक्तम्? उच्यते। अनेकान्त एषः, यत् स्त्रीणां दोषबहुलत्वमुच्यते, पुरुषेष्वपि हि समानमेतत्। ते पि क्रूराशयाः, नास्तिकाः, कृतघ्नाः, स्वामिद्रोहिणो देवगुरुवञ्चकाश्च दृश्यन्ते। तद्दर्शनेन च महापुरुषाणामवज्ञा कर्त्तुं न युज्यते, एवं स्त्रीणामपि। यद्यपि कासांचिद् दोषबहुलत्वमुपलभ्यते, तथापि कासांचिद् गुणबहुलत्वमप्यस्ति; तीर्थकरादिजनन्यो हि स्त्रीत्वेऽपि तत्तद्गुणगरिमयोगितया सुरेन्द्रैरपि पूज्यन्ते, मुनिभिरपि स्तूयन्ते। लौकिका अप्याहुः—

" निरतिशयं गरिमाणं तेन युवत्या वदन्ति विद्वांसः ।
तं कमपि वहति गर्भं जगतामपि यो गुरुर्भवति " ॥

काश्चन स्वशीलप्रभावाद् अग्निं जलमिव, विषधरं रज्जुमिव, सरितं स्थलमिव, विषममृतमिव कुर्वन्ति । चतुर्वर्णे च संघे चतुर्थमङ्गं गृहमेधिस्त्रियोऽपि । सुलसाप्रभृतयो हि श्राविकास्तीर्थकरैरपि प्रशस्यगुणाः, सुरेन्द्रैरपि स्वर्गभूमिषु पुनः पुनर्बहुमत–चारित्राः, प्रबलमिथ्यात्वैरपि अक्षोभ्यसम्यक्त्वसम्पदः, काश्चित् चरमदेहाः काश्चिद् द्वि–त्रिभवान्तरितमोक्षगमनाः शास्त्रेषु श्रूयन्ते । तद् आसां जननीनामिव, भगिनीनामिव, स्वपुत्रीणामिव वात्सल्यं युक्तियुक्तमेवोत्पश्यामः । "

**અર્થાત્**—' સ્રીઓમાં સુશીલભાવ તથા રત્નત્રયનો યોગ કેવી રીતે હોઈ શકે ? કારણ કે સ્રીઓ લોકમાં કે લોકોત્તરમાં, તેમજ અનુભવથી પણ દોષપાત્ર તરીકે પ્રસિદ્ધ છે. સ્રી એક પ્રકારે વિષ–કન્દલી છે, વજ્રાશનિ છે, વ્યાધિ છે, મૃત્યુ છે, વાઘણ છે અને પ્રત્યક્ષ રાક્ષસી છે. જુઠ–માયા, કલહ–કંકાસ, દુઃખ–સન્તાપ વગેરેનું મ્હોટું કારણ છે. તેમાં વિવેક તો છે નહિ. માટે તેનો દૂરથી ત્યાગ કરી દેવો જોઇએ. દાન–સમ્માન–વાત્સલ્ય તેને કરવાં વ્યાજબી નથી. **જવાબ.** દોષબહુલ સ્રીઓ જોવાય છે તેમ પુરૂષો પણ તેવા નથી હોતા કે ? પુરૂષો પણ નાસ્તિક, ધૂર્ત, ઘાતકી, વ્યભિચારી અને નીચ, પાપી તથા અધર્મી હોય છે; છતાં પુરૂષ–જાતિ નથી ભંડાતી,

તેમ નારીજાતિ ન ભંડાવી જોઇએ. સત્પુરૂષોની જેમ સતીઓની પણ યશઃપ્રશસ્તિઓ મશહૂર છે. વિદ્વાનો યુવતિના ઉચ્ચ ગૌરવને એટલા માટે પ્રશંસે છે કે તે કોઇ એવા ગર્ભને વહન કરે છે કે જે જગતનો-સમ્પૂર્ણ વિશ્વનો ગુરૂ બને છે. સ્ત્રીઓએ પોતાના શીલ-પ્રભાવથી અનલાદિ વિષમ ઉપદ્રવોને વિપરીતરૂપે પરિણમાવ્યાના દાખલા 'કયાં ઓછા છે? ચતુર્વર્ણ સંઘમાં સ્ત્રીનું પણ માનવંતુ આસન છે.' સુલસા' જેવી શ્રાવિકાના ગુણોને સ્વર્ગના સમ્રાટોએ ગાયા છે અને મહાવીરે શ્રીમુખથી પ્રશંસ્યા છે. માટે પુરૂષવર્ગની જેમ સ્ત્રીવર્ગ પણ દાન-સમ્માન-વાત્સલ્યને પાત્ર છે. જનનીની જેમ, ભગિનીની જેમ, પુત્રીની જેમ તેનું વાત્સલ્ય કરવું પુણ્યકારી અને કલ્યાણકારી છે.'

વાંચનાર જોઇ શકયા હશે કે આચાર્ય મહોદયના આ ઉદ્દગારો સ્ત્રીજાતિના ગૌરવપર કેવો સરસ પ્રકાશ નાખે છે. પણ આજે અજ્ઞાન દશાએ તે વર્ગની શોચનીય દુર્દશા કરી મૂકી છે. અજ્ઞાન દશાનુંજ એ પરિણામ છે કે અનેક હાનિકારક રીત-રિવાજો અને વ્હેમ તથા ઢોંગથી તેનું જીવન નિઃસત્ત્વ બની ગયું છે. તેનામાં કંઈ પણ અક્કલનો છાંટો હોત તો, મરનારની પાછળ બજાર વચ્ચે લાઇનબંધ ગોઠવાઇ, છાતી ખોલીને કુટવાનું હજુ આ વીશમી સદીમાં પણ ચાલ્યા કરત કે? ગુજરાતીઓએ શરમાવા જેવું છે કે આ નિર્લજ્જ રિવાજ તેમના ગુજરાત-કાઠીયાવાડ સિવાય બીજે નથી. બીજા દેશવાળા ગુજરાત-કાઠીયાવાડમાં આવી, છેડે ચોક સ્ત્રીઓને છાતી કુટતી જુએ છે,

ત્યારે તેમને બહુ અજાયબી ઉપજે છે. અમે જ્યારે ઉત્તર હિન્દુસ્તાનમાં વિચરતા હતા, ત્યારે ત્યાંના, ગુજરાત-કાઠીયાવાડ જઈ આવેલા લોકો અમને કહેતા કે,

"महाराजजी ! हमने गुजरात में एक बडे मजे का तमाशा देखा !"

ત્યારે અમે તેમને પૂછતા કે-"कहिए ! क्या देखा ?" ।

ત્યારે તેઓ કહેતા કે—

"वहाँ की औरतें बाजार के बीच में लाइन से खडी रह कर, छाती खुली किए हुए, इस तरह से हाथ उँचा उँचा कर के कुटती हैं, कि क्या बतलावें ! साथ ही साथ राग-रागनियाँ भी अलापती जाती हैं और पावों के धक्के भी देती जाती हैं। कई औरतें इस कला में अपनी कुशलता दिखलाने के लिए "प्लेट-फार्म" पर आ कर ( आगे आ कर ) मुख्य पार्ट लेती हैं, और सबको चकाचौंध कर देती हैं ।"

ગુજરાતીના નારીવર્ગ માટે આ ઉપહાસ કેટલો નામોશી-ભરેલો ગણાય ! આવા બેવકૂફીભરેલા રીત-રિવાજ ઘડીયે નભાવી લેવા જેવા નથી. ઉપરાંત, આ દુષ્ટ રિવાજથી ઘણી બાઈઓને ક્ષય અને છાતીનાં દર્દોના ભોગ થવું પડે છે, અને ગર્ભવતીઓના ગર્ભ ઉપર પણ માઠી અસર થાય છે. આ બધું વિચારી રડવા-કુટવાના રિવાજને સદંતર બંધ કરી દેવાની જરૂર છે.

મરનારને ઘેર, બહાર ગામથી પણ થોકબંધ લોકો લાંબે

સાદે પોકરાણુ મૂકતા આવે છે, અને બહારથી આવતી બાઈઓ સાથે, વારે વારે ઘરની બાઇઓને છાજીયાં લેવા અને છાતી કુટવા ઉતરવું પડે છે. એટલુંજ નહિ, પણ એક પછી એક બહાર ગામથી આવનાર તે મહેમાનોના ટોળાનો ગરીબના ઘર પર એટલો સખ્ત બોજો પડે છે કે તેના સળગતા કાળજા પર કડકડતું તેલ રેડાય છે ! ગરીબ ધણી મરી જતાં તેની નિરાધાર બાળ—વિધવા ખુણામાં ધ્રુસકે ધ્રુસકે રોઈ રહી છે—દુઃખના સાગરમાં પટકાયલી તે બાળા હૃદયભેદક આક્રન્દ કરી રહી છે, ત્યારે બીજી બાજુ બહારથી આવેલાઓ ઘીમાં લચપચતા માલ—મલીદા ઉડાવી રહ્યા છે ! કેવી નિષ્ઠુરતા ! આ શોક જાહેર કરવા આવ્યા છે કે માલ ઝાપટવા આવ્યા છે ? સહાનુભૂતિ પણ તેમને ક્યાં બતાવવી છે ? દિલાશો કે શાન્તિ આપવાને બદલે તેઓ ઉલટું એવું કરી મૂકે છે કે, દુખિયાઓના શોક—સંતાપને ઔર વધારે ઉત્તેજન મળે છે. કાણે—મોકાણે જનાર રોવા—કુટવાની અજ્ઞાન—જાળ યા દમ્ભ—જાળ પાથરી તે દુખિયાઓને વધારે રોવરાવે અને કુટાવે છે. રોનાર જેમ વધારે લાંબે સાદે પોક મૂકી રોવે અને કુટનાર, જેમ વધારે કુટે તેમ તેની વધારે પ્રશંસા થાય, અને એમાં પાછળ રહેનાર ટીકાને પાત્ર થાય ! અજબ અજ્ઞાનતા !

ખરી વાત એ છે કે, મરનારની પાછળ આત્મ—ભાવના કરવાની હોય, વૈરાગ્ય—ભાવને પોષીને બળતાં કાળજાને શાન્તિ આપવાની હોય. લોક—દેખાવ માટે કે રૂઢિવશ થઇને રોવું કે કુટવું એ મહામૂર્ખતાનું ચિન્હ છે અને મહાઆર્તધ્યાન તથા

દામ્ભિકતા હોઇ પાપબન્ધનનું કારણ છે. હિન્દુધર્મમાં તો એવું લખ્યું છે કે—

" श्लेष्माश्रु बन्धुभिर्मुक्तं प्रेतो भुङ्क्ते यतोऽवशः ।
अतो न रोदितव्यं हि क्रियाः कार्याः स्वशक्तितः " ॥

( યાજ્ઞવલ્કય )

**અર્થાત્**—મરનારની પાછળ રોનાર બન્ધુઓ અને બાઇઓનાં આંસુ અને તેમનાં શ્લેષ્મ મરેલા પરવશ જીવને પીવાં પડે છે. માટે રોવું નહિ અને શક્તિ પ્રમાણે ક્રિયા કરવી.

આ પ્રમાણે દાડો કે ખર્ચ કરવાની રીત પણ દુષ્ટ છે. મરનારની અસહાય વિધવા, યા તેના ગરીબ ભાઇ–ભાંડુની દીન–હીન દશાની સંભાળ લેવી, કે તેમને સહાયતા પહોંચાડવી દૂર રહી, પણ તેનું બચ્યું–ખુચ્યું પણ ઝાપટવાને થાળી–લોટો લઇ દોડયા આવવું એ કઇ જાતની માણસાઇ ગણાય ! દયાના હિમાયતીઓ કેવળ લીલવણી–સુકવણીની ઝીણવટમાં રોકાઇ જઇ આવા માનવ–દયા કરવાના પ્રસંગે નિષ્ઠુર વ્યવહાર આચરે એ તેમના દયા–ધર્મને ઝાંખપ લગાડનાર નથી શું ? વસ્તુતઃ દાડો કે ખર્ચ કરવાની પ્રથા મિથ્યાત્વના મૂળમાંથી જ ઉદ્ભવી છે. એટલે એવી નિરર્થક અને હાનિકારક પ્રથાને ઉખેડી જ નાંખવી રહી. તેટલું ધન કેળવણીમાં, સાધર્મિકોના ઉદ્ધાર–કાર્યમાં યા પરોપકાર–ક્ષેત્રમાં વાપરવું ઘટે.

કુરિવાજો ફેલાવાનું મૂળ કારણ અજ્ઞાન છે. સ્ત્રી એ સૃષ્ટિની માતા છે, એટલે તેની અજ્ઞાન–દશા તો સંસારને માટે

ભારે શ્રાપરૂપ ગણાય. નારી-જીવનમાં જ્ઞાન-દીપક પ્રગટયા વગર જગતનો અન્ધકાર કદી દૂર ન થઇ શકે. નવ મહીના સુધી બાળકને પોતાની કુક્ષિમાં ધારી રાખનારી માતા છે. તેને જન્મ આપીને પછી ઉછેરનારી-પોષનારી માતા છે. માતાના જ ખોળામાં લાંબા કાળ સુધી બાળક પળે છે, અને તેણીના જ અધિક સહવાસમાં તે મ્હોટું થાય છે. આજ કારણ છે કે, માતાના સંસ્કારો બાળકમાં ઉતરે છે. માતા જો સુસંસ્કાર-શાલિની હોય, તો બાળકના જીવનમાં સારા સંસ્કારો ઉતરે છે. માતાના વિચાર, વાણી અને વર્તન ઉચ્ચ હોય, તો તેનો સુંદર વારસો બાળકને પ્રાપ્ત થાય છે. ઉચ્ચ માતાનું ઉચ્ચ વાતાવરણ બાળકને ઉચ્ચગામી બનાવે છે, અને 'અકસ્માત્' વચ્ચે ન આવી પડે તો તેનો આખો જીવન-પ્રવાસ આદર્શરૂપ બની જાય છે. ખરેખર બાળક-બાળિકાઓની સુધારણાનો મુખ્ય આધાર માતા જ ઉપર રહેલો છે. એટલે દરેક માતાએ પોતાની જાતને માટે, પોતાનાં બાળકોને માટે અને પોતાના કુટુમ્બ-પરિવાર માટે વિચાર, વાણી અને આચરણમાં ઉચ્ચ બનવું પરમ આવશ્યક છે, અને સમાજ તથા દેશના કલ્યાણ માટે આશીર્વાદરૂપ છે. પણ આ ઉચ્ચના આદર્શ શિક્ષણ વગર નજ આવી શકે. સુતરાં, સ્ત્રીશિક્ષણની અનિવાર્ય આવશ્યકતા છે. પાશ્ચાત્ય તત્ત્વવેત્તા સ્માઇલ્સ કહે છે કે—

"If the moral character of the people mainly depends upon the education of the home, then the education of women is to be regarded as a matter of national importance."

અર્થાત્—અગર મનુષ્યનું નૈતિક ચારિત્ર્ય મુખ્યતયા ગૃહશિક્ષણ પર આધાર રાખતું હોય તો સ્ત્રી-શિક્ષણ એ પ્રજાકીય જરૂરીયાતવાળી બાબત ગણાય.

બાળકોનો એ સ્વભાવ છે કે, તે જેવું જુએ તેવું કરે છે. બીજાની દેખાદેખી નકલ કરવા તે જલદી પ્રેરાય છે. ઘરમાં જેવું દેખે છે તેવું તેનું જીવન ઘડાય છે. ઘરનાં માણસોની બોલીચાલી અને વ્યવહાર ભદ્દો અને હલકો હોય તો બાળક પણ તેવું જ શિખવાનો. સ્કૂલમાં ગમે તેવું સારૂં શિક્ષણ તેને આપવામાં આવે, પણ ઘરની બુરી હવા આગળ તે રદ્દ થવાનું. સ્કૂલના સંગ કરતાં ઘરનો સંગ તેને વધારે હોય છે, એટલે ઘરના આંગણામાં જે સંસ્કારો ઘડાય તે સ્કૂલના શિક્ષણથી નહિ ઘડાવાના. બલ્કે સ્કૂલમાંથી મળતા સદાચાર—પાઠોને ઘરની અજ્ઞાન-પ્રવૃત્તિઓ ભુંસી નાખવાની. ખરેખર, બાળકના જીવન-વિકાશ માટે પહેલી અને ખરી સ્કુલ જે ‘ ઘર ’ ગણાય છે તે શિક્ષાસમ્પન્ન અને ચારિત્રવિભૂષિત હોવું જોઇએ. **સ્માઇલ્સ** કહે છે કે—

“ Home is the first and most important school of character. It is there that every human being receives his best moral training or his worst. ”

અર્થાત—‘ ઘર ’ એ ચારિત્રની પહેલી અને પૂર્ણ અગત્યની સ્કૂલ છે. મનુષ્ય સારામાં સારૂં નૈતિક શિક્ષણ યા ખરાબમાં ખરાબ શિક્ષણ ત્યાંથી મેળવે છે.

આજની કન્યાઓ આવતી કાલની માતાઓ છે; એટલે તેમને પુસ્તક-જ્ઞાનની જરૂર તો છે જ, કિન્તુ ગૃહ-શિક્ષણની, માતૃત્વ-શિક્ષણની અને સદાચાર-શિક્ષણની એથીય વધારે જરૂર છે. વિદ્યા, શિક્ષણ અને સદાચાર; **શીલ**, સંયમ અને લજ્જા; બળ, હિમ્મત અને વિવેક; પતિભક્તિ, કુટુંબ-સેવા અને ડહાપણ એ રમણીની રમણીય વિભૂતિ છે, લલનાનું લલિત લાવણ્ય છે, સુન્દરીનું સુન્દર સૌન્દર્ય છે અને સતી-સત્વનું સરસ સૌરભ છે. આવી કન્યાઓ જ્યારે યોગ્ય ઉમ્મરે યોગ્ય પુરૂષ સાથે લગ્નગ્રન્થીમાં જોડાશે, ત્યારે તેણીઓ સાચી ગૃહિણીઓ બનશે. વસ્તુતઃ આવી ગૃહિણી એજ ગૃહ છે, અને એજ ગૃહનો દીવો છે. આવી મહાત્મની ગૃહિણીને ઉદ્દેશીને પ્રખર વિદ્વાન્ આચાર્ય શ્રીઅમરચન્દ્ર સૂરિજીએ કહ્યું હતું કે—

" अस्मिन्नसारे संसारे सारं सारंग–लोचना ।
यत्कुक्षिप्रभवा हंहो ! वस्तुपाल ! भवादृशाः ॥ "

આવા કલત્રને શ્રીજિનસૂર મુનિએ ગૃહસ્થનું વિશ્રામધામ બતાવતાં લખ્યું છે કે—

*" संसारभार–खिन्नानां तिस्रो विश्राम–भूमयः ।
अपत्यं च कलत्रं च सतां संगतिरेव च " ॥

આવી ગૃહિણીઓનાં ગૃહ-મન્દિર કેવાં પવિત્ર હોય! તેમની આહાર-વિધિ, જલ-પાન, વસ્ત્ર-પરિધાન અને રહેઠાણ

* 'ઉપસર્ગહર'-સ્તોત્રપ્રભાવિની પ્રિયંકરનૃપ-કથામાં આ શ્લોક છે.

તથા જગ્યા કેવાં સ્વચ્છ હોય ! પતિને આલ્હાદ આપવામાં તેમની વિનય-ભક્તિ કેવી ઉજ્જવળ હોય ! ગૃહસ્થાશ્રમને સુખ-સમ્પન્ન બનાવવામાં તેમની સમયસૂચકતા અને ડહાપણુ કેવાં રૂડાં હોય ! તેમનું આરોગ્યજ્ઞાન અને બાળ-ઉછેરની જાણુકારી ગૃહ-પરિવાર અને બાળ-બચ્ચાંને કેવાં લાભકારી નિવડે ! અને તેમનો સેવા-ધર્મ સમાજ અને દેશને કેટલો ઉપકારક થાય !

ગૃહસ્થાશ્રમ આવાં સતી-રત્નોથી ખરેખર ઝગમગે છે. સમાજશાસ્ત્રવેત્તા **સ્પેન્સર** કહે છે કે—વિવાહનો ઉદ્દેશ એજ છે કે સમાજ અને રાષ્ટ્રની ઉત્કર્ષાવસ્થા ચિરકાળ તક બની રહે, જેથી દમ્પતિનું, ભાવી સંતતિનું અને દેશનું કલ્યાણુ થાય. સુપ્રસિદ્ધ વિદ્વાન્ **અરસ્તુ** ( Aristole ) એ કહ્યું છે કે—" રાષ્ટ્રની ઉન્નતિ યા અવનતિ સ્ત્રીની ઉન્નતિ યા અવનતિ પર નિર્ભર છે. યુનાની લોકો ( Greeks ) પોતાની સ્ત્રીઓને દાસી-સમાન ન્હોતા રાખતા, કિન્તુ તેમને રાષ્ટ્રીય ઉન્નતિમાં સહાયક સમજતા હતા. તેમની શારીરિક, માનસિક અને આત્મિક ઉન્નતિનાં કાર્યોમાં દત્તચિત્ત રહેતા હતા. આ જ કારણુ હતું કે તેઓ 'બારબેરીયન' જાતિને પોતાને સ્વાધીન કરી શકયા હતા. ઐતિહાસિક વિદ્વાન **ગિબન** લખે છે કે—રોમન રાષ્ટ્ર પોતાની સ્ત્રીઓ સાથે ગ્રીક લોકો કરતાં વધારે સારો વર્તાવ રાખતું હતું. એજ કારણુ હતું કે રોમન રાષ્ટ્ર ગ્રીસથી વધારે બળવાન થઈ ગયું હતું અને ગ્રીસને તેની આગળ પોતાનું મસ્તક ઝુકાવવું પડયું હતું.

જાણીતી વાત છે કે—રોમે એક ન્હાના શહેરથી ઉન્નતિનો પ્રારંભ કરી વધતાં વધતાં આખી દુનિયાપર પોતાનું પ્રભુત્વ ફેલાવી દીધું હતું. પરંતુ રોમરાષ્ટ્રની ઉન્નતિ જેમ વિસ્મયકારક છે, તેમ તેની અવનતિ પણ હૃદયદ્રાવક છે. યોગ્ય ઇતિહાસકાર **ટૈસીરસ** જણાવે છે કે—રોમન જાતિના ઉત્કર્ષ વખતે રોમન નારીઓમાં પાતિવ્રત્ય સ્વાર્થત્યાગ, સ્વાવલંબન, ધૈર્ય વગેરે જે ગુણો દેખાતા હતા, તે બધા તેની અવનતિના વખતે નષ્ટ થઇ ગયા હતા. આ સારા ગુણોના સ્થાને દુરાચાર, અજ્ઞાન, કલહ વગેરે દુર્ગુણો દાખલ થઇ ગયા હતા. આથી જર્મનોની આગળ તેમને દબાઇ જવું પડયું હતું. સાચેજ—

" Two things are closely joined together, the education, the training and development of women and the greatness of a nation. When these women were the Indian mothers, heroes and Rishis were born. and now out of childmothers cowards and social pigmies come forth-cause and effect still in your power to change."

અર્થાત્—બે બાબતોનો પરસ્પર ઘનિષ્ઠ સંબંધ છે-[૧] સ્ત્રીઓની શિક્ષા, માનસિક, ધાર્મિક તથા શારીરિક ઉન્નતિ અને [૨] કોઇ જાતિ યા પ્રજાનું મહત્ત્વ યા ગૌરવ. જ્યારે ભારતવર્ષમાં યોગ્ય માતાઓ હતી, ત્યારે તેઓ રત્નગર્ભા થઇને યોદ્ધાઓ અને ઋષિરત્નો ઉત્પન્ન કરતી હતી. પણ હવે મૂર્ખી બાલ-માતાઓથી પ્રાયઃ કાયર અને કલંકિત કુપુત્રો ઉત્પન્ન

થાય છે. કારણ અને કાર્ય ! કારણને સુધારી કાર્ય સિદ્ધ કરવું હજુ પણ અમારા હાથમાં છે.

ડાર્વિન કહે છે કે—

"Man sees with scrupulous care the character and pedigree of his horse, cattle and dogs, before he matches them; but when he comes to his own marriage, he rarely or never takes such care."

અર્થાત—મનુષ્ય ગાય, બળદ, ઘોડા અને કુતરાનો જોડો લગાવવા પૂર્વે એમનાં કદ, નસલ, બળ આદિ અનેક ગુણો ઉપર બહુ સાવધાનતાથી વિચાર કરે છે, અને જાંચ કરીને જોડો સ્થિર કરે છે; પરંતુ પોતાના કે પોતાની સંતતિના વિવાહ વખતે આ બધા ઉત્તમ વિચારોને ભૂલી જાય છે !

આ અજ્ઞાનતાનું જ એ પરિણામ છે કે આજનો ગૃહસ્થાશ્રમ દિવસે દિવસે વધારે ફીકો પડતો જાય છે. ધ્યાનમાં રહે કે સ્ત્રીઓ કેવળ ભોગ-વિલાસ માટે બનાવી નથી ગઈ. જે પુરૂષો સ્ત્રીઓના શરીરને, તેમનાં સુખ–દુઃખ પર ધ્યાન નહિ આપી પોતાનાજ સુખ–વિલાસ માટે ખુદગર્જીથી કામમાં લે છે, તેઓ વિવાહના અધિકારની બહાર જાય છે અને વિવાહ–શય્યાને અપવિત્ર કરે છે. આવા કામી પુરૂષોના વિવાહને અંગ્રેજીમાં Married or legal Prostitution ( વ્યભિચાર ) કહે છે. આનું પરિણામ બતાવતાં એક વિદ્વાન લખે છે કે—

" A nation which seeks in sexual life nothing but pleasure is bound to disappear."

અર્થાત્—જે પ્રજા વિવાહ-શય્યાને કેવળ ભોગ-વિલાસને માટે જ ઠીક સમજે છે તેનો વિનાશ અવશ્યમ્ભાવી છે.

જે બીચારા સ્રીને બચ્ચાં-બચ્ચાં પેદા કરવાનું મશીન સમજી વિષય-સંગમાં લાગ્યા રહે છે, તેઓ તો ખરેખર ભાન ભૂલ્યા છે. તેઓ પોતે પોતાની સ્રી સાથે ખુવાર થાય જ છે, પણ તેમની વિષયાન્ધ દશાથી નિપજનારાં બચ્ચાંને પણ મોતની સામું ધકેલે છે. પરાધીન અને ગુલામ, દરિદ્ર અને રોગી, અશક્ત અને કાયર એવા આ દેશમાં કુકડાં, કુતરાં અને ડુક્કરોની જેમ સન્તતિ વધાર્યે જવું એમાં આત્મદ્રોહ, પત્નીદ્રોહ, સન્તતિદ્રોહ, સમાજદ્રોહ અને દેશદ્રોહ પણ રહેલો છે. આ વાત ખાસ ધ્યાન આપવા જેવી છે. ધણી-ધણીયાણીને પુરૂં થાય એટલુંય મુશ્કેલીથી સાંપડતું હોય, ત્યાં બાળબચ્ચાં-ની શી વલે! લુલા-લંગડા, કોઢી-રોગી, વૃદ્ધ-દુર્બળ બધાને વિવાહમાં ફસાવાનું મન થાય છે, પણ તેમ કરીને તેઓ અપંગ, અશક્ત, રોગી સન્તાન ઉત્પન્ન કરી કેવા અનર્થો ઉભા કરે છે એનો વિચાર તેમને શાનો આવે! આવા નાલાયકો પણ ક્ષણિક સુખના આસ્વાદ માટે વિવાહ કરવા મંડી જાય એ ખરેખર ગૃહસ્થાશ્રમને નીચો પાડવાનું કુકર્મ છે. આવું અન્ધેર જેટલું હિન્દુસ્તાનમાં છે તેટલું બીજા સભ્ય ગણાતા દેશમાં ભાગ્યેજ હશે.

ગૃહસ્થાશ્રમીએ કમમાં કમ એટલું તો અવશ્ય ધ્યાનમાં રાખવું જોઇએ કે—

" There should be no more children brought

into the world than can presumably be fed and reared."

અર્થાત—પાલનપોષણ સારી રીતે કરી શકાય એટલાં સન્તાનથી વધુ સન્તાન નજ ઉત્પન્ન કરવાં જોઇએ.

કામાન્ધ દશા સન્તાનની ઉત્પત્તિમાં પણ ક્યાં વિચાર રાખવા દે છે. એક તસ્બીર કે વાસણોના ઘાટ ઉતારવામાં પણ સાવધાનીની જરૂર પડે છે, તો માનવીય મૂર્તિઓના નિર્માણ-કર્મમાં કેટલી સાવધાનીની જરૂર છે, એ સમજી શકાય તેવી બીના છે. રંગી-ભંગી, દારૂડીયા, દુર્વ્યસની અને ચપળીયા સમય-સ્થિતિ જોયા વગર, આરોગ્ય કે પ્રસન્નવૃત્તિનો ખ્યાલ કર્યા વગર, ધીરજનું લીલામ કરી દીવાની આસપાસ ઘુમરી ખાતા કુદાની જેમ વિષયાનલમાં પડતું મૂકે છે. આ કંઇ સંગ-વિધિ છે! આવી દુર્દશામાં ગર્ભાધાન થાય તો કેવું થાય! અને સન્તતિ કેવી પાકે! સમજી લેવાની જરૂર છે કે, ગર્ભાધાન તથા ગર્ભાવસ્થાના સમય-સંયોગો અને તે વખતની વિચાર-ભાવનાઓ સન્તતિ-નિર્માણમાં મ્હોટો ભાગ ભજવે છે.

યાદ રહે કે ગૃહસ્થાશ્રમનો અર્થ વિષય-સંગમાં લાગ્યા રહેવું એ નથી. એથી તો એ આશ્રમ કલંકિત થાય છે, બગડે છે. ગૃહસ્થાશ્રમનો મુખ્ય હેતુ એ છે કે, દમ્પતિએ પરસ્પર શુદ્ધ અને પવિત્ર પ્રેમ કેળવી ધર્મસાધનમાં અને આત્મોન્નતિના કાર્યમાં એક-બીજાને પોત-પોતાની શક્તિનો લાભ આપવો જોઇએ. દમ્પતિ-યુગલ એ ધર્મ-રથ યા સમાજ-શકટની બળદ-જોડી છે, એટલે તે બન્નેના શક્તિ-યોગે તે રથ યા શકટની

ગતિમાં વેગ મળવો જોઇએ અને તેઓ ઉન્નતિગામી થવાં જોઈએ. બે એકડા ભેગા થતાં જેમ અગ્યાર થાય છે, તેમ દમ્પતિની બન્ને શક્તિઓ એકઠી થતાં તેમાંથી મહાન્ બળ પ્રગટે છે. તે બળનો વધારે વિકાશ તેમના સંયમપર અવલંબિત છે. જેટલું વધારે બ્રહ્મચર્ય પળાય તેટલું પાળવાની તેમની ખાસ ફરજ છે. બ્રહ્મચર્યના પ્રભાવથીજ તેઓ સમાજને, દેશને અને ધર્મને ઉપયોગી નિવડે. " पुत्रकामः स्वदारेष्वधिकारी " એ પ્રાચીન-સૂત્રાનુસાર એક તેજસ્વી બાળક-બાળિકાને દેશને ચરણે ધરી જેઓ-જે સ્ત્રી-પુરૂષ પોતાની કામચેષ્ટા બંદ કરી દે છે, અને નિર્મળ બ્રહ્મચર્ય ધારણ કરી સેવા-માર્ગને અખત્યાર કરે છે, તેઓ ગૃહસ્થાશ્રમના ઉચ્ચ શિખર પર વિરાજમાન થઇ પ્રજાની અંદર મહાન્ પ્રકાશ નાંખે છે. આવા મહાન્ આત્માઓ જે દેશને પોતાની જીવન-ચર્યાથી અલંકૃત કરે છે તે દેશ ભાગ્યવાન્ ગણાય છે. આ ગૃહસ્થાશ્રમનો ઉચ્ચ આદર્શ છે. પ્રાચીન ઋષિઓએ પણ " धन्यो गृहस्थाश्रमः " વગેરે ઉક્તિઓ વડે આવા આદર્શ અને મહત્ત્વપૂર્ણ ગહસ્થાશ્રમનાં ગુણ-ગાન કર્યાં છે. સુતરાં, વીર-ધર્મના પુનરુદ્ધારનું મૂળ ગૃહસ્થાશ્રમના પુનરુદ્ધારમાં સમાયલું સમજી લેવાની પહેલી તકે જરૂર છે.

# પુનર્લગ્ન

જૈન ધર્મનો મૂળ અર્થ વીતરાગ–શાસન છે. એટલે તેમાં વૈરાગ્ય–માર્ગનેજ પ્રાધાન્ય હોય. તે તો લગ્નમાત્રને જ વખોડે–સાધારણ રીતે લગ્નમાત્રનાંજ કડવાં ફળ બતાવે. વીતરાગ–શાસનનો ઉપદેશ કેવળ વૈરાગ્યપરત્વે છે. તેની દૃષ્ટિમાં એક માત્ર વિરાગી જીવન સારભૂત અને ઉપાદેય છે. સંસારી જીવન અને વિષય–સંગને તો તેણે મૂળથી જ અસાર અને દુઃખમય ઠરાવ્યાં છે. ત્યાં પછી પુનર્લગ્નનો સવાલ તેની આગળ શી રીતે લઇ જઇ શકાય ? સંસારી જીવનના વિષયમાં વિશ્લેષણ કરવાનો તેનો વિષયજ નથી. વૈરાગ્ય–રસ–ધારામાં ડૂબકી મારવી હોય, આત્મ–સ્વરૂપનો અપૂર્વ આનન્દ ચાખવો હોય અને આધ્યાત્મિક કોયડા ઉકેલવા હોય તો એ કામ ધર્મ–શાસ્ત્રથી સમ્પાદન થઈ શકશે અને તે સુન્દરમાં સુન્દર રીતે થઇ શકશે; પણ દુન્યવી વ્યવહારમાં તેણે મુખ્ય ભાગ લીધો નથી. તેણે તો માત્ર બ્રહ્મચર્યજ પાળવાનું ફરમાવ્યું છે. સર્વથા બ્રહ્મચર્ય જીવન ગાળવું એજ એનું પ્રધાન ફરમાન છે. હા, તેણે શ્રાવક–ધર્મનું પણ વિધાન કર્યું છે અને તે પર સરસ

પ્રકાશ નાંખ્યો છે, પણ તે બાબતમાં ધાર્મિક અંગો વિષે જેટલું નિરૂપણ કર્યું છે તેટલું સાંસારિક અંગો વિષે નથી કર્યું. અલબત, ઉત્તરકાલવર્તી ધર્માચાર્યોએ ગૃહસ્થાશ્રમ પર પ્રકાશ નાખતાં લગ્ન-સંસ્થા વિષે પણ પ્રતિપાદન કર્યું છે. કિન્તુ આજે તો પુનર્લગ્નની ચર્ચાએ સમાજમાં અને દેશમાં બહુ મ્હોટું રૂપ પકડયું છે.

જૈન ધર્મશાસ્ત્ર, વૈરાગ્યપ્રધાન અને આધ્યાત્મિક-દર્શન હોઇ કરીને પણ તેની એક ઉદારતા ખાસ ધ્યાન ખેંચે એવી છે. તેણે ધર્મ-વિધિમાં મનુષ્યોની યોગ્યતા તરફ બહુ ધ્યાન આપ્યું જણાય છે. આ વિષેના દાખલા ઘણાય જાણીતા છે. એક મામૂલી સાદો ચોવિહારનોજ દાખલો લઇએ. અવ્વલ તો તેણે ચોવિહાર કરવાનું જ ફરમાન કર્યું, પણ સાથેજ, એમ પણ તેણે ઉપદેશ્યું કે, જેનાથી તે ન બની શકે, તે તિવિહાર કરે ( પાણી છૂટું રાખે ), અને તે પણ જેનાથી ન બની શકે, તે દુવિહાર કરે ( પાણી અને ઈલાયચી વગેરે સ્વાદિમ ચીજો છુટી રાખે). આ ચોવિહાર, તિવિહાર અને દુવિહારની ત્રિવિધતાને વૈવાહિક જીવન સાથે સરખાવતાં, કહેનારા એમ કહી શકે કે, બિલ્કુલ વિવાહ ન કરતાં સર્વથા બ્રહ્મચર્ય પાળવું એ ચોવિહારના સ્થાને છે, અને તે શાસ્ત્રનું પ્રાથમિક વિધાન છે; પણ જેનાથી તે ન બની શકે, તે તિવિહારસ્થાનીય લગ્નની છૂટ લ્યે, અર્થાત્ સ્વદાર-સન્તોષરૂપ યા સ્વપતિસન્તોષરૂપ ગૃહસ્થ-ધર્મને આરાધે; તે પણ જેનાથી ન થઈ શકે તે દુવિહાર કરે, એટલે ફરી વિવાહ કરે. પણ આવી સરખામણીમાં વજૂદ ન હોય, તો એની કિમ્મત કેટલી ?

એ બનવા જોગ છે કે, પુનર્લગ્નની બાબતમાં ખાસ સ્પષ્ટ નિષેધ ધર્મશાસ્ત્રમાં દૃષ્ટિગોચર ન થાય અને ગ્રન્થકાર એવી ઘટનાના પ્રસંગે રૂઢિનું કારણ પ્રદર્શિત કરે. દાખલા તરીકે, પરમાત્મા શ્રીમહાવીર દેવના અગ્યાર ગણધરો પૈકી છઠ્ઠા અને સાતમા ‘ મંડિત ’ અને ‘ મૌર્યપુત્ર ’ ગણધરો એવા હતા કે જેમની ( જે બન્નેની ) માતા એક જ હતી અને પિતા જુદા હતા. અર્વાચીન ઉપાધ્યાય શ્રીવિનયવિજયજી જેવા પંડિતોએ એ બાબતમાં લખ્યું છે કે—

“ अत्र मण्डित—मौर्यपुत्रयोरेकमातृकत्वेन भ्रात्रोरपि भिन्न-गोत्राभिधानं पृथक्—जनकापेक्षया; तत्र मण्डितस्य पिता धनदेवः; मौर्यपुत्रस्य तु मौर्यः; इति । अनिषिद्धं च तत्र देशे एकस्मिन् पत्यौ मृते द्वितीयपतिवरणमिति वृद्धाः । ”

( કલ્પસૂત્ર, સ્થવિરાવલી, અષ્ટમ વ્યાખ્યાન. )

અર્થાત—‘ મંડિત ’ અને ‘ મૌર્યપુત્ર ’ ની માતા એક હોવાથી તે બંને ભાઇ છે, છતાં તેમનાં ગોત્ર જુદા હોવાનું કારણ એ છે કે, તેમના બાપ જુદા જુદા છે. મંડિતનો બાપ ધનદેવ છે, જ્યારે મૌર્યપુત્રનો બાપ મૌર્ય છે. તે દેશમાં એક પતિ મરતાં બીજો પતિ વરવાનું નિષિદ્ધ નથી; એમ વૃદ્ધ મહાપુરૂષોનું કહેવું છે.

આવશ્યક સૂત્રની ટીકામાં ભગવાન્ હરિભદ્રસૂરિએ દેશ-કથાનું વર્ણન કરતાં એક જૂની ગાથા ઉતારી છે, જેમાં જણાવ્યું છે કે, દેશ-દેશના રીત-રિવાજો જુદા જુદા હોઇ, કોઇ દેશમાં

એક વસ્તુ જ્યારે ગમ્ય કે સ્વીકાર્ય હોય છે, ત્યારે તેજ વસ્તુ બીજા દેશમાં અગમ્ય કે અસ્વીકાર્ય હોય છે. ઉદાહરણાર્થ, અંગ દેશમાં તથા લાટ દેશમાં મામાની દીકરી ગમ્ય હોય છે, ત્યારે ગૌડ દેશમાં તે ભગિની હોઇ અગમ્ય ગણાય છે. તે ગાથા આ રહી:—

×" छंदो गम्मागम्मं जह माउल—दुहियमंग—लाडाणं ।
अन्नेसिं सा भगिणी गोल्लाईणं अगम्माउ " ॥

ધર્મશાસ્ત્રોના કેટલાક અભ્યાસીઓનું એમ કહેવું છે કે, જેમ દ્વાદશવ્રતધારી પુરૂષ પુનર્વિવાહ કરવા છતાં પણ તેવોને તેવો શ્રાવક—દ્વાદશવ્રતધારી બન્યો રહે છે, તે પ્રમાણે દ્વાદશવ્રતધારિણી મહિલા, તેણીનો પતિ મરી જતાં પુનર્વિવાહ કરીને પણ તેવીને તેવી શ્રાવિકા—દ્વાદશવ્રતધારિણી બની રહે છે. આમ તેઓ સ્ત્રી-પુરૂષ બન્નેને માટે સરખો ન્યાય લાગુ પાડે છે. ન્યાયશાસ્ત્ર, કાયદાશાસ્ત્ર, માનસશાસ્ત્ર, પ્રકૃતિશાસ્ત્ર અને ધર્મશાસ્ત્રના ધોરણે પુનર્વિવાહનો અધિકાર સ્ત્રી—પુરૂષ બન્નેને માટે સરખો બતાવાય છે.

કેટલાકો તો એમ પણ કહેવાનો હિમ્મત કરે છે કે, ગૃહસ્થધર્મના ચતુર્થ અણુવ્રતની સ્વદારસંતોષ અને પરદાર—વર્જન એમ ભિન્ન પ્રકારની બે દિશા* બતાવીને, (યાદ રહે કે આ

×આ ગાથા જિનદાસગણિ—મહત્તરની **નિશીથચૂર્ણિમાં** પણ આપેલી છે.

* " षण्ढत्वमिन्द्रियच्छेदं वीक्ष्याब्रह्मफलं सुधीः ।
भवेत् स्वदारसन्तुष्टोऽन्यदारान् वा विवर्जयेत् " ॥७६॥
( હેમચન્દ્ર, યોગશાસ્ત્ર, દ્વિતીય પ્રકાશ )

બન્ને દિશાઓમાં રહસ્યભર્યો તફાવત છે) ધર્માચાર્યોએ પોતાને માનવીય દુર્બળતાનું જ્ઞાન ક્યાં સુધી છે, તેનો જે પરિચય કરાવ્યો છે અને તેવા દુર્બલાત્માઓને માટે પણ તેમણે અણુવ્રતના દરવાજા જે ખુલ્લા મૂકી દીધા છે, તેનો વિચાર કરતાં, તેવા ઉદાર ધર્માચાર્યો, એક ત્રાજવે પુરૂષોને ન્યાય આપે અને બીજા ત્રાજવે સ્ત્રીઓને આપે, એમ ખોટા વાણિયા જેવો દુર્વ્યવહાર કદી કરેજ નહિ, એમ સ્હેજે માનવાનું પ્રાપ્ત થાય છે. અને એ રીતે પુરૂષોની જેમ સ્ત્રીઓને પણ પુનર્વિવાહની છૂટ હોયજ.

વળી, કેટલાકો નજીકનું ઉદાહરણ આપતાં જૈન-ઇતિહાસ—પ્રસિદ્ધ પરમાર્હત, પરમશ્રાવક, વીરશિરોમણિ, મહાપુરૂષ વસ્તુપાળ–તેજપાલનો દાખલો આપે છે કે, જેઓ પુનર્લગ્ન કરેલ માતાની કુક્ષિથી જન્મ્યા હતા. આ વિષયમાં ઐતિહાસક પ્રમાણ શ્રીમેરૂતુંગસૂરિ–વિરચિત 'પ્રબન્ધ-ચિન્તામણિ' નું અપાય છે, જેમાં તે મહાપુરૂષોનો જન્મ પુનર્લગ્ન કરેલ માતાથી થયાનું સ્પષ્ટ જણાવ્યું છે. વસ્તુપાલનો સ્વર્ગવાસ વિ૦ સં૦ ૧૨૯૬ માં બતાવાય છે અને 'પ્રબન્ધચિન્તામણિ' વિ૦ સં૦ ૧૩૬૧ માં રચાયો છે; એટલે એ ઉપરથી એ 'પ્રબન્ધ'ના લેખક, વસ્તુપાલ પછી કેટલા નજીકના વખતમાં થયા છે, એ પણ ચોખ્ખું જણાઇ આવે છે. જિનહર્ષના વસ્તુપાલ–ચરિત્રમાં પણ એને મળતો અધિકાર છે. લક્ષ્મીસાગરસૂરિ તથા પાર્શ્વચંદ્રસૂરિ વગેરેના રાસોમાં પણ આ હકીકત નોંધાયલી છે.

આ બધું વાંચી કેટલાકોનાં હૃદય પુનર્લગ્નમાં માનવા તૈયાર થાય ખરાં. પણ સબૂર ! ધર્મશાસ્ત્ર એ વિષે ચૂપ હોય તો પણ એક શાસ્ત્ર એવું હજુ રહી જાય છે કે જેની પરવાનગી લીધા વગર તે વિષેની તરફદારી હર્ગિજ ન થઇ શકે. તે શાસ્ત્ર છે સમાજ-શાસ્ત્ર. તે જો તે વિષે વિરૂદ્ધ હોય, તેને જો તે વાત ન સહતી હોય તો તે વિષે ધર્મશાસ્ત્રનો વાંધો ન હોય તો પણ તે આચરણમાં ન મૂકી શકાય. આવા સાંસારિક પ્રશ્નોનો નિકાલ સમાજ-શાસ્ત્રથી થાય તે ધર્મશાસ્ત્રથી ન થઇ શકે. ધાર્મિક અંગોની વિચારણા માટે ધર્મશાસ્ત્ર, અને સાંસારિક તથા વ્યાવહારિક બાબતોની વિચારણા માટે સમાજ-શાસ્ત્ર અગર સમય-શાસ્ત્ર કામ લાગે. દરેક પોતપોતાની કક્ષામાં ઉપયોગી થઇ શકે. હા, એટલું ચોક્કસ કે કોઇ પણ બાબત જો ધર્મશાસ્ત્રથી વિરૂદ્ધ હોય તો તેનો અમલ ન થઈ શકે.

ધર્મશાસ્ત્રથી ઉકેલ કરવો સુગમ છે, પણ સમાજ-શાસ્ત્રથી ઉકેલ કરવો બહુ મુશ્કેલ છે. ધર્મશાસ્ત્રની સમ્મતિ યા અનુમતિ મેળવવા માટે તેનાં પાનીયાં ફેંદી તેમાંથી તદનુકૂળ વચન કે પ્રમાણ ખોળવું રહ્યું, પણ સમાજ-શાસ્ત્રની પસંદગી તપાસવા માટે કેવળ વર્તમાનકાળની જ પરિસ્થિતિનો વિચાર કરવો પુરતો નથી, પરંતુ ભૂતકાળની સંસ્કૃતિની વિચારણા સાથે ભવિષ્યકાળ ઉપર પણ બહુ બારીક નજર દોડાવવાની જરૂર પડે છે.

પુનર્લગ્નની બાબતમાં, સમાજની નાડી તપાસીને, સમયનો પ્રવાહ ઓળખીને, ભવિષ્યમાં પરિણામનો વિચાર

કરીને, નારી-ધર્મના મૂળ આદર્શપર ખ્યાલ રાખીને, સાહસ, આવેગ કે ઉતાવળ ન કરતાં, સ્થિર દૃષ્ટિ, શાન્ત મગજ અને ગંભીર પ્રજ્ઞાથી ઊહાપોહ કરવાની આવશ્યકતા છે.

કાનૂનની દૃષ્ટિમાં વિધવાનું પુનર્લગ્ન તેટલુંજ ન્યાય્ય છે, જેટલું, વિધુર પુરૂષનું પુનર્લગ્ન ન્યાય્ય છે. તો પણ વિવેકની દૃષ્ટિમાં તે બન્ને અવસ્થાઓમાં ભારે અન્તર છે. જેવી રીતે, પત્નીનું વ્યભિચાર-કર્મ પતિના વ્યભિચાર-કર્મ કરતાં વધારે નિન્દ્ય છે, તેવીજ રીતે સ્ત્રીનો પુનર્વિવાહ પુરૂષના પુનર્વિવાહથી વધારે ભદ્દો અને નિકૃષ્ટ છે. એથી સ્ત્રીમાં તે પવિત્રતા અને તે સહજ લજ્જાની ભારે કમી પ્રગટ થાય છે, જે, સ્ત્રીજાતિની સહુથી મ્હોટી ચારૂતા અને મોહિની શકિત છે.

પણ જૈન-સમાજમાં જે ભયંકર હોળી સળગી રહી છે, અર્થાત્ દરવર્ષે લગભગ સાત-આઠ હજાર જેટલા માણસોનો સંહાર થતો રહે છે, એટલે હરેક દશકે સિત્તેર-એસી હજાર જેટલી મનુષ્યસંખ્યા ઘટયા કરે છે, એનું કારણ જણાવતાં પુનર્લગ્નના હિમાયતીઓ જે કહેવા માગે છે તે આ નીચે મુજબ છે.

જૈન સમાજમાં લગભગ એક તૃતીયાંશ પુરૂષ તો ગૃહવાસના અભિલાષી છતાં સદાને માટે કુંવારા રહી જાય છે, અને એક તૃતીયાંશ સ્ત્રીઓ વિધવા બની સદાને માટે રંડાપો કાઢે છે. આમ એક તૃતીયાંશ સ્ત્રીઓ અને એક તૃતીયાંશ પુરૂષો જાતીય દુર્દશા અને સામાજિક બલાત્કારનો ભોગ થઇ અશાન્ત ચિત્તે સન્તાનોત્પત્તિ-કર્મથી બિલ્કુલ અલગ થઇ જાય છે.

ફકત ⅔ સ્ત્રી-પુરૂષોજ ગૃહવાસી રહી જાય છે. યદ્યપિ સમાજમાં છોકરા અને છોકરીઓ કરીબ કરીબ બરાબરની ગણુતરીમાં પેદા થાય છે, કિન્તુ પુરૂષ વિધુર થતાં તે તો બબ્બે, ત્રણ ત્રણ, ચચ્ચાર કુંવારી કન્યાઓ સાથે વિવાહ કરી લે છે અને સ્ત્રીઓ વિધવા થતાં તેમને સદાને માટે રંડાપો કાઢવો પડે છે, એટલે આ પરિણામ આવે છે. અર્થાત્ જેટલા વિધુરોનાં લગ્ન કુંવારી કન્યાઓ સાથે થાય છે, તેટલી કન્યાઓ ઓછી થતાં તેટલા પુરૂષો કન્યા ન મળવાના કારણે સદાને માટે કુંવારા રહી જાય છે. યદિ ૧૦૦ છોકરા અને ૧૦૦ કન્યાઓ ઉત્પન્ન થાય અને તેમાંથી ⅓ અર્થાત ૩૩ કન્યાઓ વિધુરોને પરણાવી દેવાય તો બાકી ⅔ અર્થાત ૬૬-૬૭ કન્યાઓ ફક્ત ૬૬-૬૭ છોકરાઓને મળી શકવાની, અને ૧૦૦ માંથી શેષ ૩૩ છોકરાઓને કન્યા નહિ મળી શકવાની. એમને તો જિન્દગીભર કુંવારાજ રહેવું પડશે. જેટલી કન્યાઓ વિધુરોમાં ઓછી જવાની, તેટલી કન્યાઓ સાથે તેટલા વધારે કુંવારા વિવાહિત થવાના, પણ તેટલા વિધુરો પુનર્વિવાહ વગરના રહેવાના. અગર કોઇ પણ વિધુરનો પુનર્વિવાહ ન થાય તો બેશક કુંવારા તો સોએ સો વિવાહિત થઇ જવાના, પણ ૩૩ વિધુરોને વિવાહ વગર રહેવું પડશે. આ હિસાબે હર હાલતે એક તૃતીયાંશ પુરૂષોને અવિવાહિત રહેવું અનિવાર્ય છે. કેવળ ⅔ સ્ત્રી-પુરૂષોજ ગૃહવાસ કરી શકવા યોગ્ય રહી જાય છે. બીજી તરફ સ્ત્રી વગરના કુંવારા અને વિધુરો જો બ્રહ્મચારી બન્યા રહેતા હોય તો એ મહાન્ સૌભાગ્યની વાત ગણાય. પણ એ બીના અધિકાંશ અશ્રદ્ધેય છે. તે બીચારાઓ,

અધિકાંશ કોઇને કોઇ રીતે સ્વેચ્છાની પૂર્તિ કરેજ છે અને બહુ અશાન્તિ સાથે પોતાનું જીવન વ્યતીત કરે છે.

કન્યાવિક્રયની કુપ્રથા પણ આવી કફોડી સ્થિતિમાંથીજ ઉત્પન્ન થઇ છે. કેમકે પૂર્વોક્ત હિસાબ પ્રમાણે કન્યાઓ તો ૧૦૦ છે અને તેણીઓના ઉમેદવાર કુંવારા તથા વિધુરો મળીને ૧૩૩ છે, બલ્કિ એક એક પુરૂષ ત્રણ ત્રણ ચચ્ચાર વાર વિધુર થઈ જાય છે અને કુંવારી કન્યાને શોધે છે, એ હાલતમાં ઉમેદ-વારોની સંખ્યા ૧૩૩ થી પણ આગળ વધી જાય છે; એટલે પછી કન્યા મેળવવા માટે પરસ્પર ધમાધમી થાય છે, અને શ્રીમાન્ વિધુરો લક્ષ્મીના ખનખનાટથી બાજી મારી જાય છે, એટલે બીચારા ગરીબ જવાનીયા હાથ ઘસતા રહી જાય છે. આ રીતે ગરીબ માબાપોને કન્યા વેચવાનો અવસર મળે છે. અને લક્ષ્મીની કોથળી તરફ આકર્ષાઇ તેઓ પોતાની પુત્રી પચાસ યા સાઠ વર્ષના બુઢ્ઢાને પણ આપવા તૈયાર થઇ જાય છે. તે ડોકરો પોતાની નિર્લજ્જ વાસના પૂરી કરી “ ઘોર-જોગ ” થાય છે ત્યારે પેલી બાલિકા “ ઘર–જોગ ” થાય છે. પણ બાળ-અવસ્થામાંજ તેણીના શિરે વૈધવ્યનો વજ્ર–પાત થતાં તે બીચારીના બુરા હાલ થાય છે. આમ એક વૃદ્ધ–વિવાહથી એક છોકરો કુંવારો રહી જાય છે અને સાથેજ એક કન્યાને પણ જિન્દગી ભરને માટે વૈધવ્યની ભીષણ ખાઇમાં ધકેલી દેવાય છે. આમ એ બન્નેની તરફથી ઇચ્છાવિરૂદ્ધ સૃષ્ટિમાર્ગ બંધ થઇ જાય છે.

માલ અને ખપત ( Demand and Supply ) ના

વેપારી નિયમ છે કે જ્યાં માલ થોડો અને ખરીદાર અથવા તેને મેળવવાના ઉમેદવાર વધારે હોય તો તે ચીજનો બજાર-ભાવ ( Market-Rate ) વધી જવો સ્વાભાવિક છે. આવી દશામાં કન્યાવિક્રયની વિરૂદ્ધમાં ગમે તેટલી બૂમો પાડવામાં આવે પણ તેનું શું પરિણામ આવવાનું ? કન્યાવિક્રય તો ત્યારે બંધ થઇ શકે કે જ્યારે તેણીના ખરીદનાર ન હોય, અર્થાત્ વિધુરોનો વિવાહ કુંવારીઓ સાથે ન થાય; કુંવારીઓ સાથે કુંવારાઓનોજ વિવાહ થાય. આ હાલતમાં પ્રાયઃ ન તો કોઈ સંસારાભિલાષી યોગ્ય વ્યક્તિ વિવાહ કર્યા વગરનો રહી શકશે, અને ન કોઈને કન્યા મૂલ્ય આપી લેવી પડશે.

બાળવિવાહ પણ બંધ થતો નથી, તેનું પણ એક કારણ આ છે. દરેક છોકરાવાળો એ જ ચિન્તામાં રહે છે કે કોઈ રીતે મારા છોકરાનો જલદી વિવાહ કરીને આ " ઘોડ-દોડ " માં જીત મેળવું; વિલંબ કરવાથી, ન માલૂમ, શું પરિણામ આવે, અને રખેને મારા છોકરાને કુંવારા રહી જવાનો વખત આવે.

વળી આગળ વધી પુનર્લગ્નના પક્ષકારો પોકાર કરે છે કેઃ—પુરૂષ મ્હોટી ઉમ્મર સુધી, પરિપકવ ઉમ્મર થવા છતાં પણ, એક પછી એક બાળિકાનાં પાણિગ્રહણ કરતોજ જાય અને બાળ ઉમ્મરની બાળાનો પતિ મરી જતાં તેણીને વૈધવ્યની દારૂણ ભઠ્ઠીમાં પડતું મૂકવાની જબરન ફરજ પાડવામાં આવે એ કેવો ન્યાય ! કેવી દયા ! કેવું હૃદય ! અનેકવાર વિવાહ કરવા છતાં પણ પુરૂષોની કામ-તૃષ્ણા શાન્ત

નથી થતી ને પુનઃ પુનઃ લગ્ન માટે તેઓ વલખાં માર્યા કરે છે, તો બાળ-વિધવા થનારીની મનોદશા કેવી કલ્પવી! તેણીનો તૃષ્ણા-પ્રવાહ શી રીતે અટકવાનો! સાસુ-મા, દેરાણી-જેઠાણી, બ્હેન-ભોજાઇ વગેરે સધવાઓનાં વિલાસી જીવન વચ્ચે તેણીને પોતાની ચઢતી જુવાનીના દિવસો વિતાવવા એ કેટલી વિકટ સમસ્યા હશે !

પુરૂષ કરતાં સ્ત્રીની કામ-વાસના અધિક બતાવી છે, અને મ્હોટા મ્હોટા શ્રુતધરો અને તપસ્વીઓ પણ સમયપર ગબડી પડયા છે, ત્યારે બાળ-વિધવાઓથી બળાત્કારે બ્રહ્મચર્ય પળાવાની આશા રાખવી એ વિચિત્ર નથી કે !

આજે સમુચ્ચય હિન્દુ સમાજમાં કેટલીયે બાળ-વિધવાઓ અવળી ઘાણીએ પીલાઇ રહી હશે ! નીતિભ્રષ્ટ થઇ રહી હશે ! ભયંકર પાપો કરી રહી હશે ! કસાઇઓના હાથે રહેંસાઇ રહી હશે ! ઓ ! પ્રભુ ! તેમનો કોઇ બેલી ! છે કોઇ તેમને ઉગારનાર ! છે કોઇ તે બીચારીઓની કકળતી આંતરડીને ઠારનાર ! ઉફ્ ! ગજબ ત્રાસ ! ભયંકર અન્ધાધુંધી ! રાક્ષસીય અત્યાચાર ! આવી બાળાઓના ઉકળતા નીસાસા, તેણીઓનાં હૃદયભેદક આક્રન્દન અને તેણીઓનાં કાળજાંમાં ભભકતી દુઃખાગ્નિના ભડકા સમાજને કુશળ-ક્ષેમે રહેવા દેશે કે !

બહારના વિધર્મીઓના જુલ્મ અને અંદરના સહવાસી યા સહચારીઓના અનાચાર વચ્ચે આજની વિધવા સન્તપ્ત

નિઃશ્વાસ નાંખી રહી છે. પરાણે-જબરદસ્તી વૈધવ્ય પળાવવાના પરિણામે જે અનર્થો, જે અત્યાચારો અને જે ભ્રણ-હત્યાદિ પાપો થાય છે તે કોનાથી અજાણ્યા છે! તે બીચારી અભાગણીઓ વિધર્મીઓ કે ગુંડાઓનાં પ્રલોભનોમાં ફસાઇ જઇ પોતાના જીવન-ધર્મ પર કટાર ચલાવે છે, સ્હામાં ઘર માંડી બેસે છે અને તેણીઓના જ પેટે એવા કટ્ટર વિધર્મીઓ પેદા થાય છે કે માતાના મૂળ ધર્મ પ્રત્યે તેમને હળાહળ દ્વેષ વ્યાપેલો હોય છે, અને તે ધર્મને ખોદી નાંખવા માટે તેઓ પૂરા જુસ્સાથી બહાર આવે છે. મુસલમાનો અને ઇસાઇઓના ફાંસલા એટલા મજબૂત અને એવા આકર્ષક હોય છે, કે દુખિયા અને સન્તપ્ત વિધવાઓ ઝટ તેઓની જાળમાં ફસાઇ જાય છે. પણ પાછળથી તેણીઓના એવા બુરા હાલ થાય છે-એવી ભૂંડી દશા થાય છે કે તોબા! તોબા!!

ખરેખર તારીફની વાત છે કે, નવ યૌવનના ઉન્માદ-સમયમાં પણ વિધવા થનારી બાળાઓ ધીરજ રાખવા જેટલું બળ અવશ્ય ફોરવે છે, પણ તે બીચારીઓને ખરેખર વિધુરો કે કુંવારા પુરૂષો સુખે બેસવા નથી દેતા, તેણીઓને તેઓ પજવે છે અને વિવિધ પ્રકારનાં પ્રલોભનો આપી તેણીઓને ચલાયમાન કરે છે. તે બીચારીઓ તેવા ધુતારાઓના પંજામાં ફસાઇ જાય છે, અને પછી તે પુરૂષો જ તેમના પાપનું અનિષ્ટ પરિણામ પ્રકટ થતાં તે અભાગણીઓને ધક્કો મારી બહાર કાઢે છે અને પોતે ડાહ્યા-ડમરાનો દેખાવ કરી 'સતીયા' બનવાનો દમ ભરે છે! અરે! ઘરની અન્દર દેવર-ભોજાઇ, શ્વસુર-વધૂ

અને ઓરમાન મા-દીકરાના ખેલાતા અધર્મી કિસ્સા બહાર આવ્યા છે. હાય ! મોહોન્માદ !

બહારથી દેખાતા આડંબરી સદાચારની પાછળ ગુપ્ત દુરાચારના જીવ-લેણ સડાઓને નભાવી રાખનાર સમાજ પોતાનું અસ્તિત્વ ક્યાં સુધી ટકાવી શકશે? દિવસે દિવસે એવું કાતિલ ઝેર સમાજમાં ઉંડું ઉતરતું જાય છે, કે સમાજના નેતાઓ સવેળા સાવધ નહિ થાય તો સમાજ-આખો હિન્દુ સમાજ ક્યાં જઈ પડતું મૂકશે, એ વિચાર કરતાં પણ હૃદય થરથરી ઉઠે છે. કારણ કે મુસલમાનો અને ઈસાઈઓ હિન્દુ કોમને ગળી જવા માટે મ્હોં ફાડી બેઠા છે. તેઓ હિંદુઓની કુંભકર્ણ નિદ્રાનો ખૂબ લાભ લઇ રહ્યા છે. હિન્દુઓની નિદ્રા જેટલી લંબાશે, તેટલું તેમનું કલેવર કપાતું જવાનું, જેમાં જૈન જેવી દુબલી-પતલી કોમનું ભવિષ્ય તો અતિશય ભયાનક છે. જુઓ ! સન ૧૯૨૧ ની મનુષ્ય-ગણુનાના રિપોર્ટના ચોથા અધ્યાયમાં કમિશ્નર મહાશયે સ્પષ્ટ જણાવ્યું છે કે—

" The Jains are rigid observers of Customs of early marriage and prohibition of widow-marriage and like Hindus their proportion in population is steadily declining. "

અર્થાત્-જૈનો બાળ-વિવાહની રૂઢિના સખ્ત પક્ષપાતી છે, તેમજ વિધવા-વિવાહના સખ્ત નિષેધક છે, અને એથી હિન્દુઓની જેમ તેમની પણ સંખ્યા અટલ રૂપથી બરાબર ઘટતી ચાલી છે.

હિન્દુ જાતિ કરોડોની ગણુતરીમાં છે. ૨૫ કરોડ હિન્દુ ઘટતા ઘટતા પણ બહુ લાંબા વખતે ઘટશે. વળી તેઓમાં અધિક જાતિઓ એવી છે કે જેઓમાં વિધવા-વિવાહ પ્રચલિત છે, જેથી તેમની સંખ્યા એકદમ કમ થતી ન લાગે. પણ જૈનો તો પુરા બાર લાખ જેટલા પણ નથી રહ્યા. તેઓમાં પ્રાયઃ ત્રણ ચાર જાતિઓમાં જ વિધવા-વિવાહ પ્રચલિત છે, બાકી તમામ જાતિઓ બરાબર ઘટતી ચાલી છે.

સંયુકત પ્રાન્તના ૧૯૨૧ ની મનુષ્ય-ગણુનાના રિપોર્ટમાં લખ્યું છે કે—

" Jains continue to decrease. This community alone of all in the province decreased between 1881 and 1891 and there seems no doubt that it is dying out. "

અર્થાત્....જૈનો બરાબર ઘટતા ચાલ્યા છે. સન ૧૮૮૧થી ૧૮૯૧ ના વચ્ચે આ પ્રાન્તમાં ફકત આ જ જાતિ ઘટી છે. એમાં શક નથી કે આ જાતિ ખતમ થવા બેઠી છે.

પૂર્વ કાળમાં સતી-દાહની રાક્ષસીય પ્રથા એવી હતી કે પતિના મૃત્યુ પાછળ વિધવાને જબરન-ફરજીયાત પતિની ચિતામાં બળી મરવું પડતું હતું. હિન્દુ શાસ્ત્રોના નામે હિન્દુઓ વિધવાઓને ભડભડતી આગમાં સળગાવી દેતા હતા. બીચારી અબળા બળતી આગમાંથી બહાર છુટવા મથતી, કે પુરૂષો મ્હોટી મ્હોટી લાઠીઓથી ઠોકી ઠોકીને તેણીને આગમાં ખોસી

દેતા. આમ, મુસલ્માનો યા કસાઇઓના આંગણે મરાતા જાનવર કરતાં પણ વધારે બુરી હાલતથી દેશની વિધવાઓ કતલ કરાણી છે; અને વળી તે ધર્મના નામ પર ! એ ' ધર્મ ' કેવો હશે ! એ ધર્મ-પોથીઓ કેવી હશે ! અને એ ધર્મના ઠેકેદારો કેવા હશે ! વધારે તાજ્જુબ થવાની વાત તો એ છે કે, આગના ઝપાટામાં સળગી રહેલી અભાગણીની રાડ કોઇ ન સાંભળે એટલા માટે ચિતાગ્નિની આસપાસ ઢોલ વગેરે વાજાં-ગાજાંનો ખૂબ ઘોંઘાટ કરી મૂકાતો. લોકો પણ તે બીચારીની બૂમ સાંભળવામાં પોતાનું અમંગળ સમજતા, કેમકે ધર્મના ઠેકેદારોએ લોકોને એટલે સુધી બેવકૂફ બનાવી દીધા હતા કે, ચિતાગ્નિમાં બળી મરતી વિધવાની બૂમ જો કોઇ સાંભળી લ્યે તો તે વાંઝિયો થાય ! હાય ! કેટલો ગજબ ! કેવો પૈશાચિક સંહાર ! આમ, સમાજના બળાત્કારે, હિન્દમાં લાખો વિધવાઓને ચિતાગ્નિની ભડભડતી જ્વાળામાં જીવતી બળી મરવું પડયું છે. પણ ભલું થજો અંગરેજ સરકારનું, કે જેણે સતી-દાહની પાપી પ્રથાને જડ-મૂળમાંથી ઉખેડી ફેંકી દીધી છે.

જ્યારે જ્યારે સમાજ-સંસ્કારને લગતા ન્હાના-મ્હોટા પ્રશ્નો ઉપસ્થિત થાય છે, ત્યારે ત્યારે સુધારકો અને સ્થિતિચુસ્તોની વચ્ચે ભારે ઘસાઘસી ચાલવા માંડે છે. વિધવાઓને તેણીઓના મૃત પતિ સાથે ચિતાગ્નિમાં જીવતી બાળી મૂકવાની પૈશાચિક પ્રથાને ઉખેડી ફેંકી દેવા બાબત બંગાળમાં જ્યારે પહેલ વહેલી ચળવળ શરૂ થઇ હતી, તે વખતે રૂઢિપૂજક, લકીરના ફકીર પંડિતો અને બીજાઓએ એ આસુરી પ્રથાને

સહીસલામત રાખવા માટે અને સુધારકોને ઉતારી પાડવા માટે કંઈ ઓછો ખળભળાટ ન્હોતો મચાવ્યો. પણ તે વખતના રાજા 'રામમોહનરાય' જેવા વીર સુધારકો તેવા ખળભળાટ સામે કંઈ મોળા પડે તેવા ન્હોતા. આખરે તેઓ પોતાના અદમ્ય ઉત્સાહ અને અટલ પ્રયાસથી પોતાના પ્રયત્નમાં વિજયી નિવડયા, અને ધર્મને નામે ચિતાગ્નિમાં હોમાઇ જતી વિધવાઓને જીવિત-દાન મળ્યાં.

આજે એ ( વિધવા-દાહની ) વાત જમાના-જૂની થઇ ગઇ છે, કેવળ કથા-વાર્ત્તામાં રહી ગઇ છે. એ પ્રથા બંધ થયા-ના પરિણામે કંઇ હાનિ થવાની કલ્પના પણ કોઇ કરતું નથી. બલ્કે દરેકે દરેક એ મહા અધર્મી હોળી બુઝયાને ' બહુ સારૂ થયું ' માને છે. અને એ કસાઇ-કર્મથી પણ વધારે પાપી પ્રથાને અત્યન્ત ઘૃણાની નજરે જુએ છે.

એટલે, જરૂરી સુધારા માટે પણ હીલચાલ પ્રારંભ થતાં, ચોમેરથી એકદમ વિરોધી આક્રમણોનાં ઘનઘોર વાદળો તેની સ્હામે ચઢી આવવાનું બનતું આવે છે. કેમકે ઘણા જૂના વખતના સંસ્કારોમાં ટેવાઇ ગયેલા સમાજની એવી દશા થઈ જાય છે કે, તેને જ્યાં તે પડયો હોય ત્યાંથી એક ડગલું પણ ખસવાનું સારૂં લાગતું નથી. પણ વખત વખતનું કામ કર્યે જ જાય છે. સમય આવ્યે, નૂતન બુદ્ધિના ગડગડાટ અસાર રૂઢિઓના ચીંથરામાં લપેટાઇ રહેવાની ચોખ્ખી ના પાડે છે, અને ભવ્ય ભાવનાઓના નવ્ય પ્રવાહમાં જીર્ણ માન્યતાઓનાં અસાર વાતાવરણને શમી

જવું પડે છે. આ રીતે સમય સમય પર સમાજનું સંસ્કરણ થતું આવ્યું છે. અસ્તુ.

ઉપર કહ્યું તેમ વિધવાઓને પતિ–શબ સાથે ચિતાગ્નિમાં એકદમ હોમાઇ જવું એ જેમ ફરજીયાત હતું, તેમ આજે બાળ–વૈધવ્યના ઘોર નરક–કુંડમાં સદા રીબાયા કરવું એ પણ ફરજીયાત છે. કિન્તુ સુપ્રસિદ્ધ–નામધેય, સુધારક–શિરોમણી, 'ઇશ્વરચન્દ્ર' વિદ્યાસાગરજી જેવાઓના મહાન પ્રયત્ને ભારત સરકારે પુનર્લગ્નનું દ્વાર ખુલ્લું કરી દીધું છે અને પંજાબના વીર સુધારક સર 'ગંગારામ' અગ્રવાલ, રાયબહાદુર કે. ટી. સી. આઇ. ઇ. એમ. બી. એ. મહાશય, વિધવાઓના ઉદ્ધાર માટે આશ્રમો અને પુનર્લગ્નની સંસ્થા પાછળ ચાલીશ લાખ જેવડી રકમ અર્પણ કરી ગતવર્ષે પરલોક સિધાવ્યા છે.

આ બધું વિવેચન પુનર્લગ્નના પક્ષપાતીઓનું આપણે જોયું.

એમાં તો શકજ નથી કે બીજી કોમો કરતાં જૈન કોમમાં વસ્તી–સંખ્યાનો ઘટાડો બહુ વધારે પ્રમાણમાં થતો આવ્યો છે. પણ વિધવાવિવાહના પક્ષકારો આ માટે જે ઇલાજો બતાવે છે તેમાં તેઓ પુનર્લગ્નની પ્રથાને ચાલુ કરવાની પણ ભલામણ કરે છે. આ વાત ખાસ વિચારવા જેવી છે. પુનર્લગ્ન જો સમાજને દુર્ગતિના ખાડામાં ધકેલી ધર્મની અધોગતિ કરનાર હોય તો તો બેશક એ પ્રથાને દાખલ કરી વસ્તી વધારવી ઉચિત ન જ ગણાય. ગાંધીજી જેવા સંયમધારી મહાપુરૂષો તો આજે બાળવિધવાઓની

હૃદયદ્રાવક દુર્દશા જોતાં તેવીઓનાં પુનર્લગ્ન માટે સ્પષ્ટ ઉપદેશ આપી રહ્યા છે અને યુવકોને તેવી બાળા મળે ત્યાં સુધી કુમારી સાથે લગ્ન ન કરવાની ભલામણ કરી રહ્યા છે.

હિન્દુસ્તાનમાં હિન્દુ વિધવાઓની સંખ્યા સન્ ૧૯૧૧ ની ગણત્રી પ્રમાણે લગભગ અઢી કરોડ જેટલી ( ૨૬૪૨૧૨૬૨ ) ગણાયલી, જેમાં પચીસ વર્ષ સુધીની આયુષ્યવાળી વિધવાઓ ૧૫૩૭૬૪૪, પન્દર વર્ષથી કમ ઉમ્મરવાળી ૩૩૨૪૭૨ અને દશ વર્ષથી કમ ઉમ્મરવાળી ૯૭૮૫૪ જેટલી છે. પાંચ વર્ષથી પણ ન્યૂન ઉમ્મરવાળી છેક ન્હાની વિધવા બચ્ચીઓ પણ આ અભાગા દેશમાં મોજૂદ છે ! અને તેમની સંખ્યા લગભગ ૧૨૦૨૪ સુધી પહોંચે છે. અરે ! એક વર્ષથી પણ કમ ઉમ્મરવાળી વિધવાઓ છસો જેટલી !

જે દેશમાં બાળ-પત્નીઓની સંખ્યા એક કરોડથી વધારે હોય, અને એક એક-બબ્બે વર્ષની બચ્ચીઓ પણ પંદર-સત્તર હજાર જેટલી સંખ્યામાં બાળ-પત્નીઓ થઇને બેઠી હોય, તે દેશના દુર્ભાગ્યનું શું પૂછવું ! આવાં ભયાનક બાળ-લગ્નોથી યા તો અકાળ મોતના ગ્રાસ થવું પડે, યા અકાળ વૈધવ્યના ભોગ થવું પડે, સિવાય બીજું શું પરિણામ આવે !

આટલી મ્હોટી સંખ્યામાં " વિધવા-પલટન " આ પૃથ્વી-પીઠ પર હિન્દુસ્તાન સિવાય બીજે ક્યાંય નથી. દેશની આ દારૂણ વ્યાધિની ચિકિત્સા જ્યાં સુધી ન થાય, ત્યાં સુધી દેશોદ્ધારની ગમે તેટલી બૂમો પાડીએ પણ કંઇ ન વળે.

બીજી કોમો કરતાં જૈન કોમમાં વિધવાઓની સંખ્યા

વિશેષ વધતી જાય છે અને એ સમાજની ઘોર બીમારી છે, એમાં શક નથી. આજે જૈનોમાં ૨૩૮૮૦૮ પરણેલી સ્ત્રીઓમાં ૧૪૩૯૯૫ વિધવાઓ ગણાય છે! આ બીમારીનું નિદાન, વારંવાર જણાવવામાં આવ્યું છે તેમ બાળ-વિવાહ, અનમેલ વિવાહ અને વૃદ્ધલગ્ન છે. માટે તેવા કુલગ્નના કાંટાઓનેજ જડ-મૂળમાંથી ઉખેડી ફેંકી દેવા પૂરજોશથી પ્રયત્ન કરવાની જરૂર છે. તેવા વિવાહનેજ એકદમ અટકાવી દેવાની સખ્ત જરૂર છે. સમાજમાં ન્યાત-જાતનાં બંધારણોની એવી કઢંગી સ્થિતિ થઇ ગઇ છે કે તેવાં અનુચિત અને ઘાતકી લગ્નો પુષ્કળ પ્રમાણમાં થયાં કરે છે. કન્યાની લેવડ-દેવડનાં ક્ષેત્રો આજે બહુ સંકુચિત થઇ ગયાં હોઇ, વ્યાજબી લગ્નના લાભ ઘણા મોંઘા થઇ પડયા છે. પૂર્વ કાળમાં તો મ્હોટે ભાગે જ્યાં રોટીવ્યવહાર ત્યાં બેટીવ્યવહાર હતો અને વિવાહ-સંસ્કાર યોગ્ય રીતે અને યોગ્ય ઉમ્મરે થતા. એથી પહેલાના વખતમાં આટલી વિધવાઓ ન્હોતીજ. બાલ-વિધવા તો ક્વચિત્ જ નજર આવતી. પાંચ દશ વર્ષે કદાચિત્ કોઇ બાળા ઉપર વૈધવ્ય આવી પડતાં સર્વત્ર અચેરારૂપ હાહાકાર વર્તાઇ જતો. આજની સ્થિતિ તો સ્પષ્ટ છે. ખરી વાત તો એ છે કે-ગામોગામ, નાત-જાતમાં જે ભાગલા પડી ગયા છે તે સઘળા સમેટી લેવાવા જોઇએ. દશા, વીશા, પોરવાડ, ઓસવાળ વગેરે જુદા જુદા નાતભેદો ઉડાવી દઇ બધાઓની એક અવિભક્ત જૈન-જાતિ નિષ્પન્ન થવી જોઇએ. વિવાહ-ક્ષેત્રનું આયોજન વિશાળ કરવામાં કોમને ઘણો લાભ છે અને ધર્મની ઉન્નતિ છે.

પણુ આવા ( લગ્ન-સુધારણાના ) પોકારો તો ઘણાય થયા અને થાય છે; પરંતુ તેનો અમલ ક્યાં થાય છે ? અને એનું જ એ પરિણામ છે કે, આ વિષમ પ્રશ્નની ચર્ચા સમાજમાં હવે પૂર જોશથી ચાલવા માંડી છે. અને સમાજ હજુ પણ નહિ ચેતે તો જાતે દહાડે પુનર્લગ્નનો રસ્તો ખુલ્લો થવા સંભવ છે. આજે સમાજનો મ્હોટો ભાગ, સામાન્ય રીતે જેઓ પુનર્લગ્નના પક્ષકાર નથી તેવાઓ પણ પતિની સંગતમાં નહિ આવેલી એવી કહેવાતી વિધવા બાળાઓને ફરી પરણાવી દેવાની તરફેણમાં છે. મ્હોટા મ્હોટા અનુભવી અને સચ્ચારિત્રશાળી સજ્જનો, વૃદ્ધો અને પ્રજામાન્ય મહાપુરૂષો પણ આમાં સમ્મત છે.

બાળ-લગ્ન અને બેજોડ લગ્ન જેવાં અધર્મ્ય લગ્નો બંધ પડી જતાં અને બાળક-બાળિકાઓને વિદ્યાધ્યયનની સાથેજ સાથે વ્યાયામની પણ ખરેખરી તાલીમ આપવામાં આવતાં તથા લગ્નની ક્ષેત્ર-સીમા વિશાળ બનતાં, તેમજ યોગ્ય વર-વધૂનાં લગ્ન થવા પૂર્વે યોગ્ય ડાક્ટર દ્વારા પુરૂષની તન્દુરસ્તીની ખાસ જાચ કરાવવાની પ્રણાલી ચાલુ થતાં જે નવદમ્પતિઓ પ્રકટ થશે, તેમનાથી ધર્મની જ્યોત ઝગમગવાની અને તેઓ સમાજના વિધાયક બનવાના.

એવી અનેકાનેક દેવીઓ મોજૂદ છે, જેઓ બાળપણમાં કે ચઢતી જુવાનીમાં રંડાતાં અખંડ બ્રહ્મચર્ય પાળવાનું આત્મ-બળ ધરાવી રહી છે, ત્યારે એવા જુવાન વિધુરો કેટલા નિકળશે,

કે જેમણે પહેલી પત્ની મરી જતાં પુનર્લગ્નનો વિચાર માંડી વાળી બ્રહ્મચારી–જીવન ધારણ કર્યું હોય !

ધીરજ ગુણ સ્ત્રીઓ ખીલવી શકે અને પુરૂષો ન ખીલવી શકે એવું કંઇ નથી. પુરૂષો પણ ધીરજ ગુણમાં આગળ વધી શકે છે. પણ સ્વતંત્રતાના મદમાં પડી પુરૂષે પોતાની મર્યાદા વિસારી દીધી છે. અને જ્યારથી સ્ત્રી–વર્ગ પર તેણે ' નાદર-શાહી ' ચલાવવી શરૂ કરી ત્યારથી તે વર્ગની અધોગતિ શરૂ થઈ છે. હજુ પણ નારીને સમ્માનની વસ્તુ સમજવામાં આવે, વિધવાઓને અમંગળ ન સમજતાં તેમની પ્રત્યે આદરભાવ રાખવામાં આવે, તેમની આજીવિકાની અગવડો દૂર કરવામાં આવે અને તેમની સામે સ્વચ્છ વાતાવરણ રાખવામાં આવે તો તેમનાં હૃદય પર ઘણી સારી અસર થાય અને તેઓ પોતાની જિન્દગી સુધારી શકે. મ્હોટે ભાગે આજીવિકાની કઠણાઇને લીધે તેમને આડા–અવળા કે પતનના વિચાર આવે છે, અને ઘર–કુટુંબના ત્રાસથી અકળાઇને પણ તેઓ ઉંધે રસ્તે દોરવાઈ જાય છે. જો તેમના વૈધવ્ય–વ્રત પ્રત્યે માનભર્યું વર્તન રખાય તો તેમને પણ આત્મ–ગૌરવનો ખ્યાલ ઉપજે, અને તેમના સ્વમાનના ભાવ તેમને તેમના ઉચ્ચ આદર્શને વળગી રહેવા મજબૂત ટેકો આપે.

આ સિવાય ઉચ્ચ આદર્શ પર યોજાએલાં **વનિતા-વિશ્રામોનાં** વિશુદ્ધ વાતાવરણ પણ વૈધવ્ય–જીવનને સફળ કરવામાં બહુ મદદગાર થઈ પડે.

સાધારણ રીતે હિન્દુ-સંસાર તરફ દૃષ્ટિપાત કરતાં જણાય છે કે હિન્દુ સમાજમાં વિધવાનું સ્થાન બહુ નિકૃષ્ટ માની લેવામાં આવ્યું છે. કોઇ બાઇ અકાળ વૈધવ્યનો ભોગ થતાં તે બીચારી આખા ઘરમાં તિરસ્કારને પાત્ર બને છે. ઘરવાળા તેને કોસે છે કે-' આ ડાકણ ઘરમાં આવી એટલે આમ થયું ! આ રાક્ષસીએ મારા ભાઇને ભરખી લીધો. ' આમ તેના માથે તિરસ્કારની ઝડી વરસવા માંડે છે. એક તો પતિ ગુમાવ્યાનું દુઃખ તે બીચારીની છાતીને બાળી રહ્યું છે, ત્યારે બીજી તરફ તેના ઉપર આવા શબ્દોના માર પડે ! એ વખતે તેની મનોદશા શી થતી હશે ! ' પડ્યા ઉપર પાટુ ' તે આ નહિ ? આટલેથી ખતમ નથી થતું. તેનો પતિ જતાં તે અભાગણીનું માન-સમ્માન બધું લૂંટાઇ જાય છે. ઘરમાં તેની કંઇયે કદર રહેતી નથી. ચાકરડીથીયે તેની ભૂંડી દશા થાય છે. કુતરીની જેમ વારે વારે તે ધૂતકારાય છે. કરડી નજરથી તેને ખાવા અપાય છે. આવા સીતમ જ્યાં ગુજરતા હોય ત્યાં બળી-ઝળી યુવતિઓને વિષયી, કામી કે ગુંડાઓના ફાસલામાં ફસાતાં વાર લાગે ખરી ? યૌવનના ઉન્માદ અને ઘર-કુટુંબના ત્રાસથી અકળાઇ ભાગી નિકળેલી હિન્દુ બ્હેનોથી કલકત્તા, બનારસ, બમ્બઇ, દિલ્લી, લાહોર અને લખનઉ જેવાં શહેરોના વેશ્યા-બજારો ભર્યાં પડયા છે. તમે કહેશો કે એ બધી શું હિન્દુ જ હશે ? મારે જણાવવું જોઇએ—કે હિન્દુસ્તાનના વેશ્યા-બજારો મ્હોટે ભાગે હિન્દુ વેશ્યાઓથીજ ઉભરાય છે. એક કલકત્તાનુંજ ઉદાહરણ જુઓ કે, સન ૧૮૫૨ માં તે શહેરમાં ૧૨૪૧૯ વેશ્યાઓ

હતી, જેમાં ૧૦૪૬૧ હિન્દુ હતી. આજે એ શહેરમાં હિન્દુ વેશ્યાઓ પચાસ હજારથી વધારે છે. ખાસ વેશ્યાનો ધંધો કરનારી વેશ્યાઓ સન ૧૯૧૧ ની ગણત્રી મુજબ હિન્દમાં પાંચ લાખ ઉપર મનાય છે, જેમાં એવી વેશ્યાઓ કે જેઓ વેશ્યા-કર્મ કરવા છતાં, ભયથી કે શરમથી પોતાને 'વેશ્યા' નથી કહેવડાવતી, તેમનો અને બીજી વ્યભિચારિણીઓનો સમાવેશ નથી કર્યો. આમાં મ્હોટો ભાગ હિન્દુઓની વહુ-બેટીઓ છે. અને તે હિન્દુઓની લગ્ન-સંસ્થાની અનભિજ્ઞતા, સમાજની ખોટી શરમ, ભીરૂતા અને નિર્દયતાનું મૂર્તિમન્ત પરિણામ છે. આ પાંચ લાખ વેશ્યાઓની ચરણ-પૂજા પણ કંઇ ઓછી નથી થતી ! તેની પાછળ વર્ષ-દહાડે લગભગ ૬૩ કરોડ જેટલા રૂપીયા હિન્દુસ્તાન હોમે છે !

આ તો ખુલ્લા વ્યભિચારની વાત થઇ. પણ ગુપ્ત વ્યભિચારના સડાઓની જાંચ કરવી એ મનુષ્યની શક્તિથી બહાર છે. આ વ્યભિચારના પરિણામે દેશનું શક્તિ-ધન લૂંટાય છે, યુવકોનાં બળ હણાય છે અને તેઓ અનેક ગરમીના રોગોના શિકાર બને છે. આથી વૈદ્યો, હકીમો અને ડાકટરોને ભાવતું મળે છે અને તેમનાં ઘર ભરાય છે. દેશની આ દુર્દશા-નું મૂળ વિધવા-જીવનની દુર્દશામાં સમાયલું છે, એ ભૂલવું નથી જોઇતું. એટલા માટે સમાજના સરદારો અને દેશભક્ત યુવકો તથા ધાર્મિક સજ્જનોનું કર્ત્તવ્ય છે કે તેઓ એ દયાપાત્ર બ્હેનોની ખબર લ્યે. દેશ-સેવા તથા ધર્મોન્નતિનાં કાર્યોમાં તે બ્હેનો પણ પુરૂષ-વર્ગ જેટલો પોતાનો ફાળો આપી શકે તેમ છે. તેમનામાં કંઇ ઓછી શક્તિ નથી. તેમની શક્તિઓને

ગુંગળાવવામાં કંઈ ફાયદો નથી. બલ્કે એથી તો દેશનું એક સારૂં અને મહત્ત્વપૂર્ણ અંગ નકામું બની જતાં દેશ પક્ષઘાતનો શિકાર બને છે. દેશની ઉન્નતિમાં અને ધર્મપ્રચારના કાર્યમાં એ વર્ગને મહત્ત્વપૂર્ણ સાધન સમજી તેને ખીલવવાની આવશ્યકતા છે. જ્ઞાન અને શિક્ષા દ્વારા જ્યારે તેમની આત્મશક્તિનો વિકાસ થશે, તે દહાડે તેમનાં ઉજ્જવળ જીવન જે પ્રભા ફેંકશે, તે ધર્મનો મહાન્ ઉદ્દ્યોત કરશે અને દેશમાં જબ્બર અજવાળું નાંખશે



# આરોગ્ય અને
# બ્રહ્મચર્યાશ્રમ.

અનુભવીઓનું કહેવું છે કે—" धर्मार्थकाममोक्षाणामारोग्यं मूलकारणम् " એટલે કે ધર્મ, અર્થ, કામ અને મોક્ષનું મૂળ કારણ આરોગ્ય છે. આરોગ્ય નથી તો સુખ નથી, શાન્તિ નથી, જીવન નથી. માણસ ચાહે ગમે તેટલો ધનવાન્ યા વિદ્વાન્ હોય, પણ આરોગ્યના અભાવે તે દુઃખી છે, જ્યારે ગરીબ અને અશિક્ષિત માણસ પણ સારી તન્દુરસ્તીના પ્રભાવે સુખોપભોગ કરી શકે છે. ખરેખર, ઐહલૌકિક અને પારલૌકિક સુખ-શાન્તિના લાભ માટે આરોગ્ય જળવાવું જરૂરનું છે.

આરોગ્ય માટે ચોખ્ખી હવા, શુદ્ધ ખોરાક, સ્વચ્છ જળ અને વસ્ત્ર તથા ઘર—મકાનની ચોખ્ખાઇ વગેરેની જરૂરીયાત હરેકે હરેકને કબૂલ છે. પણ એ શબ્દોમાંજ કબૂલ હોય અને વર્તનમાં ન હોય તો શા કામનું ! ગુજરાત—કાઠીયાવાડમાં જોઇએ છીએ કે એઠા—જૂઠાનો વિચાર બહુ ઓછો હોય છે.

આ ગન્દાઇને લીધે તેઓ વગોવાય છે. બીજા દેશવાળાઓ તેમની ટીકા કરે છે, તેમને હસે છે. ગોળામાં પાણી પીધેલા લોટા કે પ્યાલા ફરીથી બોળાય એ ઓછી મલિનતા છે? એવા પાણીમાં અનેક માણુસોનાં મોઢાની લાળ કે છોકરાંના નાકનાં લીંટ દાખલ થવાનો સંભવ નથી કે? આથી ધાર્મિક દૃષ્ટિએ સમ્મૂર્છિમ જીવોની વિરાધના થવા ઉપરાંત ક્ષય, ખાંસી વગેરે ચેપી રોગો પણ લાગુ પડે. એઠા ભાત હાંડલામાં પાછા નંખાય, એઠી કરેલ રોટલી રોટલીના ભાજનમાં પાછી મૂકી દેવાય, કડછીથી કઢી ચાખીને પછી એની એ કડછી કઢીની હાંડલીમાં નંખાય, કાળા મેંશ જેવાં મહોતાંથી કામ લેવાય, કણેક મસળતાં પડખે બેઠેલ બાળકનું નાક સાફ કરી એવાને એવા લીંટાળા હાથે ફરી કણેક મસળાય, આવી આવી અનેક ગન્દાઇઓ વાણિયાઓનાં ઘરોમાં ઘૂસેલી છે, એ ખરેખર શરમાવા જેવું છે.

આરોગ્યના અર્થીએ ખાન-પાનની બાબતમાં સંભાળ રાખવાની છે. અજીર્ણની હાલતમાં સહુથી સરસ ઉપાય ઉપવાસ છે. ઉપવાસનો મહિમા આજે પાશ્ચાત્ય પ્રજા પણ સમજવા લાગી ગઇ છે. તાવ આવે ત્યારે વ્હાલેસરીઓ શીરો કરીને ખવરાવે, યા ઢોકળાં-ઢેબરાં કે ભજીઆં મ્હોઢે લગાડે. આ અજ્ઞાન ચેષ્ટા નથી? તાવનું રામબાણ ઔષધ ઉપવાસ છે. ખોરાક પચ્યાનું ચિન્હ એ છે કે દસ્ત સાફ આવે; અને ત્યારે જ ખરી ભૂખ લાગે. ખરી ભૂખ વગર જમવું યા આચડ-કુચડ પેટમાં નાંખવું એ રોગને નોતરવા જેવું છે.

ચિન્તાથી આરોગ્ય બહુ હણાય છે. એ હાલતમાં નિદ્રાદેવી પણ રૂઠી જાય છે. સુખ–નિદ્રાના અભાવે ખોરાકનું બરાબર પાચન થતું નથી, અને તબિયત બગડે છે. કેટલાકનું મનોબન્ધારણ જ એવું હોય છે કે સામાન્ય બાબતમાં પણ તેમનું મન ચિંતાથી બળવા માંડે છે. ચિંતાથી બચવા માટે વિવેકજ્ઞાનદ્વારા મન ઉપર કાબુ મેળવવાની જરૂર છે.

આરોગ્ય માટે કપડાં–લત્તાંની જેમ બિછાનાં પણ સ્વચ્છ રાખવાની જરૂર છે. તેને મેલાં–ગન્દાં રાખી જીવોત્પત્તિ વધારવી એ જીવહિંસા કરવા બરાબર છે. સ્વચ્છતાના નિયમો પર ધ્યાન આપી જીવ–જન્તુઓ ઉપજવા ન પામે તેમ પહેલેથીજ યોગ્ય ગોઠવણ રાખવી એજ ડહાપણભર્યું છે. એજ અહિંસાપ્રેમીનું કામ છે. ખેદની વાત છે કે–સુવાવડી તરફ આપણા સમાજની એવી ઘૃણા–દૃષ્ટિ છે કે, તે બીચારીને ત્રુટેલા વાણનો ખાટલો અને સુવાવડ ખાતાનું રાખી મૂકેલું ગંધાતું ગાભા જેવું ગોદડું કે સાદરૂં આપે છે. જ્યાં ઉજાશ નથી, હવા આવવાની જગ્યા નથી એવી અંધારી કોટડીમાં તે ગરીબડીને પૂરવામાં આવે છે. આ કેટલી મૂર્ખાઇ ગણાય ! વળી બીજી મૂર્ખાઇ એ પેસી ગઈ છે કે સુવાવડીની સુવાવડ કરવામાં પાપ મનાયું છે. ગજબ ! સુવાવડ એક જાતની માંદગી જ ગણાય. એવી માંદગીવાળીની સેવા–શુશ્રૂષા કરવી એ સેવા-ધર્મ છે, અનુકમ્પા અને દયા છે, એ પરોપકારનું કામ છે. એમાં પુણ્યલાભ છે. બ્હેનો આ વાતને ખાસ ધ્યાનમાં લ્યે. અને સાધુ–સાધ્વીઓ પણ એવી બાધા આપવાની ખટપટમાં ભલા થઇ ન પડે.

શરીરને શ્રમ પહોંચે અને કસરત મળે એ પણ આરોગ્ય-સમ્પત્તિ માટે મહત્ત્વનું સાધન છે. શ્રમજીવી લોકોને સુકો રોટલો પણ અમૃત જેવો ગુણકારી થાય છે. ઘી-દૂધના અભાવે પણ પરિશ્રમના પ્રભાવે તેમનાં શરીર તાકાતદાર બને છે. મહેનત કરી કડક ભૂખ લાગતાં રસ-કસ વગરનું અન્ન પણ મીઠું લાગે છે. પરિશ્રમથી નિદ્રા પણ ગાઢ આવે છે અને પાચન પણ બરાબર થાય છે. આરોગ્ય મેળવવાની આ સરસ લાઈન છે. પણ બધા કંઇ મજૂર કે ખેડૂત જેવા પરિશ્રમી ન હોય. જેઓ સુખ-સમ્પન્ન હાલતમાં મૂકાણા છે, તેઓ પણ, યોગ્ય વ્યાયામથી અને બહિર્ભ્રમણથી શરીરમાં સ્ફૂર્તિ મેળવી શકે છે. સારા સારા ગરિષ્ઠ પદાર્થો ખાઇને પણ જો ન પચે તો નકામા છે, બલ્કે શરીરને બગાડનારા અને માંદગીને નોતરનારા થઇ પડે છે. કોઇ પણ ખોરાકની પૌષ્ટિકતા તેના પાચન થવામાંજ છે. અને એમ થવા માટે વ્યાયામ, શ્રમ યા બહિર્ભ્રમણની અનિવાર્ય આવશ્યકતા છે.

તાકાતને કમ કરનારા અને શરીરની ગરમીને બગાડનારા ચાહ, કોફી, બીડી વગેરે પણ તજવા જોગ છે.

કેટલાક ધર્મઘેલાઓ મલિનતાને પોષવામાં 'ધર્મ' માની બેસે છે. તેઓ બીચારા 'શુદ્ધિ'ના તત્ત્વથી અજાણ છે. બાહ્ય શુદ્ધિ અને આન્તર શુદ્ધિને અરસપરસ કેટલું લાગે-વળગે છે એ સમજવાની જરૂર છે. શરીર એ આત્મ-દેવતાનું મન્દિર છે. એટલે એ મેલું રાખવું કેમ પાલવે ? મલિનતા અને બીમારી-

ને હિલોજાન દોસ્તી છે. શુદ્ધિના અભાવે નિપજતા દાંતના રોગો પણ તન્દુરસ્તીને બગાડે છે. ધર્મ એવો ન હોય કે, દાંતમાં મેલ સંગ્રહી રાખવાનું અને પછી તેને સડવા દેવાનું કહે. આરોગ્યના ઉમેદવારે આ બધું વિચારવાનું છે.

પણ બ્રહ્મચર્ય વગર આરોગ્ય નથી સચવાતું એ ખાસ ધ્યાનમાં રાખવાનું છે. આરોગ્યનું રક્ષણ બ્રહ્મચર્ય પાળવામાં છે. બ્રહ્મચર્ય એ જિન્દગીનો પાયો છે. વિષય-રસમાં આખું જગત્ ડુબેલું પડ્યું છે. વિષયની સામે થઇ બ્રહ્મચર્ય પાળનાર જ દુનિયામાં ધીર-વીર છે. મોહ—માયાના ચાળા તમામ દુનિયા-ને રંજાડી રહ્યા છે. તેનાથી ઉંચે ઉઠનારોજ ખરો મહાત્મા છે. આવો મહાન્ આત્મા બનવા માટે માનવ-જીવનજ એક મહત્ત્વપૂર્ણ સ્થાન છે. સ્વર્ગની ભોગભૂમિમાં રહેનારા દેવતાઓ અને ઇન્દ્રોના પણ નશીબમાં એવું માહાત્મ્ય ક્યાંથી હોય ! એ ઇન્દ્રો પણ પોતાની એ બાબતની નૈતિક દુર્બળતા સમજે છે અને માનવલોકવર્તી એવા મહાત્માઓને નમન કરીને પોતાના સિંહાસન પર બેસે છે. આત્મશક્તિ ખીલ્યાનું સ્પષ્ટ પ્રમાણ વિષયત્યાગમાં રહેલું છે. વિષયત્યાગ એટલે વિષયવાસનાનો ત્યાગ. એ ત્યાગ જેમ જેમ ઉત્કર્ષ-અવસ્થા પર આવે છે તેમ તેમ આત્મશક્તિનો વિકાસ વધતો જાય છે. એ ત્યાગની જે કિમ્મત છે તે ભોગની નથી. મહર્ષિ મનુ સ્પષ્ટ ફરમાવે છે કેઃ—

" प्रापणात् सर्वकामानां परित्यागो विशिष्यते "×

× મનુસ્મૃતિ, બીજો અધ્યાય.

અર્થાત્—સંસારના તમામ પ્રકારના ભોગોના લાભ કરતાં તેનો ત્યાગ એ વધારે કિમ્મતી છે. વિષય-વાસના પર જેણે વિજય મેળવ્યો છે તેનો વિજયનાદ સમગ્ર બ્રહ્માંડ પર ગાજી રહ્યો છે.

દરેકે દરેક ઇન્દ્રિય પર કાબુ મેળવ્યા સિવાય સંપૂર્ણ બ્રહ્મચર્ય સાધી શકાતું નથી. પણ આ બ્રહ્મચર્ય તો એકદમ ઉંચી કક્ષાનું છે. અહીં આપણે જે વાત કરવાની છે તે વીર્યનિરોધરૂપ બ્રહ્મચર્યસંબંધી છે. વીર્યના પતનમાં શક્તિનું પતન છે. જિન્દગીના છેડા સુધી પણ એવું પતન જેનું થયું નથી, તેના આત્મબળની શી વાત કરવી! તેના અભ્યુદયનું શું પૂછવું! આવા મહાત્માઓ પૂર્વકાળમાં થયેલા છે એ આપણે કથાઓથી જાણીએ છીએ. અત્યારે પણ કોઇ હોઇ શકે. બ્રહ્મચર્યનો મહિમા અપાર છે. આજ સુધીમાં જેટલાં મહાન્ કાર્યો થયાં છે અને જેટલા મહાન્ આત્માઓ થયા છે તે બધા બ્રહ્મચર્ય વ્રતના સાધનથી. બ્રહ્મચર્યનો રસાસ્વાદ જેણે બરાબર જાણ્યો છે, એ મહાન્ શકિતની મહત્તા જેણે બરાબર પીછાણી છે તેને ગમે તેવા આદર્શ વિવાહમાં જોડાવું પણ મેલ ચુંથવા બરાબર ભાસે છે. વિવાહ-સંસ્થા એ ગમે તેમ પણ એક રીતના દુર્બળ મનના માણુસોને રહેવાની ભૂમિકા છે. **ગૃહસ્થાશ્રમ ગમે તેમ પણ અશકતાશ્રમ ગણાય.** એ સંસ્થામાં ગમે તેવી નિયમિત રીતે રહેવામાં આવે, છતાં પણ તેઓ બ્રહ્મચર્યના માર્ગે વિચરનારાઓ આગળ ઠીંગણા વામન જેવા દીસે છે. જગત્ માત્ર વિષયના કાદવમાં લપટાયું છે, એટલે વિવાહની સંસ્થામાં દાખલ થનારાઓ હંમેશાં પુષ્કળ

પ્રમાણમાં હોય એ બિલકુલ સ્વાભાવિક છે. છતાં બ્રહ્મચર્યનો આદર્શ તેવા સજ્જનોની દ્રષ્ટિ બહાર ન હોય. કમમાં કમ, પહેલી ઉમ્મર, જે બ્રહ્મચર્યનું મન્દિર ગણાય છે, તેમાં તે મહાન્ દેવતાનું આરાધન થવું જરૂરનું છે. માનવ-જીવનના ચાર ખંડો પૈકી પહેલા ખંડમાં બ્રહ્મચર્ય દેવ વિરાજમાન છે. તેનું અપમાન યા વિરાધન કરવું એ પોતાના જીવનને અધોગતિમાં પટકવા રૂપ છે. બ્રહ્મચર્યાશ્રમને યોગ્ય રીતે સાધન કરીને જ પછી આગળના ખંડોમાં જવાનું છે. એ આશ્રમનો જે ભંગ કરે છે તે ઇશ્વરીય આજ્ઞાનો ભંગ કરે છે, અને પોતાની જિન્દગીની દુર્ગતિ કરે છે.

જેમ દૂધમાં માખણ રહેલું છે, તેમ લોહીમાં શુક્ર-વીર્ય વિદ્યમાન છે. દૂધનું મથન કરીને તેમાંથી માખણ કાઢી લેવાથી તે દૂધ નકામું બની જાય છે, તેમ શુક્ર નિકળી જવાથી રક્ત નકામું બની જાય છે. જેટલું શુક્ર નષ્ટ થાય છે તેટલા પ્રમાણમાં રક્ત નકામું બની જાય છે. શુક્ર એ રકતનો યા શરીરનો પરમોત્કૃષ્ટ અંશ છે. જેટલા પ્રમાણમાં તેની રક્ષા કરાય છે તેટલા પ્રમાણમાં શક્તિ-લાભ વિશેષ પ્રાપ્ત થાય છે.

સુપ્રસિદ્ધ ડાકટર નિકલ્સનો મત છે કે, શુક્ર શરીરનો રાજા છે. જે સ્ત્રી-પુરૂષોનાં જીવન પવિત્ર અને સંયત હોય છે તેમના શરીરમાં આ પદાર્થ વધારે પુષ્ટ બનીને તેમને વધારે ને વધારે સાહસી, ધર્મશીલ, દીર્ઘાયુ અને આનન્દિત બનાવે છે, જ્યારે આ પદાર્થનો નાશ માણસોને દુર્બળ તથા અસ્થિર-

ચિત્ત બનાવે છે. એથી તેમની શારીરિક અને માનસિક શક્તિઓનો હ્રાસ થાય છે અને શરીરયન્ત્રની ક્રિયા મન્દ પડી જાય છે. આખરે એનું પરિણામ મૃત્યુમાં આવે છે.

પૂર્વે ભારતવર્ષમાં વિદ્યારંભ-સંસ્કારના સમયે બાળકોને બ્રહ્મચર્યના મહિમાનો સદુપદેશ અપાયા કરતો. આચાર્ય કે ગુરૂ શિષ્યોને પ્રતિદિન બ્રહ્મચર્ય પાળવાનું શિખવતા. તેમને આ પુનીત માર્ગથી વિચલિત ન થવા દેતા. પ્રત્યેક બાળક અને બાળિકા યોગ્ય ઉમ્મર સુધી અખંડ બ્રહ્મચર્યપૂર્વક વિદ્યા સંપાદન કરીને પછી ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરતાં. પણ દુર્ભાગ્યવશ સમયે પલટો ખાધો છે, અને તે એવો કે જે એકના સાધનથી બધું સધાતું હતું, તે બ્રહ્મચર્યના સાધનનું વિધાન જ આજે લુપ્તપ્રાય થઇ ગયું છે.

સમાજની અધોગતિ થવામાં મુખ્ય કારણ બ્રહ્મચર્યનો નાશ છે. આજે વિષમય વાતાવરણ દિવસે દિવસે બહુ વધતું જાય છે. બાળકો અને યુવકોનાં ચરિત્રોમાં વધારે સડો પેસતો જાય છે. તેમનો પહેરવેષ, તેમની રહેણી અને તેમની રીતભાત કામવાસનાને પોષણ આપનારાં હોય છે. માબાપોને તેમના બાળકોના ચારિત્ર માટે ધ્યાન આપવાની ફુરસદ નથી. સ્કૂલ અને કોલેજોનાં વાતાવરણ પણ કંઈ ઓછાં મેલાં નથી. વૃદ્ધો દુનિયાના કિનારે બેઠા છે, જ્યારે યુવકો અધિકાંશ છેલછબીલા બની વિષયવિલાસ શોધતા ફરે છે. નાટક-સીનેમા અને હોટલના શોખ તેમને ખુવાર કરી રહ્યા છે. શૃંગારિક

વાચન તેમનું ખૂન ચૂસી રહ્યું છે. જમાનાનો ભપકો ઉપરથી સારો દેખાય છે, પણ અંદરખાનેથી બ્રહ્મચર્ય ઉપર ભારે કાપ મૂકાઇ રહ્યો છે. એનું જ પરિણામ છે કે સમાજ દિવસે દિવસે વધારે ગળતો જાય છે. આવી હાલતમાં ધર્મભાવના ક્યાંથી ખીલી શકે ! જેમ એક વ્યક્તિ બ્રહ્મચર્યનો નાશ કરીને આગળ વધી શકતી નથી, બલ્કે તેનું પતન થાય છે, તેમ સમાજ અને રાષ્ટ્ર પણ બ્રહ્મચર્યની સામે થઇ પોતાનો સત્યાનાશ વાળે છે એમાં શક નથી. જીવનની દોરી, સમાજનો સ્તંભ અને ધર્મનો આધાર મુખ્ય બ્રહ્મચર્ય છે. બ્રહ્મચર્યનું તેજ એ ઇશ્વરીય તેજ છે. એની સામે ભૌતિક તેજ હમેશાં ફીકાં પડે છે. એ મહાન્ પ્રકાશ સમાજમાં ફેલાયા વગર તેનો કદી ઉદ્ધાર નથી.

અત્યારની વિષમ સ્થિતિમાંથી સમાજને ઉગારી લેવો હોય, હાલના દુર્બળ સમાજમાંથી મહાન્ પ્રજા ઉત્પન્ન કરવી હોય તો બ્રહ્મચર્યાશ્રમની સંસ્થાઓ ખોલવાની ખાસ જરૂર છે.

ભિન્ન ભિન્ન સ્થળે મ્હોટા પાયા ઉપર તેવાં આશ્રમો સ્થપાવાં જોઇએ. એ આશ્રમમાં સાત–આઠ વર્ષની ઉમ્મરથી દાખલ થયેલા બાળકો ઓછામાં ઓછી ૧૯—૨૦ વર્ષની ઉમ્મર સુધી જે તાલીમ મેળવશે તે કેટલી મહત્ત્વપૂર્ણ હશે એનો વાચકો ખ્યાલ કરી શકે છે. તેટલાં વર્ષો સુધી અખંડ બ્રહ્મચર્યની સાધના સાથે વિદ્યોપાર્જન કરીને પછી બહાર નિકળેલા એ બ્રહ્મ-ચારી વિદ્વાનોનું બ્રહ્મતેજ દુનિયા પર કેટલું અજવાળું નાંખશે !

તેમનાં કેળવાયલાં શરીર કેવાં અલમસ્ત હશે ! તેમનું દેહ-સૌન્દર્ય કેવું તગમગતું હશે ! અને તેમની હાકલ દેશને કેવી ગજાવી મૂકશે !

બ્રહ્મચર્યાશ્રમમાંથી નિકળેલા એ વીર-યોદ્ધા વિદ્વાન્ યુવકો જો સંન્યાસનો માર્ગ ગ્રહણ કરશે તો હેમચન્દ્રાચાર્યની પુનરાવૃત્તિઓ નિકળશે, અને જગતના યુગપ્રધાનનાં કાર્યો બજાવશે; અને ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરનારા ધુરન્ધર દેશ-ભક્તો, ધર્મવીરો અને મહાન્ ગૃહસ્થો નિવડશે.

# સાધુ-સંસ્થા.

સાધુ જીવનનો માર્ગ એટલે નિર્ગ્રન્થ-માર્ગ. એટલે ? વીતરાગદશાની લાઈનનું અભ્યાસી જીવન. તેને પોષણ આપનાર આચાર-વ્યવહાર એ દ્રવ્ય-ચારિત્ર.

તર્ક-પરમ્પરાના તરંગીઓ એમ કહી નાંખશે કે, દ્રવ્ય-ચારિત્ર એ મુક્તિ-સાધનનું ખાસ આવશ્યક અંગ નથી. મુક્તિલાભને માટે તે અન્યથાસિદ્ધ કારણ છે. તેના વગર પણ મુક્તિ પામ્યા છે અને પમાય છે. અન્યલિંગ-ગૃહસ્થલિંગાદિ-માં પણ સિદ્ધ થવાનું આર્ષ પ્રવચન આ બાબતમાં જ્વલંત પ્રમાણ છે. માતા મરૂદેવી અને રાજા ભરતને દ્રવ્ય-ચારિત્ર ક્યાં હતું ?

" नाशाम्बरत्वे न सिताम्बरत्वे, न तर्कवादे न च तत्त्ववादे ।
न पक्षसेवाश्रयणेन मुक्तिः, कषायमुक्तिः किल मुक्तिरेव " ॥

આ શ્લોક પણ એ વિષયનો પોષક છે. વળી દ્રવ્ય-ચારિત્ર હોવા છતાં પણ કેટલાય મુક્તિ નથી પામ્યા. નવ ગ્રૈવેયક

સુધીની સ્વારાજ્ય-ઋદ્ધિ મેળવી શકનાર અભવ્યોનો ગમે તેટલો દ્રવ્ય-ચારિત્ર-વિકાસ પણ મુક્તિલાભ માટે સર્વથા અસમર્થ નિવડે છે. સમય-સાર રાગ-દ્વેષને શમન કરવા પરત્વે છે. જે કોઈ રીતે તેનું પ્રશમન થાય તે રીત ગ્રહણ કરવા તેનું સ્પષ્ટ ફરમાન છે. આ જ પ્રવચનનું સર્વસ્વ છે. આથી પણ દ્રવ્યચારિત્ર અસમર્થ સાબિત થાય છે. મતલબ કે દ્રવ્ય-ચારિત્રના સદ્‌ભાવમાં મુકિતલાભનો અવશ્યમ્ભાવ અસિદ્ધ છે અને તેના અભાવમાં તેનો સદ્‌ભાવ પણ સિદ્ધ છે. આમ દ્રવ્યચારિત્ર મોક્ષ-લાભાર્થ અન્યથાસિદ્ધ ઠરે છે.

પણ દુનિયામાં જેને માટે જેનો ઉપયોગ કરાય છે તે બધાં તેનાં અસાધારણ કારણ કયાં હોય છે? માન્યું કે દ્રવ્ય-ચારિત્ર આત્મ-ચારિત્રનું 'અસાધારણ' કારણ નથી, પણ તેનું તે પોષક તો છે. અભવ્યમાં ભાવચારિત્ર હતું કયે દહાડે કે દ્રવ્ય-ચારિત્ર તેને પોષે! અસાધારણ ન હોય અને સાધારણ કારણ હોય તો તેનાથી સાંપડતો લાભ ન ઉઠાવવો? દ્રવ્યચારિત્ર આત્મ-લાભ માટે સર્વથા અસમર્થ-અનનુકૂળ ઠર્યું હતે તો તો બેશક તેની ઉપાદેયતા ઉડીજ ગઇ હોત; પણ તે તો સ્વયંભૂ ધર્મ છે. અને દુનિયાના તમામ પૈગમ્બરો, સાધુ-સંન્યાસીઓ અને ફકીરોએ આત્મ-લાભ માટે તેનું ઉપાદાન જુદી જુદી રીતિએ તથા ઓછેવત્તે અંશે પણ આવશ્યક ઠરાવ્યું છે. તેના દ્વારા કદી કદી તો ઉજ્જડ પ્રદેશમાં પણ સદ્‌ભાવના અંકુરા ફુટી નિકળે છે. અનાદિમોહવાસિત હૃદયક્ષેત્રને ધર્મ-બીજના વપન માટે પ્રથમ ખેડવાની આવશ્યકતા છે, અને તે,

દ્રવ્ય-ચારિત્રનું કામ છે. આત્મ-ચારિત્રના ઉચ્ચ શિખરને પહોંચી વળવાના અભ્યાસ-ક્રમમાં દ્રવ્યચારિત્રને મહત્ત્વપૂર્ણ સ્થાન છે, એમાં શક નથી. જ્યાં આશામ્બરતા કે સિતામ્બરતા નથી, જ્યાં મુનિલિંગાદિ નથી, ત્યાં પણ અમુક પદ્ધતિનું દ્રવ્યચારિત્ર અવશ્ય વિદ્યમાન હોય છે. ભરતાદિના કેવલજ્ઞાનનું બીજ તેમના પૂર્વભવીય દ્રવ્ય-ચારિત્રાભ્યાસમાં સમાયેલું છે, એટલે સાક્ષાત્ યા પરમ્પરયા દ્રવ્ય-ચારિત્ર નિયમેન આત્મ-ચારિત્રપૂર્વવર્તી હોય છે; એટલે તે અન્યથાસિદ્ધ નહિ, કિન્તુ અપેક્ષાકૃત અસાધારણ કારણ છે. ધ્યાની અને વીતરાગ પણ અમુક અંશે દ્રવ્ય-ચારિત્રથી યુક્ત હોય છે.

પણ દ્રવ્યચારિત્રની પરિભાષા ભિન્નભિન્ન છે. જે સદાચાર-યમ-નિયમો છે તે તો Universal religion-વિશ્વવ્યાપી ધર્મ છે. પણ ભગવદુપાસનાદિની જે જે ખાસ ક્રિયાઓ છે એ તો સર્વત્ર ભિન્ન ભિન્ન છે. એક ધર્મના ફિરકાઓમાં પણ તેની અવિભિન્નતા રહી નથી. સમય-પરિવર્તનસહકૃત રૂચિવૈચિત્ર્ય એવું સ્વાભાવિક છે કે સામાન્યતઃ ક્રિયાકાંડમાં ભેદ પડી જવા સહજ છે; પણ એથી તો આજે ગચ્છોના વાડા એટલા જુદા જુદા અને એકબીજાથી નિરપેક્ષ બંધાઈ ગયા છે કે એક બીજાને અનાદર અને ઘૃણાની દૃષ્ટિથી જુએ છે. કેટલાક પક્ષોમાં તો વિશેષ-વેર-ઝેર વ્યાપેલું છે. પણ મુનિ-ધર્મની શીતળતા અદ્ભુત હોવી જોઈએ. ચન્દન અને ચન્દ્ર કરતાંય તેની શીત-લતા વધારે વર્ણવી છે. વૃક્ષાદિ એકેન્દ્રિયની છાયામાં જતાં ટાઢક વળે છે, તો મુનિનાં ચરણોની છાયામાં બેસતાં કેટલી

શીતળતા મળવી જોઇએ. મુનિના મુનિધર્મનું સર્વોગ્રિમ સૌરભ એજ છે કે તેની આસપાસનું વાતાવરણ શાન્તિમય હોવું જોઇએ. તેનું સંયમ-તેજ આત્મ-બળનો ભાસ કરાવે, તેની શાન્તમુદ્રા આલ્હાદ આપે અને તેનાં વચન મીઠો રસ પાય. આવું મુનિ-જીવન ખરી રીતે ગુણસ્થાનકનો વિકાશજ છે. છતાં આજે દિવસે દિવસે મુનિવર્ગ તરફ આદર કેમ ઘટતો જાય છે? આ વાતનો અમારે પોતેજ વિચાર કરવો રહ્યો. અમારા અશાન્ત વ્યવહારે, અમારા કલહ-જીવને, અમારી ઉપાધિ-ધમાલે સમાજના વાયુમંડળને બહુ ક્ષુબ્ધ કરી મૂક્યું છે. પક્ષાપક્ષી, ખેંચાખેંચી અને ઇર્ષ્યા-દ્વેષના ખળભળાટ એવા મચી રહ્યા છે કે મુનિવર્ગ પ્રત્યે જનતાની આસ્થા ઓછી થતી ચાલી છે. એક તો અમારામાં અલ્પાક્ષરોની સંખ્યા બહુ અધિક છે અને વિદ્વાન્ ગણાતાઓનું પણ જ્ઞાન-તેજ પ્રાયઃ જોઇતા પ્રમાણમાં ઝગમગતું નથી, જેથી આજનો શિક્ષિત-વર્ગ અમારા-થી આકર્ષાતો નથી. અને બીજું, અમારી સંસ્થામાં કુસંપ તથા ઝગડાઓનાં વાદળ એવાં ઘેરાયલાં છે કે, જેથી અમારા વર્ગ તરફ તેમની અરૂચિ વિશેષ વધતી જાય છે, અને એકન્દર તમામ સમાજની ભક્તિ-લાગણીમાં બહુ ફેરફાર થઈ ગયો છે. સુગન્ધ વગરના પુષ્પની કેટલી કદર! અંગત રાગી યા વ્યક્તિગત મોહ ધરાવનારા ભલે અમને ગૌતમાવતાર (!) માનતા હોય, એથી શું દહાડો વળ્યો?

મુનિ-ચર્યાની વાસ્તવિક સ્થિતિ વિચારતાં, જ્યાં ટિકિટો સુદ્ધાં સંગ્રહવાનું ઠીક ન ગણાતું હોય, ત્યાં બીજી અનેકાનેક

ઉપાધિઓની વાત ક્યાં કરવી ! મહાવ્રતધારીઓને તરપણી-પાતરાં, કપડાં-કાંબળ, મલમલ-ફલાટન, ઓઘા-વાઘા અને પુસ્તક-પાનાંના પેટી-પટારા ભરવાના હોય ? એવા પટારા અને કબાટોના સ્વમાલિકીના સંગ્રહ કરવાના હોય ? આવા પરિગ્રહના પોટલા રાખવાના હોય ? નિર્ગ્રન્થ-જીવનની વિકટતાનો ખ્યાલ કરતાં અમારામાં પડેલું ગાબડું અમારે નિહાળવું જોઇએ. શ્રમણ-જીવનમાં તો સ્વાદેન્દ્રિયને થકવવાની કોશિશ ચાલે; ત્યાં સતત સરસ માલમલીદાની ગવેષણા ન હોય. એ સંન્યાસી-જીવન, તટસ્થ સદુપદેશ આપી આખો સમય શુભ જ્ઞાન-ક્રિયામાં જીવવાનું છે, એ કષાય-શમનની સાધના છે, ત્યાં પછી રાગ-દ્વેષના બખેડાઓમાં પડવાનું કેવું ?

" अज्जप्पमिइ संजमे दुराराहए भविस्सइ "* જેવાં વચન આગળ કરી અમે અમારા શૈથિલ્યનો બચાવ નથી કરી શકતા. તેવાં વચનોનો તાત્પર્યાર્થ એજ છે કે, જિનકાલિક યુગના શારીરિક સંહનનથી જેટલે દરજ્જે સંયમ-સાધન બની શકતું હતું તેટલે દરજ્જે બનવું આજે શક્ય નથી. બાકી આજના કાળમાં બની શકે તેટલી હદે સાધન ન કરાય તો એ શ્રમણ-જીવનની ચોખ્ખી નબળાઇજ ગણાય. આપણે આપણી સંયમ-ભાવનાનો ઉપયોગ કરવામાં સંલગ્ન હોઇએ તો પદવીઓની પાછળ જે ધમપછાડા થાય છે તે શેના બને ! સદ્ગુણીને તો પદવી શોધવા નિકળે છે, જ્યારે નિર્ગુણી

* કલ્પસૂત્ર, છઠ્ઠો ક્ષણ, ૧૩૩ મું સૂત્ર.

પદવી પાછળ દોડધૂમ કરે છે. સદ્‌ગુણીનો સંગ થતાં પદવીનું મહત્ત્વ વધે છે, જ્યારે નિર્ગુણીને પલ્લે પડવાથી તે વગોવાય છે. ઉમેદવાર ચાહે નિરક્ષર-ભટ્ટાચાર્ય હોય, તો પણ તપ-ક્રિયાના યોગે તે ' પંન્યાસ ' થઇ શકે છે. તેવીજ રીતે એકાદ શિષ્યનો સહકાર મળતાં અયોગ્ય હાલતમાં પણ ' આચાર્ય ' પદવીના શિખર સુધી પહોંચી શકાય છે ! એક સમય એ હતો કે, પદવીનું કેટલું માન હતું ! પદવીધારી કેવા પૂજાતા ! પણ આજે તો પદવીઓનો રાફડો ફાટતાં ઘઉં-કાંકરા ભેળસેળ થઈ ગયા છે; જો કે સાચા વિદ્વાનોનું જ્ઞાન-તેજ સમય પર ઝળક્યા વિના નજ રહે.

નીતિ-સૂત્ર તો એ છે કે—

" First deserve and then desire. "

અર્થાત્ પહેલાં યોગ્ય બનો, પછી મનોરથ કરો. અસ્તુ

વળી અમારામાં કેટલેક સ્થળે ચેલા-ચાપટ વધારવા ખાતર પણ કાવતરાં કંઇ ઓછાં થતાં નથી. મહામોહનું વાદળ એવું ઘેરાયલું છે કે, એક સમુદાયમાં ગુરૂ-ભાઇઓની અંદર અંદર પણ એકના ચેલાને બીજો હડપ કરવા જાળ પાથરે છે, એકની કમાણીને બીજો " હોયાં " કરી જવા મથે છે !

ન્હાના-મ્હોટાના વન્દન-વ્યવહારને અંગે પણ મનો-માલિન્ય બહુ વધ્યું છે. એ બાબતના વાંધાએ સાધુ-વર્ગની બહુ વિચ્છિન્ન દશા કરી મૂકી છે. એક ધર્મશાળાના મકાનમાં પચાસ સંસારીઓ પોતાના ઉતારા કરી શકશે, પણ એક મકાનમાં

ચાર સાધુઓ કે બે સમુદાયો શાન્તિપૂર્વક નહિ રહી શકે. હાય ! શ્રમણ-જીવનની તે ઉદારતા ક્યાં ચાલી ગઇ !

શ્રમણ-જીવન એ વિશ્વબન્ધુત્વનું વ્રત છે. તેઓ બીજાનું ભલુંજ કરે. તેમનાથી બીજાનું બુરૂં કરાવાનો સંભવજ ક્યાંથી હોય ! તેમના મોઢેથી કડવી-કઠોર ભાષા નિકળેજ શી રીતે ! સુગન્ધી હૃદય-કમલમાંથી સુવાસ જ નિકળે. તેઓ બીજાને ઉદ્વેગમાં ન નાખે. "[1]परोद्वेगाहेतुता" એ હારિભદ્ર વચન તેમના સ્મરણમાં હોય. તેમની આલ્હાદક જીવન-પ્રભાથી કદાચ કોઇ અભાગીયાને આલ્હાદ ન થાય તો સન્તાપ તો નજ થાય. દ્વેષ કરનારની તરફ તેઓ ન અફળાય. નિન્દકની તરફ પણ તેઓ મ્હોટું પેટ રાખે. વિરોધીને જવાબ આપે તો યુક્તિસિદ્ધ શૈલીમાં અને શિષ્ટ શબ્દોમાં. નીચ, ગ્લીચ ભાષાની મોરી તો, જે હૃદય 'પાયખાનું' બનેલું હોય તેમાંથી જ નિકળે. હરિભદ્રાચાર્ય સાધુ-જીવનનાં લક્ષણોમાં એક લક્ષણ "[2]पारुष्यापरित्यागः" મૂકે છે. મહાવ્રતોની મહત્તા પર ધ્યાન અપાય તો અમારી માયાદમ્ભ, કૂટ-કપટ, નિન્દા-વિકથા, ઈર્ષ્યા-દ્વેષ અને મૃષાવાદની પ્રવૃત્તિઓ ખરે જ અમને ભાન કરાવે કે અમે ક્યાં સુધી નીચે ઉતરી ગયા છીએ.

આ તો અંગત કથા થઇ. જાહેર પદ્ધતિ પણ વિચારવા

૧-૨ ધર્મબિન્દુ, પાંચમો અધ્યાય, ૨૦ મું અને ૨૫ મું સૂત્ર.

લાયક છે. પહેલી વાત દીક્ષા-પ્રણાલીની વિચારવા જેવી છે. મારા નમ્ર મત પ્રમાણે જીવનનો સાધારણ માર્ગ બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સંન્યાસાશ્રમની પરાપૂર્વથી ચાલી આવતી પદ્ધતિએ જીવન-યાત્રા પસાર કરવી એ છે. લગભગ ૧૯ વર્ષની ઉમ્મર સુધી બ્રહ્મચર્યાશ્રમ સાધીને, જ્ઞાન-બળ-શક્તિમાં યોગ્યતા સંપાદન કરીને પછી વીર્યોલ્લાસનો પરિણામ વધતાં એકદમ-વચ્ચેના બેઉ આશ્રમો પડતાં મૂકી-ચોથા આશ્રમ પર પહોંચવું એ ઘણી ખુશીની અને મહાન્ ગૌરવની વાત છે. એવા મહાત્માઓ પૂર્વે અનેક થયા છે અને થઇ શકે. પણ ઐતિહાસિક દૃષ્ટિએ અને સામાન્ય સ્થિતિ પર વિચારણા કરતાં એ ખાસ ધોરી રસ્તો કે ' રાજ-સડક ' ન ગણાય. મેં મારા " ઢંઢેરા " માં જણાવ્યું છે કે-

" ગૃહસ્થાશ્રમ સાધીને સંન્યસ્ત થવું એ રાજ-સડક છે. તીર્થંકરો, ગણધરો, જ્ઞાનીઓ, મહાત્માઓ બધાય એ રાજ-સડકે ચાલેલા છે. ગૃહસ્થાશ્રમમાં આવ્યા વગર જ સંન્યાસી થયેલાઓની સંખ્યા, એ રાજ-સડકે ચાલેલાઓની સંખ્યા આગળ એટલી બધી જુજ છે કે સમુદ્રની આગળ જળ-બિન્દુ. ગૃહસ્થાશ્રમમાં આવ્યા વગર એકદમ જ સંન્યાસ ગ્રહણ કરવો એ વિરલપ્રકૃતિ-સિદ્ધ હોઇ એમ કરનારાઓની સંખ્યા સહેજે જુજ જ હોય; જ્યારે ગૃહસ્થાશ્રમમાં પસાર થઇને પછી સંન્યાસ તરફ વળવું એ વિશ્વવ્યાપક અને સહી-સલામત રાજ-માર્ગ રહ્યો. એટલે થોડા અપવાદોને બાદ કરતાં બધાય એ રાજ-માર્ગેજ ચાલેલા અને ચાલે એ દેખીતું છે. "

આમ સંન્યાસ-ભૂમી પર ફ્રુદકો મારી પહોંચી જનારા વીરો જેમ પૂર્વકાળમાં નિકળતા હતા, તેમ આ કાળે કોઇ નજ નિકળી શકે એમ કંઇ નથી. પણ આજે તો "[1]अनुग्रहधिया पराभ्युपगमः" ન રહીને મોહ, પરિવારવૃદ્ધિ અને માનૈષણાની વાસનાજ મ્હોટે ભાગે દીક્ષા-મુંડન કરી રહી છે. 'अनुग्रहधिया पराभ्युपगमः' તો એવો હોય કે ઉપદેશ અપાય તટસ્થ અને એને પરિણામે મુમુક્ષુ પ્રાર્થના કરે ત્યારે તેને લગતી આજુબાજુની સ્થિતિનો વિચાર કરી, કલહ-કોલાહલ કે શાસન-ઉડ્ડાહ થવાનો પ્રસંગ ન ઉભો થવાનું ખાસ લક્ષ્યમાં રાખી કેવળ તેના આત્મ-હિત માટે કારૂણિક ગુરૂ તેને પ્રવ્રજ્યા આપે. આ દીક્ષાની રીત છે. વગર વિચાર્યે ઉતાવળ કરી મુનિ-ધર્મના પવિત્ર સિંહાસન પર 'કાગડો' બેસાડીએ તો એ બેહુદું ગણાય ! પણ દુઃખની વાત છે કે આજે દીક્ષા જેવી મહત્ત્વપૂર્ણ વસ્તુ, જે આવે તેને આંધળીયા કરી મુંડવાની તાલાવેલીમાં બહુ વગોવાઇ રહી છે. આ જ કારણ છે કે ભારતવર્ષમાં સામાન્યતઃ સાધુ-સંસ્થા જે માનનીય-પૂજનીય ગણાતી હતી, તે આજે અધિકાંશ પોતાનું તેજ ગુમાવી બેઠી છે. આજના પ્રતિષ્ઠિત મહાપુરૂષો પણ છડે ચોક વદે છે કે—

"આજ કાલની લેવાતી દીક્ષામાં કાયરતા સિવાય કંઇ જોવામાં આવતું નથી. અને તેથીજ સાધુઓ પણ તેજસ્વી

૧ 'પરોપકારબુદ્ધિથી આગન્તુક મુમુક્ષુને સ્વીકારવો.' હરિભદ્ર-ધર્મબિન્દુ, ચતુર્થ અધ્યાય, ૩૧ મું સૂત્ર.

હોવાને બદલે ઘણા ખરા આપણા જેવા દીન અને જ્ઞાન-હીન હોય છે. ”

ગુણ-બળની જેમ સંખ્યા-બળમાં પણ હું માનનારો છું. છતાં એમ તો જરૂર કહીશ કે-નિર્બળોની સંખ્યા વધારવા કરતાં સબળ આત્માઓ થોડી પણ સંખ્યામાં પ્રગટે એ વધારે યોગ્ય અને લાભકર્તા છે. પણ તે બાલ-દીક્ષાથી નહિ. વિચારક જોઇ શકે છે તેમ આજે સમય-ધર્મ સાફ કહી રહ્યો છે કે—

Early Diksha is generally more dangerous than early marriage.

અર્થાત્ ‘ બાલદીક્ષા ઘણે ભાગે બાલ—લગ્નથી વધુ ભયાવહ છે. ’

પણ શા માટે દીક્ષા આપવામાં “હાય-વોય” કરી ઉતાવળ કરવી જોઇએ ? હરિભદ્રસૂરિનાં “*उपायतः कायपालनम् ”, “ *भाववृद्धिकरणम् ” એ સૂત્રો પ્રમાણે દીક્ષા એકદમ ન આપતાં ઉચિત સમય સુધી દીક્ષાર્થીને દીક્ષાના ગુણોનો અભ્યાસ કરાવવામાં આવે તો શું ખોટું ? પહેલેથી ઘડાવામાં મુમુક્ષુને કંઇ ગેરલાભ ખરો ? દીક્ષાપૂર્વવર્તિની અભ્યાસી અવસ્થા પણ કંઈ ઓછી પવિત્ર નથી. એ અવસ્થામાં દ્રવ્યતઃ ભલે ગમે તે ગુણસ્થાન હોય, પણ આન્તર જીવનમાં ભાવોલ્લાસ વધતાં ઉંચું ગુણસ્થાનક ફરસી જાય તો કામ નિકળી જાય.

* ધર્મબિન્દુ, ચોથો અધ્યાય, ૩૯ મું અને ૪૦ મું સૂત્ર.

ગુરૂજી તો 'વા' ખાતા રહે અને ચેલો (દીક્ષા-વેષ વગર પણ) કામ કાઢી લ્યે! એવી અવસ્થામાં મોત આવી જાય, તોય સદ્‌ગતિ હાજરજ છે. દીક્ષા-ગુણોનું યોગ્ય પરિશીલન કર્યા પછી યોગ્ય ઉમ્મરે દીક્ષા ગ્રહણ કરાય તો એવા કૃત-પૂર્વાભ્યાસ મહાભાગ પર ચારિત્રની ઝુલ કેવી દીપી ઉઠશે! તેનું સંયમ-તેજ કેવું ખીલી ઉઠશે! અને જનતાને તેથી કેટલો લાભ પહોંચશે!

આમ યોગ્ય ઉમ્મરે જ્ઞાન-ચારિત્રની સમુચિત શિક્ષા સંપાદન કર્યા પછી અને અનુભવમાં આવેલી મોહ-રાજાની વિકટ બાણાવલીને પહોંચી વળવાની આત્મ-શક્તિનો સંગ્રહ કર્યા પછી દીક્ષા લેવામાં કંઈ ખોવા જેવું છેજ નહિ. માત્ર ધીરજની જરૂર છે. વિલંબ થાય, પણ શંકિત કરતાં અશંકિત માર્ગ ગ્રહણ કરવો સારો.

લગ્ન-સંસ્થાનો યથાયોગ્ય સુધારો થતાં ન બાલ-વિધવાઓની સંખ્યા વધવાની અને ન તેમને માટે દીક્ષાનો પ્રશ્ન ઉઠવાનો. મતલબ કે ન્હાની બાળા કે યુવતિને દીક્ષા આપવી એ ઉચિત નથી જણાતું. આચાર્ય શ્રીહીરવિજયસૂરિ-જીના* સમયમાં પણ આવી જાતનું બંધારણ ઘડાયલું. પણ આજે તો બાલિકા પણ વૈધવ્યના કષ્ટથી કંટાળી અને ચેલીઓ માટે તરસી રહેલી સાધ્વીઓથી ભરમાઇ જઇ

* જુઓ! શા. બાલાભાઇ કકલભાઇએ પ્રકાશેલ "સંવિગ્નસાધુ-યોગ્ય નિયમસંગ્રહ" ના ત્રીજા પાને ૩૩ મી કલમ.

ઝટ વેષ ધારણ કરી લે છે. આમ શ્વેતાંબર કે સ્થાનકવાસી સમુદાયમાં શીઘ્ર વેષ પહેરાવી દેવાનું બહુ વધી ગયું છે. દીક્ષા ન લે ત્યાં સુધી તો ઉમેદવારને માન-સમ્માનથી રખાય, ઘણા પ્રેમ-વહાલ દેખાડાય, અને એ રીતે પ્રયત્ન કરતાં 'પક્ષી' ફાસલામાં આવ્યું કે પછી જોઇ લ્યો, કેવા દંડા ઉડે છે ! એક તો નારીજાતિને તેની અજ્ઞાનદશાએ ઝગડા-ખોર કરી જ મૂકી છે અને એથી જ એ ત્યાં સુધી ગવાય છે કેઃ—

" ચાર મળે ચોટલા કજીઆ વાળે ઓટલા. "

× × ×

" ચાર મળે ચોટલા કજીઆ ભાંગે રોટલા. "

તેમાં વળી દીક્ષાનો હોદ્દો મળ્યો, પછી શું પૂછવું ! હા, જેમના આત્માઓ જ્ઞાન-સંયમની શિક્ષાઓથી વિભૂષિત છે, જેઓ વૈરાગ્યવાસિત છે અને જેઓ પાપભીરૂ હોઇ ચારિત્ર-સાધનમાં સતત દત્તચિત્ત રહે છે, તેઓ ખરેખર વંદનીય મહાત્મનીઓ છે. તેમને પૂર્વોક્ત ટીકા સાથે કંઇ ય ન લાગે વળગે. તેવી શ્રમણીઓ તો મહિલા-સમાજને સુધારવામાં શ્રમણો કરતાંય વધારે સફલપ્રયત્ન થાય. એવી શ્રમણીઓનું ચારિત્ર વિશ્વ-કલ્યાણ માટે પણ શ્રમણ-જીવનના જેટલે દરજ્જે જરૂરી અને ઉપયોગી છે. અને હું તો એટલે સુધી કહેવાની રજા લઇશ કે, બાઇઓનાં જો વિવેકપુરસ્સર ઉપધાન થાય તો તેવી ભિક્ષુણીઓના આશ્રય નીચે થાય, જ્યારે સાધુઓ પુરૂષોને તે કરાવે. પણ એવી કેટલી નિકળશે ! મ્હોટો ભાગ તો ઝઘડાખોર

છે. તેમના લડાઇ–ઝઘડાનાં પ્રદર્શનો, તેણીઓ જ્યાં જ્યાં પધારે છે ત્યાં ત્યાં બરાબર ખુલ્લાં મૂકી દે છે. ભણવા–ગણવાનો ઉત્સાહ તો તેમનામાં છે ક્યાં ? લોક–દેખાવ સારૂ જૈન–શાળાના શિક્ષક પાસે જરા ટેં ટેં કરી આવશે. બસ, પછી પત્યું.

“ સાધ્વી–સંસ્થા ’ ઉપયોગી અને મહાન્ ઉપયોગી હોવા છતાં આજે તે વર્ગ મ્હોટે ભાગે નિરૂપયોગી જેવો થઈ પડયો છે. મ્હોટે ભાગે તેમની દિનચર્યા સીવવા–સાંધવામાં કે કપડાં ધોવામાં પુરી થાય છે. તેમનો વખત ઘણે ભાગે સંસારી બાઇઓની જેમ કુથળીમાં અને ગામ–ગપાટા હાંકવામાં પસાર થાય છે. તેઓ પણ ખંતથી અભ્યાસ કરી જ્ઞાનોપાર્જન કાં ન કરે ! તેઓ પણ વિદ્યાભ્યાસમાં આગળ વધી વિદુષી કાં ન બને ! તેઓ પણ સંસ્કૃત, પ્રાકૃત અને સૂત્ર-સિદ્ધાંત તથા દાર્શનિક ફિલસુફીમાં પાંડિત્ય સંપાદન કરી સરસ ધર્મોપદેશિકા કાં ન બને ! વ્યાખ્યાનો અને ધર્મોપદેશદ્વારા તેઓએ સમાજ અને શાસનને ઉપયોગી નિવડવું જોઈએ. અને એ માટે વિદ્યાભ્યાસંગની સખ્ત જરૂર છે, એ તેમના ધ્યાનમાં ઉતરવું જોઈએ.

પણ સાધુઓના જ ધ્યાનમાં હજી એ નથી ઉતરતું, ત્યાં પછી સાધ્વીઓની વાતજ ક્યાં કરવી ? સાધુઓજ નિરંકુશપણે દીક્ષાની મોજ–મજા માણવામાંથી ઉંચા આવતા નથી, તેમને જ નિરક્ષરોના સહવાસમાંથી નિકળી વિદ્વાનોના સત્સંગમાં રહેવાનો ઉમંગ કે ઉત્સાહ જાગૃત થતાં નથી, તેઓજ વિદ્વાન્

અને મૂર્ખ સાધુઓની માન-પૂજા સરખી થતી દેખી વિદ્યાભ્યાસને નકામો સમજી બેઠા છે અને તેઓજ વાણિયાઓનું મનોરંજન થાય એટલા પુરતું શિખી લેવામાં પોતાના જ્ઞાન-વૈભવની ઇતિશ્રી સમજતા હોય છે ! જ્યાં સાધુઓની જ પ્રાયઃ આ સ્થિતિ છે, ત્યાં સાધ્વીઓની વાત કયાં કરવી !

પણ ! આમ તે ગાડું કયાં સુધી ચાલશે !

ચોખ્ખી વાત એ છે કે, સાધુ-સંસ્થાની અધોદશાનાં મૂળીયાં તેના સંગઠન-વિચ્છેદના તળમાં સમાયાં છે. સંગઠન-શક્તિનો વિકાસ થયા વગર એ સમાજના સડા દૂર થવા શકય ન હોઇ, વિનાશને પંથે તેનું વાહન વહેતું રહેવાનું. સાધુ-સંસ્થાના સમુદ્ધાર માટે સાચી ધગશ ધરાવનાર મહાનુભાવોએ અન્દર-અન્દરનાં વેર-ઝેર દબાવવા એવી લાઇન ગોઠવવી જોઇએ કે ધીરે ધીરે સંગઠનનો માર્ગ સરળ થઇ જાય. તો જ સાધુ-સમાજનું ભલું થવું છે. નહિ તો એ મહાન્ સંસ્થાનું તેજ આજે એટલું બધું હણાઇ રહ્યું છે-હણાતું જાય છે કે, તે સંસ્થાનું ભયંકર ભવિષ્ય સાદી અક્કલનો માણસ પણ ખુલ્લી કલ્પનાથી જોઇ રહ્યો છે. ખૈર.

બીજી વાત અમ લોકોને માટે એ ધ્યાનમાં લેવા જેવી છે કે અમારે અમારી ઉપદેશશૈલીને ઉચિત માત્રામાં ઉદાર બનાવવાની જરૂર છે. લીલવણી-સુકવણી જેવી બાબતો તરફ સમાજને આકર્ષવાનો જેટલો પ્રયત્ન થાય છે, તેટલો તેને નૈતિક જીવન વિષેના ઉપદેશો પૂરા પાડવામાં નથી થતો, એ મ્હોટી ખામી છે. વળી વ્યાખ્યાનનું ઔચિત્ય પણ સમજવાની

જરૂર છે. સાધારણ સમજવાળા શ્રોતૃ-વર્ગની આગળ 'પન્નવણા' જેવાં સૂત્રો વ્યાખ્યાનમાં વંચાય એનો શું અર્થ ! તેમને તેમાં શું રસ પડે ! તેથી તેમને શો જ્ઞાન-લાભ થાય ! હા, પોતાને તો સૂત્ર-સ્વાધ્યાય થાય, પણ વ્યાખ્યાન તરીકે એની સફળતા કેટલી ! સમાજની પરિસ્થિતિ જોતાં તો તેમને શ્રાવક-ગૃહસ્થ તરીકેનાં કર્તવ્યોના પાઠો નિયમસર શિખવવાની જરૂર છે. અમારી વ્યાખ્યાન-શાળા આ રીતે એક શિક્ષણ-શાળા બનવી જોઇએ. શ્રોતાઓમાં સારી વિચાર-ભાવના-ઓ સિંચાય, તેમના કર્ત્તવ્ય-માર્ગનું તેમને ભાન થાય, હાનિકારક રિવાજો દૂર થાય અને તેમની જ્ઞાન-શિક્ષામાં વૃદ્ધિ થાય, એ ચાતુર્માસિક વ્યાખ્યાનોનાં ફળ છે. ધર્મોપદેશક મુનિવરોની ધર્મોપદેશકતા આ રીતે ચરિતાર્થ થવાની જરૂર છે. જેને ખરી રીતે 'જાહેર ભાષણ' કહેવામાં આવે છે, તેની પણ અમ મુનિઓમાં ખામી છે. વાણિઆઓના કે શ્રાવકોના ટોળામાં વ્યાખ્યાન આપવું એ જાહેર ભાષણ ન કહેવાય. જૈન શાસનનો વિશિષ્ટ ઉદ્દ્યોત તો જૈનેતર જનતા અને જૈનેતર વિદ્વાનોવાળી સભામાં વ્યાખ્યાનો આપવાથી થઇ શકે. વિદ્વત્તાની ખરી કસોટી ત્યાં થાય. એ માર્ગે જૈન ધર્મની મહત્તા ફેલાય. તેવી સભામાં જૂની ઢબે પોતાના ધર્મનું પારાયણ કરવાથી કામ ન ચાલે. ત્યાં તો વિશ્વધર્મ પર પ્રકાશ પાડવાનો હોય. સ્વસિદ્ધાન્તને બાધા ન આવે તેમ વિશ્વમાન્ય સિદ્ધાન્તોનું પ્રતિપાદન કરવાનું હોય. એથી જૈનધર્મનું માન વધે. આવી વ્યાખ્યાતૃત્વ-શક્તિ વિકસાવવા માટે અન્યાન્ય ભાષાનાં

સારાં સારાં પેપરો અવલોકવાની જરૂર છે, અન્ય ધર્મ-શાસ્ત્રોનું સમુચિત જ્ઞાન સંગ્રહવાની જરૂર છે અને મ્હોટું મન રાખી ઉદાર સ્વભાવ કેળવવાની જરૂર છે. ઉચિત માત્રામાં મત-સહિષ્ણુતા અને સમય-સૂચકતાના ગુણો વ્યાખ્યાતામાં અવશ્ય ખીલવા જોઇએ છે. આ બાબતની અમ સાધુઓમાં જે ખામી છે તે દૂર થવી જરૂરની છે. અમ મુનિઓ આગળ નવીન શિક્ષિતો આવતાં ભડકે છે એનું કારણ પણ દૂર થવું જોઈએ. તેમને જ્યારે તેમના પ્રશ્નનો માફૂલ જવાબ નથી મળતો, ત્યારે તેમને અસન્તોષ થાય છે. પણ એવા માફૂલ જવાબ આપનારા બધા કયાંથી હોય! પણ એવા ન હોય તેમણે તેમને 'નાસ્તિક' આદિ વિશેષણોથી તરછોડવા પણ ન જોઇએ. એમ તરછોડવાથી તેઓ ઠેકાણે નહિ આવવાના. * "अबोधेऽप्यनिन्दा" એ હરિભદ્રનું ફરમાન છે. કાં તો જ્ઞાનશક્તિથી તેમના બુદ્ધિ-પ્રદેશ પર પ્રકાશ નાંખવો જોઇએ, યા તો સમતા ગુણથી તેમના હૃદય પર પ્રભાવ પાડવો જોઇએ. તેમને સંતોષવાને આ બે રીતો છે. જો કે તે બે રીતોમાં બહુ ભેદ રહેલો છે; પણ તુચ્છકારવાથી તો તેઓ મુનિવરોથી વધારે વેગળા ખસતા જાય છે. અને યાદ રાખવું જોઇએ કે, ભાવિ સમાજ તો એમનાથી બનવાનો છે. એટલે તેમના હૃદય-પ્રદેશો વિપર્યસ્ત થતાં તેમની ઓલાદ પર પણ શાયદ તેવા સંસ્કારો પડવા સંભવ છે. અને એ સ્થિતિ ધર્મ-સંસ્થાને કેટલી બાધક નિવડે એ વિચારવા જેવું છે. કેટલીક વખત

* ધર્મબિન્દુ, બીજો અધ્યાય, ૮ મું સૂત્ર.

અલ્પાક્ષર મુનિઓની જેમ સાક્ષર મુનિવરો પણ તે લોકોના વિચિત્ર પ્રશ્નો ઉપર ઉશ્કેરાઇ જાય છે. આથી તે લોકોને વધારે નારાજ થવાનું કારણ ઉત્પન્ન થાય છે. વિકટ પ્રશ્નો પર પડદો નાંખવાની ખૂબીથી પણ વાકેફ થવાની જરૂર છે. એથી આકર્ષણ ન થાય તો સૌમનસ્ય તો જળવાય જ, વૈમનસ્ય તો નજ ઉભું થાય.

શ્વેતામ્બર, દિગમ્બર અને સ્થાનકવાસીના પારસ્પરિક ઝઘડાઓ જૈન ધર્મની સંસ્થાને બહુ હાનિ પહોંચાડી રહ્યા છે. મત-ભેદને દ્વેષ-ભાવમાં પરિણમાવવો એ ડહાપણનું કામ નથી. તટસ્થભાવે જ્ઞાન-ગોષ્ઠી કરવી એ ફાયદામંદ છે.તત્ત્વનિર્ણિનીષાના મૂળમાંથી ઉત્પન્ન થનારી વાદ-કથા પણ ઇચ્છવાજોગ છે; પણ સામ્પ્રદાયિક મોહમાં લેપાઇ મતાગ્રહ પોષવાના હેતુએ કંઠશોષ કરવો કે શુષ્ક વાગ્જાળ પાથરવી એ સર્વથા અમંગળ છે. હૃદય જેવા સંસ્કારોમાં પોષાતું આવ્યું હોય છે તેમાં ફેરફાર થવો સહજ નથી. આક્રમણ કરવાથી કોઇને પોતાના વિચારનો કરી શકાતો નથી. સભ્ય શૈલીએ પોતાના વિચારોનું સમર્થન યા તત્ત્વચર્ચા કરતાં શાયદ બીજાની ઉપર તેની સારી અસર થાય; પણ એથી ઉલટી રીતે વર્તવામાં કેવળ હાનિજ છે.

દરેક ફિરકાવાળાઓની ધર્મ-ક્રિયાનું મુખ્ય સાધ્ય-બિન્દુ આત્મવિકાર-શાન્તિનો લાભ મેળવવો એ છે. આ વિકાર-શાન્તિરૂપી ક્ષુધા-શાન્તિ માટે નાનાવિધ પકવાનો મોજૂદ છે, જેમાં એક ભગવન્મૂર્ત્તિ-ઉપાસના પણ છે. રૂચ્યાં એટલાં પકવાનો દરેકે ગ્રહણ કર્યાં.એક પંગતમાં બેઠેલાઓ ભિન્ન ભિન્ન

વસ્તુ ગ્રહણ કરવા બદલ યા અમુક વસ્તુ ગ્રહણ ન કરવા બદલ કજીયા કરે કે ? ભગવન્મૂર્ત્તિ-ઉપાસનારૂપી મિઠાઇ જેઓ પડતી મૂકે છે તેમને તે મિઠાઇની વાસ્તવિક મિઠાશ સુહૃદ્ભાવથી જો સમજાવવામાં આવે તો બહુ ફેર પડે; પણ તે ખાતર તેમની સાથે વૈર-વિરોધ તો ન જ કરાય.

ભગવન્મૂર્ત્તિ-ઉપાસનાનો ઉદ્દેશ કષાય-શાન્તિ છે. એના જ માટે ભગવન્મૂર્ત્તિનું આલમ્બન છે. હવે વિચાર કરવાની વાત છે કે જે મૂર્ત્તિ કષાય-શાન્તિ માટે છે, તેનીજ ખાતર કષાય-વૃદ્ધિ કરવી એ કયાં સુધી ઉચિત છે ! તેનેજ આશ્રીને કષાય વધારીએ,તો તેની ઉપાસનાનો ઉદ્દેશ કયાં રહ્યો ! સ્થાનકવાસીઓ પણ સમજી જાય કે જેઓ કષાય-શાન્તિ યા આત્મકલ્યાણને માટે એક વધુ સાધનનો ઉપયોગ કરે છે, તેઓ કંઇ ખોટું કરે છે કે ! એ તેમની પોતાની રૂચિની વાત છે કે, તેઓ ઘેબરને ગ્રહણ ન કરે; પણ જેમને તે રૂચે છે તેમની અવહેલના તો તેમનાથી કરાયજ કેમ ! ખરેખર, જેઓ પોતપોતાના રૂચતા ક્રિયા-માર્ગથી કષાય-શાન્તિનો અભ્યાસ કરી રહ્યા હોય, તેઓ ક્રિયા-માર્ગ ખાતર બીજા સાથે કષાય-વર્ધનની પ્રવૃત્તિ કેમ આચરે ! ક્રિયામાર્ગ કષાય-શાન્તિ માટે છે, તો ક્રિયાભેદ જોઇને કષાય કેમ સેવાય ? આ મુદ્દાની વાત મતવાસીઓ જો સમજી જાય તો વિચારભેદ યા મત-ભિન્નતા રહેવા છતાં પણ તેમનામાં સૌમનસ્ય જળવાઇ રહે એમાં શક નથી.

એવીજ રીતે દિગમ્બર-મૂર્ત્તિ તરફ પણ ઘૃણા લાવવાનું કંઇ કારણ નથી. શ્વેતામ્બર-દિગમ્બરો એક-બીજાનાં મન્દિરો

તરફ આદર બતાવે તો તેમાં તેમને કંઇ ખોટ ન જાય.ઉલટું તેમનાં મનોમાલિન્ય દૂર થાય અને તેમનામાં મૈત્રીભાવ જાગે. અને એ રીતે તેમનું પારસ્પરિક સંગઠન થતાં સંઘ-બળ કેટલું વધે! ઘણા વખતથી વિખુટા પડેલા એ મ્હોટા સમુદાયોના બન્ને જથ્થા એકત્રિત થતાં તેમનામાં જે બળ પ્રગટે એ કેવું અસાધારણ હોય! એ બન્ને દરિયાઓનાં પૂર એક-બીજામાં ભળી જતાં હું ખરેખર કહું છું કે, પૃથ્વી-મંડળના તમામ ધર્મોમાં સહુથી ઉંચું આસન જૈન ધર્મને પ્રાપ્ત થાય. આ 'શેખસલ્લી'ના જેવી વાતો હું નથી કહી રહ્યો. આ શક્ય ( Possible ) છે એટલે કહી રહ્યો છું. કેમકે એ બન્ને સમુદાયો પરમાત્મા મહાવીરના, અર્હન્ દેવના, નિર્ગ્રન્થ-પ્રવચનના અને સ્યાદ્વાદ-દર્શનના ચૂસ્ત પૂજારી છે. તે બન્નેનું તત્ત્વજ્ઞાન તદ્દન એકજ છે. અમુક જુજ બાબતોને બાદ કરતાં આખું પ્રવચન તે બન્નેનું એકજ છે. તે બન્ને વર્ગોમાં મ્હોટા મ્હોટા સમર્થ તત્ત્વજ્ઞાનીઓ અને ગ્રન્થકારો થયા છે અને એ પ્રચંડ વિદ્વાનો તરફથી એ બન્ને સમુદાયોના સાહિત્ય-ભંડારો સમૃદ્ધિશાળી બનેલા છે. દરેક વિષયના ભારે ભારે ગ્રન્થો એ બન્ને સમુદાયોમાં મોજુદ છે. એ બન્ને મ્હોટા પેઢીદાર શ્રીમાનો છે. એ બન્નેનાં જબ્બર તર્કશાસ્ત્રો એક બીજાને મદદગાર થઇ પડે તેવાં મહત્ત્વપૂર્ણ છે. એ બન્નેની ગંજાવર તિજોરીઓમાં ભારે કિમ્મતી ઝવેરાત ભર્યાં પડયાં છે. આવા એક પિતા-પરમપિતાના સમૃદ્ધિશાળી પરિવારો સગા ભાઇ છે. એટલે મનોમાલિન્ય દૂર થતાં અને ઉદાર દૃષ્ટિ તથા વિશાળ

ભાવના પ્રકટ થતાં, એ બન્ને ભાઇઓનો મેળ થવો એ આ યુગમાં અશક્ય જેવું કેમ ગણાય ?

ટુંકમાં, દરેક ફિરકાઓ અને ગચ્છોમાં એ ભાવના હાડોહાડ પ્રસરી જાય કે-' ભિન્ન ભિન્ન રીતથી ક્રિયા કરવા છતાં પણ વીતરાગ-ધર્મ આરાધી શકાય છે, ' તો જૈન શાસનના ઉદ્દ્યોતનું શું પૂછવું.

બાકી એમાં તો શકજ નથી કે- લગભગ પચીશસો વર્ષ પૂર્વે થયેલા ભગવાન્ મહાવીર દેવના અનુયાયી અને અહિંસા-ધર્મ તથા ઉચ્ચ તત્ત્વજ્ઞાનના વિસ્તારક એવા શ્રમણોની સંસ્કૃતિ સમય-ધર્મ પ્રમાણે અનેક સંકોચ-વિકાસના હિંડોલે હીંચીને હજી સુધી પણ અખંડપણે ચાલી આવી છે. એ પરમ્પરામાં વર્તતા વર્તમાન જૈન સાધુઓમાં પણ, સમય-પ્રભાવે સનાતન નિયમાનુસાર, દરેક રાષ્ટ્ર, દરેક પ્રજા, દરેક સમાજ અને દરેકે દરેક વસ્તુમાં ફેરફાર થતો રહે છે, તેમ ક્ષતિઓ આવવા છતાં પણ આજે હિન્દુસ્તાનના સાધુઓમાં, નહિ, નહિ, દુનિયાભરનાં તમામ સાધુ-મંડળોમાં તેમનું આસન ઉંચું છે, એમાં શક નથી. આજે પણ તેમના ત્યાગને, તેમની કષ્ટ-ચર્યાને, તેમના વિકટ નિયમોને જગત્‌ની કોઇ પણ સાધુ-સંસ્થા પહોંચી શકે તેમ નથી. કાચી પૃથ્વી, કાચું પાણી, અગ્નિ અને લીલી વનસ્પતિ વગેરેનો સ્પર્શ પણ ન કરવાનું, ન્હાનામાં ન્હાની બાલિકાને પણ ન અડકવાનું, કોડી જેટલું પણ અર્થ-સાધન નહિ રાખવાનું, કોઇને ત્યાં બેસીને નહિ જમવાનું, પીવાનું જળ સુદ્ધાં બીજાઓનું જ માંગી લાવીને પીવાનું, માથાપરના

વાળ હાથે ઉખેડી નાખવાનું અને પોતાનો ખપ પુરતો સામાન પોતાના શરીર પર લાદીને પગે મુસાફરી કરવાનું આજે કયા સમ્પ્રદાયના સાધુઓમાં છે ?

આ વીસમી સદીમાં આવી કષ્ટ-ચર્યા એ કંઇ ઓછી વાત ગણાય ? શાસન-દેવને પ્રાર્થીશું કે આવી તપશ્ચર્યા વિશાળ જ્ઞાન, વિશાળ પ્રેમ અને વિશાળ ભાવનાથી સુશોભિત થઇ શાસન-પ્રચારના કાર્યમાં સહાયક બને.



# અન્તિમ ઉદ્ગારો.

( ૧ )

સમાજ અને શાસનની ઉન્નતિ માટે તમામ ગચ્છવાળાઓએ ક્રિયાકાંડના ઝગડાઓ મેલી દઇ એકસંપી કરવાની સખ્ત જરૂર છે. ઓ ! ગચ્છવાસીઓ ! જરા સમજી જાઓ કે, તમારી અન્દર અન્દરની લડાઇમાં પરમાત્મા મહાવીરના શાસનની કેટલી દુર્ગતિ થઇ રહી છે. પ્રભુના શાસન પ્રત્યે તમને જો અવિહડ રાગ હોય, તે જિનેન્દ્ર ભગવાન્‌ના શાસનની વિજય–પતાકા ફરકતી જોવાને તમારાં અન્તઃકરણ ઉત્સુક હોય તો ક્રિયાભેદનો દુર્મોહ મૂકી દઇ બધાય એક પ્રેમની રસ્સીમાં બદ્ધ થઇ જાઓ. પોતપોતાને રૂચે તે ક્રિયા કરો, પણ બીજાઓની ક્રિયાઓને વગોવો ના. ક્રિયાભેદને વધારે પડતું મહત્ત્વ આપી, ખેંચતાણ કરવી અને વિરોધ વધારવો એ અવ્વલ દરજ્જાની બેવકુફી સિવાય

બીજું કહ્યું નથી. કોરી ક્રિયા મોક્ષે નથી લઇ જનારી, પણ ક્રિયાગત પ્રશમભાવ જ મોક્ષનું ઉપાદાન છે. જરા ધ્યાન આપો ! એક જ સાધ્યને પહોંચી વળવા માટે શું એક જ સાધન હોય છે કે ? એક જ સાધ્ય જુદા જુદા સાધનદ્વારા નથી પ્રાપ્ત થઇ શકતું કે ? ક્રિયા તો એક બાહ્ય અંગ છે, તેમાં એકરૂપતા કદી હોઇ શકેજ નહિ. જરા ઉંડા ઉતરી વિચાર કરતાં સ્પષ્ટ માલૂમ પડશે કે, ક્રિયામાર્ગ હંમેશાં વિવિધતાવાળો જ હોય છે. અને એ દરેક માર્ગે મુમુક્ષુ જો પોતાના આન્તર જીવનને કેળવી જાણે તો આત્મકલ્યાણના શિખરપર પહોંચી શકે છે. કોઇ ગચ્છે એ ભાંજગડમાં ઉતરવુંજ ન જોઇએ કે કયો ક્રિયા-માર્ગ શ્રેષ્ઠ છે અને કયો નિકૃષ્ટ છે. ક્રિયાઓ તો બધીય સારી છે, જો એમાં પોતાનો આત્મા પરોવાતો હોય તો. અન્યથા શુષ્ક ક્રિયાથી તો કોઇનું પણ કલ્યાણ થયું નથી. મોક્ષનો ઇજારો અમુક ગચ્છ કે ફિરકાને જ મળ્યો છે એ માન્યતા ભૂલભરેલી છે. ક્રિયા જેવી બાબત માટે ઝગડા કરવા એ તો મને બહુજ મૂર્ખાઇભરેલું લાગે છે. ક્રિયા–ભિન્નતાએ ભિન્નતા ગણાવી જ ન જોઇએ. ક્રિયા–ભિન્નતાથી ભિન્નતા આવવી જ ન જોઇએ. એક ઘરની અંદરના માણુસો ખાવાની ચીજો ભિન્ન ભિન્ન ગ્રહણ કરવા છતાં તે બધામાં એકીભાવ બન્યો રહે છે, તેમ ક્રિયાની ભિન્નભિન્ન રીતો ગ્રહણ કરવા છતાં બધા ગચ્છોમાં એકીભાવ બન્યો રહેવો જોઇએ. જુદા જુદા ગચ્છોની જે જે જુદી જુદી ક્રિયા–પદ્ધતિઓ છે તે પૈકી એક પણ 'ક્રિયા' વગર જ્યારે અનેકો મોક્ષને પામ્યા છે તો પછી તેને માટે આટલો

આગ્રહ કાં ? ક્રિયા કરતાં સમતા મ્હોટી છે. ક્રિયારહિત પણ સમતા કલ્યાણકારક થાય, પણ સમતાવિહીન ક્રિયા તો વિફળ છે. ભિન્ન પદ્ધતિની ક્રિયા કરતાંય જો સમતામાં રમણ હોય તો લાભ છે, જ્યારે સ્વસમ્પ્રદાયની ક્રિયાનું સંપૂર્ણ વિધાન પણ કષાયયુક્ત હોય તો વિફળ છે. ક્રિયાનો મુદ્દો માત્ર એટલોજ છે કે તેમાં પરમાત્માનું સ્મરણ હોય અને પવિત્ર આચરણ હોય; પરમેશ્વરની સ્તુતિ હોય અને પોતાનાં દુષ્કૃત્યોની ગર્હા યા આલોચના હોય; ઉચ્ચ વિચારો હોય અને પવિત્ર ભાવના હોય. આ મુદ્દા બરાબર હોય તો, ગમે તે પ્રકારની–ગમે તેવી વિધિવાળી–ગમે તેવી યોજનાવાળી પણ ક્રિયા શ્રેયસ્કર છે, એમાં કોઇએ જરાપણ શંકા લાવવા જેવું નથી.

વાંચનાર ! તમારા વિચારપ્રદેશમાં કદી એવી કલ્પના ઉત્પન્ન થાય છે કે તમામ ગચ્છોના સાધુઓની મ્હોટી સભા એકત્ર થાય અને મધ્યસ્થપણે રીતસર છૂટછાટ મૂકી તમામને માટે એક ‘ ક્રિયા ’ અખત્યાર કરવાનો નિર્ણય કરે. આવો નિર્ણય કરવા એકત્ર થનારી સભાનું અધિવેશન તો ‘ માથુરી ’ અને ‘ વલભી’ સભાનું સ્મરણ કરાવે; ત્યારે એનો કાર્ય–પ્રદેશ કેટલી વિશિષ્ટતા ધરાવતો લેખાય !

આવી કલ્પનાનો જ જ્યાં ઉદય નથી, ત્યાં એટલે સુધી દોડ લગાવવાની વાત કરવી નકામી છે. સમયપરિવર્તનસહકૃત રૂચિભેદનું વૈચિત્ર્ય વિચારતાં પણ એટલે સુધી મનોરથ લઈ જવો અસ્થાને છે.

( ૨ )

આજે અન્ય ધર્મવાળાઓ પોતાના ધર્મનો ફેલાવો કરવા બીજાઓને પોતાના ધર્મની દીક્ષા આપે છે, બીજાઓને પોતાના ધર્મમાં લેવા ભરસક પ્રયત્ન કરે છે, ત્યારે જૈનોની ચાલ એથી ઉલટી દેખાય છે. જે જૈનોના પૂર્વજો ગરાસીયા, રજપૂત, ક્ષત્રી વિગેરે બીજી કોમોની જનતાને-દુર્વ્યસની જનતાને પણ ઉપદેશ આપી, બોધ આપી, દુર્વ્યસનો છોડાવી, શુદ્ધ કરી પોતાના ધર્મમાં દાખલ કરતા હતા અને એ રીતે જૈન-સંખ્યામાં વૃદ્ધિ કરી જૈનધર્મનો ફેલાવો કરતા હતા, તે જૈનોમાં આજે નવા જૈનો બનાવવાની પ્રવૃત્તિ તો ઉઠી ગઇ છે,અને વધારામાં, તેઓમાં અન્દર અન્દરજ પોતાના ધર્મબંધુઓને અપમાનપૂર્વક પોતાના ધર્મમાંથી બહાર કાઢવાની ચેષ્ટા થાય છે ! વાણિયા યા જૈનો વિદ્યાભ્યાસંગમાં પછાત હોઇ, તેમનામાં ધાર્મિકજ્ઞાનવિશાળતા અને ધાર્મિક ઉદારભાવના ઓછી હોય, પણ જેઓ ધર્મધુરન્ધર પદે બિરાજેલા છે, તેઓમાં પણ અધિકાંશ એવા સાંકડા મનના અને સંકુચિત વૃત્તિવાળા છે કે જેમને,આજની દુનિયાનો પ્રવાહ કઇ તરફ વહે છે, અને ધાર્મિક ઉદારતા કેવી હોય એની ખબર નથી. આગેવાનો અને શ્રીમાનો બીચારા સંસારી વલોપાતમાંથી અગર આનંદવિલાસમાંથી પોતાનું માથું ઉંચું કરી શકતા નથી, જ્યારે મુનિવરોમાં બહુ મ્હોટો ભાગ એવો છે કે, જેમને ધાર્મિક બંધારણનું પુરતું જ્ઞાન નથી; સાથે જ તેઓમાં અંદર અંદર ઈર્ષ્યાદ્વેષનાં ઘનઘોર વાદળ એવાં

છવાયેલાં છે કે, જેના પરિણામે ગૃહસ્થવર્ગમાં સંગઠન થવાને બદલે વિઘટન વધતું જાય છે. કેટલાક મુનિવરોના ભિન્ન ભિન્ન પક્ષો વચ્ચે એટલી બધી દુશ્મનાવટ ફેલાયલી છે કે હિંદુ-મુસલમાન વચ્ચે પણ એટલી નહિ હોય! સ્હામ-સ્હામે ચકમક ઝરતાં કેટલાક સાધુ વેષધારી અને 'પદધર' ગણાતાઓના મોઢાંમાંથી પણ કોળી-વાઘરીઓને પણ હેરત પમાડે એવી ગાળો વરસવા માંડે છે. સમાજનું આ ઓછું દુર્ભાગ્ય! अनाथकं नश्यति हन्त ! शासनम् !

હવે, બીજી બાજુ સમાજની દશા જુઓ કે, એકજ ધર્મને માનનારા અને એકજ જાતવાળાઓમાં પણ વીશા, દશા, ઓસવાળ, પોરવાળ વિગેરે અંતર્જાતીય ભેદો અને તેઓમાં પણ અંતર્વિભાગો એટલા વધી ગયા છે કે ક્યાંક દીકરી-વ્યવહાર નથી, તો ક્યાંક જમણ-વ્યવહાર સુદ્ધાં નથી. જ્યાં આવી વિભિન્નતાઓ હોય ત્યાં ધર્મનો ઉદય કેવી રીતે થઈ શકે! સમાજનો વિકાસ કઇ રીતે થાય! એક વિદ્વાન્‌ના શબ્દો છે કે—

"United we stand, Divided we fall."

**એકતામાં અમારૂં ઉત્થાન છે,**
**જુદાઇમાં અમારૂં પતન છે.**

એક વિચારકે પોતાના વ્યાખ્યાનમાં કહેલું કે—

"अन्तर्जातीय भेदरूपी दीवारों को तोड डालना चाहिए। रोटी—बेटीव्यवहारका क्षेत्र संकुचित न रह कर अधिक विस्तृत बनाया जाना चाहिए।"

જ્યાં ઘરમાંજ સાજું ન હોય ત્યા પરાયાનું ઠેકાણું ક્યાંથી પડે! જૈનોમાં અંદર અંદરજ સંગઠન, એકીભાવ કે સાચું સાધર્મિક–વાત્સલ્ય નથી, ત્યાં પરાયાને 'જૈન' બનાવવાની વાત ક્યાં કરવી? પણ મ્હારે મ્હારા અનુભવ પ્રમાણે જણાવવું જોઇએ કે આજે દેશ–વિદેશમાં જૈનેતર વિચારક–વર્ગોમાં જૈનતત્ત્વજ્ઞાન અને જૈન માર્ગની મહત્તા તરફ લોકોનું ધ્યાન આકર્ષિત થતું જાય છે. ભદ્ર જીવો જૈનધર્મનો ઉપદેશ સાંભળતાં તેની તરફ આકર્ષાય છે. આ લેખકની આગળ પણ કેટલાકે જૈનધર્મની દીક્ષા ગ્રહણ કરવાની માગણી કરેલી. જો જૈન વિદ્વાનો અને સમર્થ ગૃહસ્થો આ દિશામાં પ્રયત્ન કરે તો ઘણા જૈનધર્મની દીક્ષા ગ્રહણ કરવા નિકળી આવે. ગુણ–બળની જેમ સંખ્યાબળની પણ આવશ્યકતા છે. પણ નવા જૈનો થાય તો કેવી રીતે? જૈન-ધર્મની દીક્ષા ગ્રહણ કરતાં તેમને પોતાની કોમ સાથે છૂટાછેડા થાય જ, અને જો જૈનકોમ પણ તેમને પોતાની જાતમાં ન સંઘરે તો તો તેમના બુરા હાલ જ થાય. ત્રિશંકુની જેમ અધવચમાં જ તેઓ લટકતા રહે! "**ધોબીનો કુતરો ન ઘરનો, ન ઘાટનો.**" કોણ એવો હોય કે ઘડિયાળના લોલકની જેમ આમતેમ અથડાવાનું પસંદ કરે!

આર્યસમાજીઓનું શુદ્ધિ–પ્રકરણ નવું નથી. પહેલાં કહે-વાઇ ગયું તેમ જૈનસંપ્રદાયમાં જૈનાચાર્યો ઘણા જુના વખતથી શુદ્ધિ કરતા આવ્યા છે. અશુદ્ધને શુદ્ધ કરવો એ મહાત્માઓનો–પરોપકારી પુરૂષોનો ધર્મ છે. ઉન્માર્ગીને માર્ગ પર લાવવો એ મહાન્ શુભ કર્મ છે. વાત એટલી છે કે, તેમાં

બલાત્કાર કે જોર-જુલમ ન હોવાં જોઈએ. શુદ્ધ પરોપકારભાવ ઉપર જ શુદ્ધિનું મંડાણ હોવું જોઈએ. શાંતિમય ઉપદેશથી સ્હામાના હૃદયપર પ્રભાવ પાડવામાં જ શુદ્ધિનું વાસ્તવિક બીજ સમાયું છે. એ રીતે આકર્ષિત થએલાઓને તેમના હિતની ખાતર ' શુદ્ધિ ' કરતાં વ્યાવહારિક કે સાંસારિક સગવડો પણ તેમને પુરી પાડવી જ જોઇએ. ત્યારેજ નવા જૈનો બને ! કોરી વાતો કરવાથી, કે " સવિ જીવ કરૂં શાસનરસી " ના ખાલી રાગ અલાપવાથી, કે કેવળ વ્યાખ્યાનો ઝાડવાથી નવા જૈન નહિ થવાના. સમય સમયપર પૂર્વાચાર્યોએ ' શુદ્ધિ ' ન કરી હોત તો આજે જૈનસમાજની શી દશા હોત ?

ધર્મસંસ્થા ઉદારોના હાથમાં આવતાં તેનો પ્રસાર થાય છે, જ્યારે સાંકડા મનવાળાઓના હાથમાં આવતાં તેનું સર્કલ સંકોચાઇ જાય છે. વાણિયાઓ કે જૈનો જ્ઞાતિભેદનું જેટલું અભિમાન લે છે તેટલું ધર્મનું પ્રશસ્ત અભિમાન નથી લેતા. "અમે ઓસવાળ છીએ, અમે વીશા છીએ " એમ મગરૂરીની સાથે પોતાને ઓસવાળ કે વીશા જાહેર કરશે, જ્ઞાતિભેદ પરત્વે પોતાનું ગૌરવ બતાવશે, પણ "અમે જૈન છીએ" એવું ધર્મવિષયક આત્મસમ્માન બહુ ઓછા પ્રમાણમાં જોવાય છે. જેમ આખા રાષ્ટ્રમાં રાષ્ટ્રીય ભાવના ફેલાવાની જરૂર છે, તેમ અખિલ જૈનસમાજમાં દરેક જૈનની અંદર ' જૈન ' ભાવનાના પ્રચારની જરૂર છે. જ્ઞાતિભેદ તો તેમની દૃષ્ટિમાં તુચ્છ સમજાવો જોઈએ. તેઓએ પોતાને ' જૈન ' તરીકેજ જાહેર કરવામાં ખુશી માનવી જોઈએ. પોતાના નામ સાથે ' જૈન ' વિશેષણ લગાડવાની રીતિ દિગંબરોમાં કયાંક જોવાય છે,

પણ શ્વેતાંબરોમાં પ્રાયઃ નથી જોવાતી. ધ્યાનમાં રાખવું જોઇએ કે, જાતિભેદપરક વ્યવહારો એક–બીજાથી વિભક્તભાવનું દ્યોતન કરે છે, જ્યારે ધર્મ–સંગત 'જૈન' વ્યવહારથી પરસ્પર અવિભક્ત સંઘની વિશાળ ભાવના ખીલી ઉઠે છે.

* વસ્તુતઃ જાતિ કોઇ ખાસ વસ્તુ નથી. ભિન્ન ભિન્ન ગુણ-કર્મને અંગે જુદા જુદા વાડા બંધાવા એનું નામ જ જાતિ છે. એટલે એ જનતાની કલ્પનાનીજ વસ્તુ છે. એજ કારણ છે કે, જાતિબંધારણ કે વર્ણવ્યવસ્થામાં વખતો વખત ઘણા ઘણા ફેર-ફારો થતા રહે છે.પ્રાચીન સમયની અને હાલની વર્ણવ્યવસ્થા-માં કેટલું બધું અંતર છે એ ખાસ વિચારવા જેવું છે. પૂર્વ કાળમાં બ્રાહ્મણ–ક્ષત્રિય–વૈશ્ય–શુદ્રમાં એક–બીજા વચ્ચે અનુ–લોમ–પ્રતિલોમ લગ્ન થતાં હતાં. ત્યારે આજના સમયની સ્થિતિ કેટલી બદલાઇ ગઇ છે !

એકજ સમાજમાં, અમુક વિશેષતાઓને અંગે જે લોકોનું મંડળ જુદું પડે છે, તે કાળક્રમેણ પેટાવિભાગ ( ઉપ-જાતિ ) ના રૂપમાં ફેરવાઇ જાય છે. સગવડની ખાતર, યા અભિમાન–કષાયથી પ્રેરાઇ, અથવા અમુક કારણ–વિશેષને લીધે જેઓ પોતાનાં બંધારણ અલગ ઘડે છે, તેમનો એક જુદો વાડો બંધાઇ જાય છે. આ રીતે સમાજમાં પડેલા પેટા-

---

* " कम्मुणा बंभणो होइ, कम्मुणा होइ खत्तिओ ।
वइस्सो कम्मुणा होइ, सुद्दो हवइ कम्मुणा " ॥
( ઉત્તરાધ્યયન, અધ્યયન ૨૫ મામાં )

બ્રાહ્મણ કર્મથી થાય, ક્ષત્રિય કર્મથી થાય, વૈશ્ય કર્મથી થાય અને શુદ્ર કર્મથી થાય.

વિભાગો કંઇ પણ મહત્ત્વ રાખતા નથી. એટલે ડાહ્યાઓને મન તે બધા ઉપભેદો-અંતર્જાતિઓ તુચ્છ અને હેય છે. એ **ભેદ-પ્રભેદો ખરેખર સંઘશક્તિને કોરી ખાનારા ઝેરીલા કીડા છે.**

જૈનો પરસ્પર સાધર્મિક છે, એટલે તેઓમાં પરસ્પર * સગા ભાઇ જેવો સ્નેહ હોવો જોઇએ. સુતરાં, પેટાવિભાગો યા ઉપજાતિઓ રહેવીજ કેમ જોઇએ? વાસ્તવમાં 'જૈન' એક અવિભક્ત જાતિ છે. અર્હનના શાસન-તરૂ નીચે જેમનો વિસામો છે, તે બધાઓની એક જૈન જાતિ હોય. કન્યાની લેવડ-દેવડના વ્યવહાર માટે જ્ઞાતિભેદોના વાડા તોડી નાખી મેદાન વિશાળ બનાવવું જોઈએ. ન ભૂલવું જોઇએ કે એક ધર્મના અનુયાયીઓમાં જેટલા પેટાવિભાગો પડે છે, તેટલાજ તેમના જુદા જુદા ભાગલા પડી જાય છે, તેટલોજ તેમના એકીભાવમાં ધકકો પહોંચે છે, અને તેટલીજ નડતરો તેમનું સંગઠન થવામાં ઉભી થાય છે. નિઃસન્દેહ, સંગઠન-શક્તિના વિકાસ માટે અંતર્જાતીય ભેદોની દિવાલો ભયંકર અંતરાયરૂપ છે. સમાજબળની પુષ્ટિ માટે તે દિવાલોને તોડી પાડયેજ છુટકો છે. ત્યારેજ સામાજિક ઉત્થાનનો માર્ગ સરળ થવા સંભવ છે. અને એમાંજ જાતીય કલ્યાણનું મૂળ બીજ સમાયલું છે.

---

* " **अन्नन्नदेसजाया अन्नन्नाहारवड्ढियसरीरा ।**
**जिणसासणे पवन्ना सव्वे ते बंधवा भणिया " ॥**

બીજા-બીજા દેશોમાં જન્મેલા અને બીજા-બીજા ખોરાકથી પોષાયેલ શરીરવાળા, જિનશાસનમાં દાખલ થયા પછી બધા **ભાઇ** સમજવા.

( ૩ )

મહાવીરની ઐતિહાસિકતા આજે ભૂમંડળમાં કયા વિદ્વાન્‌ને સમજાવવી પડે તેમ છે ! તેમના જીવનની શ્રેષ્ઠતાથી દુનિયાનો કયો પ્રાચ્યતત્ત્વવેત્તા અપરિચિત છે ! તેમની તીર્થંકરતા એટલે ? વિશ્વ-કલ્યાણ માટે પ્રાદુર્ભૂત થયેલી એક મહાન્‌ તેજોમય વિભૂતિ. આ વિભૂતિ પ્રાણીમાત્રની અંદર મોજૂદ છે. સંસાર એની તિરોહિત દશાનુંજ નામ છે. એનાં તિરોભાવક આવરણોને ખસેડવામાંજ મહાવીરનું મહાવીરત્વ ગવાયું છે. સુમેરૂ મહીધરને હલાવ્યેથી આપણે તેમને ભગવાન નથી કહેતા ! ઈન્દ્ર-ચન્દ્ર-નાગેન્દ્રોએ તેમને ચામર ઢોળ્યા અને અસંખ્ય દેવતાઓએ મળી જોજનપ્રમાણ નાળચાવાળા હજારો-લાખો કળશોવડે તેમને ન્હવરાવ્યા, એથી આપણે તેમને ‘ પ્રભુ ’ નથી કહેતા. જુઓ ! શ્રીસમન્તભદ્રાચાર્ય મહારાજ શું વદે છે—

“ देवागम-नभोयान-चामरादिविभूतयः ।
मायाविष्वपि दृश्यन्ते नातस्त्वमसि नो महान् ” ॥

( આપ્ત-मीमांसा )

અર્થાત્—દેવતાઓનું આગમન, આકાશ-ગમન અને ચામરાદિ વિભૂતિઓ તો માયાવી-ઈન્દ્રજાળીયાઓમાં પણ જોવાય છે. એથી તું અમારો ‘ પ્રભુ ’ નથી.

લોકોત્તર ચમત્કારી વર્ણનો તો અન્ય-તીર્થેશ્વરોને અંગે

પણ વર્ણવાયાં છે; પણ તે વર્ણનોમાં જે તત્ત્વ સુધી વર્ણકોની દૃષ્ટિ નથી પહોંચી, તે તત્ત્વને સિદ્ધ કરવામાં જ મહાવીરની મહાવીરતા જળહળી ઉઠે છે. તે તત્ત્વ છે-**રાગ-દ્વેષ ઉપર સંપૂર્ણ વિજય.** એટલા જ માટે તેઓ "અરિહંત" કહેવાય છે. એટલાજ માટે તેઓ "જિન" તરીકે ઓળખાય છે. એમાંજ તેમની સાચી પ્રભુતા છે. પાંચ લાખ કે પાંચ કરોડને હંફાવવા કરતાં પાંચને હંફાવવાનું કામ બહુ વધારે દુષ્કર છે. એ પાંચ કોણ છે ? જાણો છો ? એ છે પાંચ ઇન્દ્રિયો. મનનો પરાજય થતાં યા મન સ્વાધીન થતાં સર્વ ઇન્દ્રિયો સ્વાયત્ત થઇ જાય છે, અને સર્વ દોષોને ખંખેરી શકાય છે. अप्पा जिए सव्वं जिअं એવું શ્રીમદ્ ઉત્તરાધ્યયન-સૂત્ર સ્પષ્ટ જાહેર કરે છે કે, આત્મા ઉપર-પોતાની જાત પર કાબૂ મેળવાતાં સર્વ જીતી શકાય છે. નિઃસન્દેહ—

"He alone is courageous, he alone is vigorous and learned, and he is the lord of ascetics, who gets mastery over his senses by curbing his mind."

અર્થાત—એજ ખરો ધીર છે, એજ ખરો વીર છે, એજ ખરો વિદ્વાન્ છે અને એજ ખરો મુનિવર છે, કે જેણે પોતાની મનોવૃત્તિઓને કાબૂમાં રાખી પોતાની ઇંદ્રિયો ઉપર પોતાની સત્તા જમાવી છે.

મહાવીરની વિચાર-દૃષ્ટિમાં સ્પષ્ટ ભાસ્યું હતું કે-આખા સંસારની બળતરાનું ઉદ્ગમ-સ્થાન કેવળ રાગદ્વેષજ છે. રાગ-

દ્વેષ જ એવા લુંટારા છે કે જેઓ તમામ બુરાઇ અને પાપોને પોતાની સાથે લઇને ફરે છે. ખરેખર, એ દારૂણુ પિશાચોના ભીષણુ ઉપદ્રવોથી આખું જગત્ રોઇ–કકળી રહ્યું છે. રાગ–દ્વેષની એ અનન્ત શક્તિ છે કે આત્મ–વિભૂતિ ઉપર છવાયલાં તમામ આવરણો ફક્ત એમના જ બળ પર ટકી રહ્યાં છે. દુઃખ અને અજ્ઞાનની અસલ જડ રાગ–દ્વેષ સિવાય બીજી એકકે નથી.

આ શોધને પરિણામે 'मूलं नास्ति कुतः शाखा' એ ન્યાય મુજબ રાગ–દ્વેષની જ સ્હામે યુદ્ધ માંડવાનો મહાવીરે નિશ્ચય કર્યો. રાજ–પાટ અને ભોગ–વિલાસને સર્વથા તિલાંજલિ આપી તેમણે ફકીરી ધારણુ કરી. જે રાક્ષસોના ભયંકર હુમલાઓ સ્હામે ભલભલા યોગીઓનાં પણુ હાંજાં ગગડી ગયાં છે, તે રાગ–દ્વેષનું નિકન્દન કરવા મહાવીરે પૂર્ણ બળથી તપઃ–સાધના શરૂ કરી.

આધ્યાત્મિક અભ્યાસમાં ઉત્તરોત્તર પ્રકર્ષ મેળવતાં બહારથી આવી પડતી અનર્ગલ કષ્ટ–પરમ્પરાને પણુ તે વીર પુરૂષે જે દૃઢતા અને સમતાથી સહન કરી છે, તેમાંજ તેમના આધ્યાત્મિક જીવનની ખૂબી સમાયલી છે.પ્રચંડ બળ અને અગાધ શક્તિ ધરાવવા છતાં પણુ રસ્તે ચાલતા કોઇ લોફર માણુસોના હાથના અવાર નવાર માર સહન કરી લેવા એમાં એ વીર આત્માનો કેટલો ઉંચો અભિપ્રાય હશે ! આટલી હદ સુધીની ક્ષમા ઉપરથી એ સ્પષ્ટ તરી આવે છે કે, એ વીર પુરૂષને પોતાની સર્વ શક્તિમાંનો

એક તિલમાત્ર પણ અંશ સ્વાર્થસાધન સિવાય અન્યત્ર વાપરવો એ ઈષ્ટ ન્હોતું. આત્મબળને પ્રગટાવવાની આ કેવી ધૂન ! ક્ષમાના અજબ અખતરા ! ગજબ સમાધિ !

રાગ-દ્વેષને હણી નાંખવા પાછળ એ વીરે ખાવું મૂકી દીધું, પીવું મૂકી દીધું અને ઉંઘવું પણ તદ્દન છોડી દીધું. એમના સમયના બીજા તપસ્વીઓ તો આ પ્રવાસમાં થાકી ગયા, પણ આ વીરની તો ધીરજ જરાય ન ખૂટી. બાર બાર વર્ષ આમ વીતી જતાં જ્યારે એ મહાત્માનું ધાર્યું પાર પડ્યું, ત્યારે તેમને નિરાંત વળી, અને પછી જંપ વાળી બેઠા.

રાગ-દ્વેષ વિખરાતાં આખું મોહનીય, અને સાથે જ તમામ આવરણો તથા અન્તરાયો તત્કાળ સુકાઇ જઇ વિખરાઇ જાય છે. આમ વીતરાગ દશાએ પહોંચી મહાવીર ' પ્રભુ ' બને છે. આ પ્રભુતા પૂર્ણબ્રહ્મ-સ્વરૂપિણી છે, અનન્તતેજોમયી છે અને અખંડ સચ્ચિદાનંદરૂપ છે. આ બધી જાજ્વલ્યમાન વિભૂતિઓ એ વીતરાગ-દશાની વિભૂતિઓ છે. આ સર્વ દેદીપ્યમાન ચૈતન્યપ્રકાશ એ વીતરાગ દશાનો પ્રકાશ છે.

વાંચનાર હવે સમજી ગયા હશે કે મહાવીર આપણા શા કારણે ' પ્રભુ ' છે. લોકોત્તર ચમત્કારકારી કાર્ય એક માત્ર રાગ-દ્વેષનો પરાજય કરવો એ છે. રાગ-દ્વેષના મહાસાગરને ઓળંગી ગયેલો, સંસારમાં સહુથી મ્હોટો વીર છે. એ વીરની આગળ દુનિયાના મ્હોટામાં મ્હોટા વીરો પણ પાણી ભરે છે. એવા વીરનાં ચરણોની રજ માનવલોકના ચક્રવર્તીઓ, સ્વર્ગના

સમ્રાટો અને પાતાલવાસી સરદારો, આખા સંસારના લીડરો અને સમગ્ર બ્રહ્માંડના નાયકો પોતાને માથે ચઢાવે છે. આ એ ' વીર ' ની વીતરાગ-દશાની પૂજા છે.

આપણે પણ એ પ્રભુને વીતરાગદશા મેળવવા માટે જ પૂજીએ છીએ. એ પ્રભુને આપણું નમન-વન્દન-પૂજન જો ઐહલૌકિક ફળ માટે હોય, અથવા સાંસારિક લાભ માટે હોય તોય ભક્તિનો પ્રભાવ એવો છે કે અન્તરાયોના પડદા ચીરાઈ જતાં અભીષ્ટ ફળ સાંપડે. કિન્તુ આવી મનોવૃત્તિ કનિષ્ઠ ગણાય. આપણે પ્રભુને વન્દન કરવા જઈએ છીએ એનો ખરો હેતુ આપણા દોષોનું પ્રક્ષાલન કરવાનો છે અને પ્રભુની ગુણરાશિનું ચિન્તન કરી તેમાંથી યથાશક્તિ ગુણગ્રહણ કરવા પ્રયાસ કરવાનો છે. પ્રભુ-દર્શનનો ઉદ્દેશ આપણી જીવનશુદ્ધિ કરવી યા આત્મશાન્તિ મેળવવી એ છે. રાગ-દ્વેષના ભયંકર ભડકાઓથી બળ્યા-જળ્યા આત્માઓને આત્મશાંતિ મેળવવાનું સાધન વીતરાગ-શરણ સિવાય બીજું એકકે નથી.

વીતરાગ પ્રભુની શાન્તમુદ્રાનું દર્શન તેના અનેક ગુણોનું આપણને સ્મરણ કરાવે છે, તેના પ્રત્યે ભક્તિ જગાડે છે, તેના શાસન-પંથે ચાલવા ઉત્સાહ પ્રગટાવે છે અને અન્તઃ-કરણમાં એક મહાન્ પવિત્ર આનંદ રેડે છે. પ્રભુની શાંત મુદ્રા નિહાળતાં આપણને અનેકાનેક ઉચ્ચ ભાવનાઓ સ્ફુરી આવે છે અને આપણા અધઃપતિત જીવન માટે આપણા હૃદયમાં ખેદ પણ ઉપજે છે.

આપણે દર્શન કરવા જઈએ છીએ ધ્યાનસ્થ વીતરાગની

શાન્ત આકૃતિનાં; આપણે સ્મરણ કરવા જઇએ છીએ તે પ્રભુના ઉચ્ચ ગુણોનાં; આપણે લેવા જઇએ છીએ તે પ્રભુના ચરણે તેમની ગુણ-વિભૂતિના થોડા ઘણા અંશો; આ તેમની દર્શનવિધિ છે. આ વિધિમાં તેમના પ્રશમાદિ, ક્ષમાદિ, વૈરાગ્યાદિ, ધૈર્યાદિ અને જ્ઞાનાદિ ગુણોનાં ચિન્તન-સ્મરણ-સ્તવન સમાયાં છે. તેમના આ ગુણોનાં ગાન-તાન અને ભજનોના નાદ અન્તર્નાદ પ્રગટાવી મનો-મળને ક્ષીણ કરે છે. પ્રભુની આ ઉપાસના આત્મ-પ્રસાદરૂપ પ્રસાદી મેળવવાનો ધોરી માર્ગ છે. સાચેજં, આપણે ભગવાનના માથાનો મુગટ જોવા નથી જતા; આપણે તેમની "લાખેણી" આંગીનાં દર્શન કરવા નથી જતા; આપણે તેમનાં ઘરેણાં કે દાગીના નિહાળવા નથી જતા. નિઃસંદેહ, એ આપણા દર્શનનો વિષય છે જ નહિ. ભગવાનને માથે મુગટ હોય, ચાહે ન હોય, આંગી કે અલંકારોની સજાવટ હોય, કે ન હોય, એની સાથે ઉપાસનાને કંઇયે મતલબ નથી, એ ઉપાસનાના વિષય નથી. ઉપાસકની ઉપાસનાનું સ્થાન એકમાત્ર પરમધ્યાનસ્થ ગુણતરંગિત શાંત આકૃતિ છે. એજ માત્ર આપણી ચિંતાનો વિષય છે; એજ માત્ર આપણું સ્મરણીય તત્ત્વ છે; એજ માત્ર આપણું ધ્યેય-આલંબન છે. ગાન-ભજન એની આત્મવિભૂતિનાં કરવાનાં છે. વસ્તુતઃ ઘરેણાં કે દાગીના વીતરાગ-મુદ્રા પર ન ઘટે. અસ્તુ.

વીરની જીવન-ચર્યા જેવી સામ્યપૂર્ણ હતી, તેવી તેની શાસનપદ્ધતિ પણ સામ્યપૂર્ણ છે. 'સ્યાદ્વાદ' નીતિનો આવિર્ભાવ એ તેના સામ્યવાદનું પરિણામ છે. તેની સામ્ય-દષ્ટિજ જ એ

'નીતિ'નું ઉદ્દગમસ્થાન છે. અખિલ જગત પ્રત્યે જેની સામ્યવૃત્તિ હોય અને જેના હૃદયપ્રદેશના પ્રત્યેક પરમાણુમાં વિશ્વકલ્યાણ-ની ભાવનાઓ ઠાંસી ઠાંસીને ભરેલી હોય, એ વીરપુરૂષની તત્ત્વ–પ્રરૂપણા એકદેશીય કે સંકુચિત હોય ખરી? એવા મહાન્ આત્માની તત્ત્વવિવેચનામાં સમગ્ર જગતનાં સત્યો ભરેલાં હોય. એવા મહાન્ આત્માનું પ્રવચન વિશ્વગામી, વિશ્વોપયોગી અને વિશ્વકલ્યાણ–સાધક હોય. આવા પ્રવચનમાં સ્યાદ્વાદદૃષ્ટિનું એકાધિપત્ય ન હોય એમ કેમ બને! આ 'દૃષ્ટિ' વગરના ન્યાય–સિદ્ધાન્તો બધા અધૂરા છે. શાસ્ત્રીય કે વ્યાવહારિક, લૌકિક કે પારલૌકિક દરેક જાતના કોયડાઓ ઉકેલવામાં આ '**નીતિ**' નો જબરદસ્ત હાથ છે આ 'નીતિ' કે 'દૃષ્ટિ' બરાબર સમજવામાં આવે તો હું છાતી ઠોકી કહી શકું છું કે, જૈન સમાજના ફિરકાઓના ઝઘડા તુરંત શાન્ત થઇ જાય. મૂર્ત્તિ–પૂજાની બાબતમાં જૈનફિરકાઓમાં જે કલહ–કોલાહલ પ્રચલિત છે, તે ખરેખર આ 'નીતિ' (સ્યાદ્વાદ–દૃષ્ટિ) ને નહિ સમજ્યાનુંજ પરિણામ છે. આ 'નીતિ' ખુલ્લં-ખુલ્લા જાહેર કરે છે કે–મૂર્ત્તિપૂજન ઉપયોગી પણ છે અને અનુપયોગી પણ છે.

માનસશાસ્ત્રની પદ્ધતિએ પણ સમજી શકાય તેમ છે, કે અભ્યાસકને પ્રાથમિક ભૂમિકાઓમાં મૂર્તિપૂજન લાભકારક છે. આપણી મનોદશા કેટલી ચંચળ અને વિચિત્ર છે એ આપણે સહુ જાણીએ છીએ. આ અવસ્થામાં રમણીનું રમણીય ચિત્ર જેમ અસર કરે છે, તેમ વીતરાગની શાન્ત મુદ્રા પણ અસર

ફરેજ, એ ન્યાયસિદ્ધ અને અનુભવસિદ્ધ બીના છે. ભાવુક મનુષ્યો પોતાના હૃદયમાં જુદી જુદી જાતની અસર ઉત્પન્ન કરવા ખાતર તેવી તેવી જાતની તસ્બીરો પોતાની બેઠકમાં નથી ગોઠવી રાખતા કે ? શૃંગાર રસમાં સજાયલી રમણી અને વીર-રસમાં તરબોળ થયેલ યોદ્ધાનાં ચિત્રો જેમ શૃંગાર અને વીર-રસની અસર ઉત્પન્ન કરે છે, તેમ ત્યાગ, તપસ્યા, સત્ય, અહિંસા અને સેવા-ધર્મથી જાજ્વલ્યમાન આત્માનું તાદૃશ ચિત્ર પણ આપણા હૃદય પર કેમ અસર ન કરે ! આવા યોગી પુરૂષનું ચિત્ર પ્રભાવોત્પાદક થાય છે તો પ્રશમરસનિમગ્ન, યોગીશ્વર, વીતરાગપ્રભુની ધ્યાન-મુદ્રા કાં આલ્હાદક ન થાય ? આપણે હજુ એવા બાળક છીએ કે રાંઢવું પકડયા વગર નીસરણી પર નથી ચઢી શકતા, એટલે મૂર્તિનું અવલંબન લેવું એ આપણા જેવાઓ માટે રાંઢવું પકડવા બરાબર છે. ક્રમમાં ક્રમ, વીતરાગ દેવની શાન્ત આકૃતિની સમ્મુખ ઉપસ્થિત થઇ તે પ્રભુની આત્મવિભૂતિનાં સ્મરણ-ભજન કરવાં એમાં તો કોઇ પણ ફિરકાનો વિચારક સજ્જન આપત્તિ ન બતાવી શકે. કેમકે એ ભાવપૂજા હોઈ એમાં આપત્તિ કરવાનું કારણ છે જ નહી.

આ થઇ મૂર્તિ-પૂજનની ઉપયોગિતા. હવે ગુણ-સ્થાનોના અભ્યાસક્રમમાં જ્યારે છઠ્ઠું ગુણસ્થાન ઓળંગી જઇએ, અથવા યોગાભ્યાસની ઉંચી કક્ષા ઉપર ચઢી જઇએ, ત્યારે મૂર્તિ-પૂજનની જરૂર રહેતી નથી. જે બાળક રાંઢવું પકડી નીસરણી ચઢતું હતું, તેની બાળદશા વીતી જવા પછી તેને નીસરણી ચઢતાં રાંઢવું પકડવું પડતું નથી.

આમ ઉપયોગિતાવાદની દિશા સમજવામાં આવે અને કોઇ પણ સિદ્ધાન્તનું દષ્ટિ—કોણ માનસશાસ્ત્રની પદ્ધતિથી વિચારવામાં આવે તો સાંપ્રદાયિક કલહો ઘણે ભાગે રફે—દફે થઇ જાય. મૂર્તિનિષેધકો અને મૂર્ત્તિપૂજકો એ બધાઓના ધાર્મિક જીવનનું લક્ષ્યબિન્દુ એકજ છે, અને તે જીવનશુદ્ધિ અથવા કષાયશાન્તિ છે. એને માટે ભાવિકો ભિન્નભિન્ન સાધનોને અવલંબે છે. તેમાં મૂર્તિપૂજન પણ એક આલંબન જ છે. એનું અવલંબન લેનારા શું ગેરવ્યાજબી કરે છે, એ કોઇ બતાવી આપશે કે? આ જ પ્રમાણે કષાયશાન્તિ માટે મૂર્તિપૂજન કરનાર, બીજા શબ્દોમાં મૂર્તિપૂજનદ્વારા કષાયશમનનો અભ્યાસ કરનાર, જો પારકી પંચાતમાં પડી મૂર્ત્તિપૂજા નહિ કરવાના કારણે બીજા સાથે વિરોધ જગવે તો તે મૂર્તિપૂજાથી મેળવવાનું ગુમાવી બેસે.

મહાવીરનું શાસન મુખ્યવૃત્ત્યા વીતરાગ—ધર્મને પ્રબોધે છે. મહાવીર ભગવાન્‌ના પ્રવચનમાં જ્યાં જોશો ત્યાં બધે ક્ષમા અને સમતાના વહેળા વહી રહ્યા છે. ખુદ મહાવીરે પોતાની સાધકદશામાં પણ અપૂર્વ સમતા અને અદ્ભુત ક્ષમા ધારણ કરી હતી, અને કરડવા તથા પૂજવા માટે પગે લાગનાર મહાવિષધર સર્પ અને બત્રીશ લાખ વિમાનોના સમ્રાટ્ સૌધર્મેન્દ્ર પર એક સરખી મનોવૃત્તિ રાખી હતી; તેમજ એક રાત્રિમાં અતિશય દારૂણ વીશ ઉપસર્ગો કરનાર 'સંગમ દેવ' ઉપર પણ તેમનું હૃદય એવું દયાર્દ્ર બની ગયું હતું કે તેમની આંખોમાં આંસુ આવી ગયાં હતાં! આવા ક્ષમાવીર, વર્ધમાનના વચનમાં ક્યાંય પણ કટુતાનો સંભવ હોઇ શકે ખરો! કોઇ પણ વિધર્મી

ઉપર તેણે કટાક્ષ કર્યો નથી, કોઇને પણ તરછોડયો નથી અને કોઇને કડવું વેણ કહ્યું નથી. એવા સમતાધારી, વીતરાગ દેવના ઉપાસકો આજે મૂર્તિપૂજાદિ બાબતોને અંગે અન્દર અન્દર લડી મરે એ કેટલું શોચનીય છે! મારે ખુલ્લંખુલ્લા કહી નાંખવું જોઇએ કે આવા ઝગડાઓ કરીને મહાવીરના ઉપાસકો મહાવીરના ધર્મને વગોવે છે અને મહાવીરના શાસનને હીણપ લગાડે છે. વાતમાં ભલીવાર નહિ, અને ફિજૂલ ઝગડા ઉભા કરી શાસનની દુર્ગતિ કરવી એ અવ્વલ દર્જાની મૂર્ખતા નહિ તો બીજું શું કહેવાય?

શ્વેતામ્બર-દિગમ્બરો આ વાતને સમજી જાય કે, વીતરાગ દેવ ન તો નગ્ન હોય છે, ન અનગ્ન હોય છે, કિન્તુ તેઓ નગ્નાનગ્ન હોય છે. નગ્ન એટલા માટે નથી કે તેમનું નગ્નત્વ દેખાતું નથી; અનગ્ન એટલા માટે નથી કે તેઓ વસ્તુતઃ નગ્ન હોય છે. આ વાત સમજાઇ જાય તો દિગમ્બરોને શ્વેતામ્બર-મૂર્તિ અને શ્વેતામ્બરોને દિગમ્બર-મૂર્ત્તિ અવન્દ્ય ન ઠરે. એટલે પછી, તીર્થોને અંગે એ બન્ને વર્ગોમાં જે ઝગડા-રગડા ફેલાયલા છે તે સત્વર નાબૂદ થઇ જઈ પરસ્પર સહાનુભૂતિના ભાવ જાગૃત થશે. એ બન્ને કોમોમાં વેર-ઝેર દૂર થઇ પરસ્પર ભ્રાતૃભાવનો સાચો ભાવ પ્રગટ થાય તો સંઘ-બળ કેટલું વધે! અને મહાવીરના શાસનની કેટલી ઉન્નતિ થાય! તે બન્ને વર્ગોમાંના ડાહ્યા સજ્જનો સમજી શકે તેમ છે કે શ્વેતામ્બર-દિગમ્બરોનો વિરોધ-ભાવ પ્રસરવામાં દુરાગ્રહ અને અજ્ઞાન સિવાય બીજું કંઇ કારણ નથી. તેઓ બન્ને અર્હન્

દેવના ઉપાસકો છે. તે બન્નેનું તત્ત્વજ્ઞાન એકજ છે. તે બન્ને પરિવારોમાં મ્હોટા મ્હોટા ગ્રન્થકારો અને તત્ત્વજ્ઞાનીઓ થયા છે. તે બન્નેનું સાહિત્ય સમૃદ્ધિ-શાલી છે. તે બન્નેના ધાર્મિક અને તાર્કિક ગ્રંથો મ્હોટા પ્રમાણમાં જબરદસ્ત અને કિમ્મતી છે. સુતરાં, તે બન્નેનો મનોમળ ક્ષીણ થઇ જઇ પરસ્પર મેળ થવાની પરમ આવશ્યકતા છે. જે દહાડે, ઘણા લાંબા કાળથી વિખૂટા પડેલા એ બન્ને સગા ભાઈઓ એક-બીજાને હૃદયના ઉમળકા સાથે ભેટશે અને અજ્ઞાનમૂલક ઝગડા-રગડા વધાર્યા બદલ આંસુઓ રેડી પાપનાં પ્રાયશ્ચિત્ત કરશે તે દહાડે જૈનશાસનનો સુવર્ણ-યુગ શરૂ થશે.

મત-ભેદો તો દિગમ્બર-શ્વેતામ્બરોની વચ્ચે છે, તેમ શ્વેતામ્બરોમાં અન્દર અન્દર નથી કે ? દિગમ્બરોમાં પણ અન્દર અન્દર નથી કે ? પણ એ મતભેદો ઉપર સહિષ્ણુતા રાખવીજ રહી. મતભેદને વિરોધનું રૂપ અપાય તો એક ઘરમાં બે ભાઈઓ પણ ભેગા ન રહી શકે. "માથાં એટલા મત" હોઇ આખા જગત્માં ઉથલ-પાથલ મચી જાય.

કેવલિકવલાહારાદિ જેવા પ્રશ્નોને તાણી-ખેંચીને મહત્ત્વ આપવાનું કંઇ કારણ ? આહાર કરવો છે કેવલીને, એઓ આહાર કરે, ચાહે ન કરે, એમાં આપણે પક્ષ-દુર્મોહને વશ થઇ સિર-પચ્ચી કરવાની કંઇ જરૂર ? અલબત, સ્ત્રીમુક્તિનો પ્રશ્ન મહત્ત્વપૂર્ણ ખરો. દીર્ઘદષ્ટિથી વિચાર કરતાં જણાશે કે, સ્ત્રી-શૂદ્રોના સ્વમાનના હક્ક છીનવી લઇ તેમને હલકી પાયરીએ ધકેલી દેનાર હિન્દુઓ સ્હામે મહાવીરે અવાજ ઉઠાવ્યો હતો કે, આત્મકલ્યાણના ક્ષેત્રમાં મનુષ્યમાત્રનો સમાન અધિકાર છે. જેટલું આત્મકલ્યાણ બ્રાહ્મણ કે વાણિઓ કરી શકે છે, તેટલુંજ

ચમાર કે ચાંડાળ પણ કરી શકે છે. મનુષ્યમાત્રને માટે મુક્તિનું દ્વાર ખુલ્લું છે. જેમ પુરૂષો જ્ઞાન-દર્શન-ચારિત્રની પરાકાષ્ઠાએ પહોંચી શકે છે, અને પૂર્વ-જ્ઞાન, શ્રેણિ તથા શુકલધ્યાનના અન્તિમ શિખરે જઇ ચઢે છે, તેમ સ્ત્રીઓ પણ તે કાષ્ઠાએ અને તે શિખર સુધી પહોંચી શકે છે. સર્વ કર્મજાળથી મુકત થઇ કૈવલ્ય-દશાએ પહોંચવું એ એક પુરૂષજાતિનેજ માટે 'રજીષ્ટર' નથી થયું, સ્ત્રી-જાતિ પણ તે દશાએ પહોંચી શકે છે.

મહાવીરનો આ અવાજ કેટલો મહત્ત્વપૂર્ણ છે એ જરા શાંત ચિત્તે વિચારવાની જરૂર છે. આ અવાજે તત્કાલીન હિન્દુ સમાજમાં મ્હોટો ખળભળાટ મચાવી મૂકયો હતો. આ અવાજે તત્કાલીન **ગુરૂડમ-વાદના-પાખંડને** હચમચાવી નાંખ્યું હતું. મહાવીરની આ સામ્ય-ઘોષણાએ વૈષમ્યવાદની વિષમ જંજીરો તોડી દઇ મનુષ્યમાત્રને પોતાના માનુષિક હકકોનું ભાન કરાવ્યું છે. મહાવીરનો કર્મયોગ તત્કાલીન પ્રજામાં છવાયલાં અન્ધશ્રદ્ધા, ક્રિયાજડતા, જાત્યભિમાન, વિષમભાવ અને ધર્મ-પાખંડનાં દુઃખમય વાદળોને વિખેરી નાંખવામાં વિજયવંત નિવડયો છે. આ અન્ધાધુન્ધીને ઉડાવી દેવામાં મહાવીરના શાસનની વિશિષ્ટતા છે. મહાવીરના શાસનની આ અદ્દભુત ઉદારતા છે. આ ઉદારતા મહાવીર-પ્રવચનનો સર્વોત્તમ શૃંગાર છે. વીર-શાસનનો સર્વાતિશાયી મહિમા આ વિશાળ ભાવનાને આભારી છે. મહાવીર જેવા ઉદાર આત્માનું શાસન પણ ઉદાર જ હોય એમાં કહેવું જ શું ? ખરેખર મહાવીરના સામ્યવાદે જગતના ધાર્મિક

ઇતિહાસમાં એક અનેરૂં તત્ત્વ ઉમેર્યું છે. જે સમદર્શી, વાડાબન્ધીનાં પાખંડો તોડવા માટે જન્મ્યો હોય તેના હાથે નવો વાડો બંધાય જ કેમ? જે આત્મદર્શી આત્મતત્ત્વનો પ્રકાશ કરવા પ્રગટ થયો હોય તેની દષ્ટિમાં ઉંચ–નીચના ભેદ હોય શાના? જે ગુણપૂજક ગુણપૂજાનો પાઠ ભણાવવા અવતર્યો હોય તેની મોક્ષદીક્ષામાં શૂદ્રો કે સ્ત્રીઓને બહિષ્કાર હોય જ કેમ? મહાવીરની આ વિશિષ્ટ ઉદારતાને અંગે તેનું શાસન સહુથી એક નિરાળી રીતે ઝગમગે છે. વીર–શાસનની આ પ્રભુતા કોઇ સમજે!

વસ્તુસ્થિતિ આમ છતાં પણ નારી–નિર્વાણને અંગે ખેંચાતાણ કરી કલહ–કોલાહલ તો નજ કરીએ. અત્યારે જ્યારે પુરૂષને પણ મોક્ષ નથી, તો પછી નારી–મોક્ષ વિષે તકરાર ચલાવવી ફિજૂલ ગણાય. દરેક સ્ત્રીએ કે પુરૂષે મોક્ષલાભ માં ભરસક પ્રયત્ન કરવો અને મોક્ષ–દ્વાર લગી પહોંચી જવું. પછી જ્યારે મોક્ષનું બારણું ઉઘડે કે તરત બધાયે ઝડપ દઇ અન્દર ઘૂસી જવું. તે વખતે જો કદાચ સ્ત્રીઓને અન્દર પેસવા દેવામાં ન આવે તો પછી સ્ત્રીઓએ 'પુરૂષ' બનવા કોશિશ કરી મોક્ષ મેળવવો!

આવા મતભેદોને કલહનું રૂપ આપવાનું મૂકી દઇ મહાવીરના તમામ અનુયાયીઓએ પોતાનું સંયુકત બળ વધારવાની જરૂર છે. પરમાત્માના પવિત્ર શાસનમાં અનેક ફાંટાઓ પાડી આપણે ઘણું લડયા, ઘણું ઝગડયા, અને એને પરિણામે આજે

શાસનની નૌકા ખરાબે ચઢી ગઇ છે. વીરના ભકતોની આ વીર–ભકિત ! મહાવીરના ઉપાસકોની આ શાસન–સેવા ! ખરેખર અજ્ઞાનનાં પડળ આપણને ઉંધે રસ્તે દોરી રહ્યાં છે અને દિવસે દિવસે આપણે આપણી છિન્ન–ભિન્ન દશા વધારતા જઇએ છીએ. સમાજ સડી રહ્યો છે અને શાસન નિસ્તેજ થતું ચાલ્યું છે. આ શોચનીય દશા પર વીર–ભકતો જરા ધ્યાન આપશે કે ? ફિરકાઓના ઝગડા, ગચ્છોના ઝગડા, નાત–જાતના ઝગડા, ધર્મસ્થાનોના ઝગડા, તીર્થોના ઝગડા, સાધુઓના ઝગડા, સાધ્વીઓના ઝગડા, શ્રાવકોના ઝગડા, સંઘના ઝઘડા એમ જૈનશાસનના ગગનાંગણમાં સર્વત્ર કલહ–કંકાસનાં, કુસંપનાં, વેર–ઝેરનાં, ઇર્ષ્યા–દ્વેષ અને અદેખાઇનાં ઘનઘોર વાદળ છવાઇ રહ્યાં છે. પૈસે–ટકે સમાજ ઘસાતો જાય છે. ગરીબાઇનો ત્રાસ જૈનોને ખુવાર કરતો જાય છે. બળમાં, બુદ્ધિમાં અને લાગવગમાં જૈનો પછાત પડી ગયા છે. વિદ્યા અને બળનો પ્રચાર કરવા તરફ જૈન સરદારોનાં આંખમીચામણાં છે. પરિણામ એ આવે છે કે વર્ષ–દહાડે જૈન કોમમાંથી સાત–આઠ હજારનો ઘાણ વળતો જાય છે. જ્યારે નવા જૈનનો ઉમેરો તો આકાશમાં ! જે સમાજ નાતજાતના અનેક ટુકડાઓમાં વ્હેંચાઇ ગયો હોય, બળ તથા કૌવત ગુમાવી નબળાઇનો ભોગ થઇ પડયો હોય અને કુસંપની ભડભડતી આગમાં ખદખદી રહ્યો હોય તે સમાજનું ભવિષ્ય કેવું કલ્પવું ? ઉફ ! નજર ઉઘાડીને જોવાની પણ કયાં નવરાશ છે કે સમાજનાં ગાડાં કયાં હંકાઇ રહ્યાં છે ! ઓ ! શાસન-દેવ ! **વિનાશના પંથે જતાં સમાજને બચાવ !**

( ૪ )

આંખ ખોલી જરા જુઓ ! દુનિયા કયાં દોડ લગાવી રહી છે. કાન દઇ જરા સાંભળો ! યુગ-ધર્મનો દુંદુભિ-નાદ શું કહી રહ્યો છે ! જે જે સડાઓથી સમાજ-કલેવર સડતું જાય છે તેની તપાસ કરો ! તેવા સડાઓને ઉખેડી ફેંકી દેવા કમર કસો !

ધ્યાનમાં રાખજો કે આ " ઘોડ-દોડ " ના જમાનામાં તમે લોકો જો દુબળા સાબિત થયા, તો સમય આવતાં બળવાન્ અસુરો તમને આખા ને આખા હડપ કરી જશે. તે વખતે તમારાં મંદિરોનું શું પૂછવું ! આજની સમય-ઘોષણા " બળીયાના બે ભાગ "ની આગાહી આપી રહી છે. તમારે જીવવું હોય-કીડાની જેમ નહિ, પણ મરદની જેમ-તો તમારા સમાજમાં યોદ્ધાઓ અને બોદ્ધાઓની પલટન ઉભી કરવા પ્રયત્ન ઉઠાવો ! તમારી કોમ " સુડદાલ " છે, તમે " માયકાંગલા " છો એવાં તમારે માથે ચોટેલાં કાળાં ટીલાં ભૂંસી નાંખવા બહાર આવો ! વિદ્યાનો ફેલાવો કરી તમારા પવિત્ર ધર્મને વગોવનારાઓનાં મ્હોઢાં બંધ કરી દો !

તમારા બહાદૂર વીરોના વીર-નાદોથી આખો દેશ ગાજી ઉઠવો જોઇએ. તમારી બલવાન્ પલ્ટનનાં બાહુ-બળ અને શસ્ત્ર-કૌશલથી તમારા પર લાગેલું ડરપોકપણાનું મ્હેણું ધોવાઇ જવું જોઇએ. સાચે જ, કોરા ' વાણીયા ' કે ' બનિયા '

રહેવાનો આ વખત નથી. મહાવીર દેવની પરંપરામાં આવેલા તમે પોતાને 'વીર-સંતાન' જાહેર કરો! અને તમારી ઓલાદને "ક્ષત્રિયાઃ શસ્ત્રપાણયઃ"ના વીર-પાઠ ભણાવો! ખૂબ સમજી રાખો કે આ રાજનીતિક અને મજહબી કટોકટીના દારૂણ સમયમાં બુદ્ધિ અને શક્તિ, વિદ્યા અને વીરતા ખીલવ્યા વગર હર્ગિજ નહિ ચાલે. જે સમાજમાં સમયજ્ઞાન, કર્ત્તવ્યશિક્ષા અને શૌર્યની તાલીમ નહીં આપવામાં આવે તે સમાજને સહુથી નીચે તળીયે બેસવાનો વખત આવશે.

અન્દર અન્દરનાં તમારાં વેર-ઝેરથી, ઘર-ઘરના તમારા ઝગડા-રગડાથી, તમારામાં સાચો સાધર્મિક-વાત્સલ્યભાવ ઝાંખો પડી જવાથી, તમારામાં સંગઠન-શક્તિ ન હોવાથી અને તમારી નાતજાતના હાનિકારક રીત-રિવાજોથી તમારો સમાજ કેવો ખુવાર થતો જાય છે, તમારી વસ્તી-સંખ્યાનો કેટલો વિનાશ થઇ રહ્યો છે, એની તમને કંઇ ખબર છે કે? તમારૂં તત્ત્વજ્ઞાન ઉંચું છે, તમારા સિદ્ધાંતો મહત્ત્વશાલી છે અને તમારી સાહિત્ય-સમૃદ્ધિ શ્રેષ્ઠ છે, દેશના વેપાર-ધંધાઓમાં પણ તમારૂં સ્થાન ઉંચું છે, આમ દરેક રીતે તમે સાધનસમ્પન્ન છો, છતાં પણ તમારા સમાજની કેવી અધોગતિ થઇ રહી છે, એ તમારી સમજમાં કંઇ આવે છે કે? સમાજની વધતી જતી દુર્દશા માટે તમારા દિલમાં ખરેખર જો દર્દ ઉત્પન્ન થતું હોય તો કોઇના પણ પક્ષઘાતરૂપ પક્ષપાતમાં ન આવો! અને હિમ્મતપૂર્વક વિનાશકારક પદ્ધતિથી અલગ થઈ જાઓ! દ્વેષ-દાવાનળની લ્હાય સમાજમાં જે

ફેલાયેલી છે તેના ઝપાટામાં ન આવતાં, તેનાથી ન ડરતાં અને તેને વધારવાની ચેષ્ટા પણ ન કરતાં, મહાવીરને નામે, જૈનશાસનને નામે, સમાજના કલ્યાણ ઉપર દૃષ્ટિબિન્દુ રાખી, તેના હિતની ખાતર શક્તિભર પ્રયત્ન કરતા આગળ વધો !

શાન્તવૃત્તિથી વિચાર કરવાની જરૂર છે કે, મ્હોટાં મ્હોટાં દેરાસરો, મ્હોટા મ્હોટા મુગટો, તથા સંઘ, ઉજમણાં વગેરેની પાછળ જેટલો ખર્ચ કરાય છે, તેટલો સમાજ–સુધારાની દિશા તરફ કરાય છે ખરો ? મિત્રો ! તમને નથી લાગતું કે દુનિયાની બીજી કોમો પોતાના સમાજને આગળ ધપાવવા મહાન્ પ્રયત્નો સેવી રહી છે, ત્યારે જૈનો એ દિશા તરફ બહુ ઓછું ધ્યાન આપે છે ? આ બેદરકારી સમાજની પડતી દશાનું કારણ નથી શું ? દેરાસર, સંઘ, ઉજમણાં વગેરે તરફ જે ધનનો વહેળો વહે છે તે સમાજપુષ્ટિનાં કાર્યો તરફ વળે તેમાં કંઇ હરકત ખરી ? અને એમ કરવું એ સમાજ–ક્ષેત્રના વિકાસ માટે બહુ જરૂરનું છે એ વાત તમારે ગળે ઉતરે છે વારૂ !

સમાજ કેવી રૂગ્ણ દશામાં છે એનો ખ્યાલ તમને આવે છે કે ? સમાજની રૂગ્ણ દશા વધતી ચાલી, તો દહેરાં વગેરેનો લાભ તે લઇ શકવાનો કે ? સમાજની રુગ્ણ દશા વધતાં 'દેરાસર' વગેરે સંસ્થાઓની શી દશા થાય એની તમને કંઇ ગમ પડે છે ?

મારા નમ્ર મત પ્રમાણે આજે સમાજ ઉન્નતિ પર હોય એવું એકકે ચિન્હ દેખાતું નથી. બલ્કે વિનાશના પંથે તેની વેગભરી ગતિ થઇ રહી હોય એમ જોવામાં આવે છે. તેની

બીમારી પારખવાની જરૂર છે. લગ્નાદિક પ્રસંગે તથા દેહરાં, સંઘ, ઉજમણું વગેરેની પાછળ થતા અઢળક ખર્ચોને ઓછા કરી તે ધન-રાશિ સમાજની રોગ-ચિકિત્સામાં લગાવવાની આવશ્યકતા છે. એ દ્રવ્યરાશિની બચત એટલી બધી મ્હોટી છે કે એ દ્વારા એક કે બે વર્ષમાંજ મ્હોટી "જૈન યુનિવર્સિટી' ઉભી કરી શકાય. એ ધન-રાશિને સમાજ-સુધાર તરફ ફેરવતાં સારાં સારાં ગુરૂકુલો, વિદ્યાપીઠો, કોલેજો, બ્રહ્મચર્યાશ્રમો, કન્યા-વિદ્યાલયો, હોસ્પીટલો, ઉદ્યોગશાળાઓ વગેરે સંસ્થાઓ ખોલી શકાય. એ વસુ-ધારાથી ગરીબ બન્ધુઓને ગરીબાઇના પંજા-માંથી છોડાવી શકાય. આ રીતે સમાજમાં ઉત્તમ વિદ્વાનો તથા જબરદસ્ત બલવાનોનાં મંડળ ઉત્પન્ન કરી શકાય; આ રીતે વિદ્વાનોદ્વારા જૈન સાહિત્યનો ઉદ્ધાર, વિકાસ અને પ્રસાર કરી દેશ-વિદેશના મ્હોટા મ્હોટા સ્કોલરોનાં માથાં ધુણાવી શકાય; આ રીતે આર્યસમાજીઓ તથા ઇસાઇઓની જેમ, ભિન્ન ભિન્ન લોકભાષાઓમાં જૈનધર્મનાં તત્ત્વો અને ઉપદેશોનાં ન્હાનાં-મ્હોટાં પુસ્તકો દુનિયામાં ફેલાવી અર્હત્પ્રવચનનો પ્રચાર કરી શકાય; આ રીતે ઉપદેશકો અને વ્યાખ્યાતાઓ દ્વારા જૈનશાસનનો ચોમેર મહિમા ફેલાવવાની સાથે નવા જૈનો પણ સંખ્યાબંધ વધારી શકાય; આ રીતે બલવાનોદ્વારા તમારાં તીર્થ, ધર્મ કે સમાજ પર હુમલો લઇ આવનારાઓને પણ સીધા કરી શકાય. અને ટુંકમાં, આ રીતે ભાવી સમાજને એવો ઉત્પન્ન કરી શકાય, કે જેમાંથી મ્હોટા શક્તિશાળી યુગ-પ્રધાનો ઉત્પન્ન થઇ, આખા ભુમંડળ ઉપર "જિનશાસન" નો વિજયવાવટો ફરકાવવા સમર્થ થાય.

## ઉપસંહાર.

હવે અન્તમાં સમ્પૂર્ણ લેખનો સારાંશ, નીચેનાં પદ્યોમાં રજુ કરતાં આ મારા લઘુ નિબન્ધને સમાપ્ત કરીશ કે—

इस फूट ने ही हम सभी को शक्तिहीन बना दिया,
इस फूट ने ही जातियों को छिन्न–भिन्न बना दिया।
इस फूट ने ही धर्म को भी ग्लानिपूर्ण बना दिया,
इस फूट ने ही देश को भी नष्ट–भ्रष्ट बना दिया॥

इस फूट का सिर फोड कर अब ऐक्य करना चाहिए,
सब गच्छवालों को परस्पर मेल रखना चाहिए।
विद्या तथा बल का प्रचारण–कार्य करना चाहिए,
इस मार्ग से जिन–धर्म का उद्धार करना चाहिए॥

ॐ शान्तिः ! ! !